# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'ઓવરવર્કને કમિટમેન્ટ ન સમજો': દીપિકા પાદુકોણનો કામના કલાકો પર વાર



પેજ-09

ભારતીય ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ મેચમાંથી ઈજાગ્રસ્ત થઈ બહાર!




હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 15.00 |
| સુરત | 30.00 | 18.00 |


પેજ 5



ભારત કેનેડા મુક્ત વેપાર કરાર ફરી શરૂ કરવા તમામ સંભાવનાઓ ખુલ્લી


16 NOVEMBER-2025 SUNDAY


વિદેશ મંત્રી એસ. જયશંકરનું અમેરિકા મિશન, કોન્સ્યુલ જનરલ્સ...



પેજ 10


.....સુવિચાર.....

અમુક માણસો સંબંધ છોડી દેશે પણ પોતાની ખોટી જિંદ ક્યારેય નહીં છોડે


વર્ષ-15 । અંક-005 । વિક્રમ સંવત-2082 । કારતક વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# બિહારમાં ચૂંટણી હારતા લાલુ પરિવારમાં તિરાડ



## લાલુને કિડની આપનારી દીકરી રોહિણીએ પરિવાર સાથે સંબંધ તોડ્યો, રાજકારણમાંથી સંન્યાસ લીધો; કહ્યું- 'બધો દોષ મારો છે'

## તેજ પ્રતાપ યાદવનો પણ પરિવાર વિરુદ્ધ બળવો

(એજન્સી) પટના | તા.15

બિહાર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, લાલુ પરિવારમાં મોટા ભાગલા પડ્યા છે. રોહિણી આચાર્યએ શનિવારે X પર પોસ્ટ કરીને લખ્યું, 'હું રાજકારણ છોડી રહી છું અને મારા પરિવાર સાથેના સંબંધો તોડી રહી છું. સંજય યાદવ અને રમીઝે મને આ કરવા કહ્યું, અને હું બધો દોષ લઈ રહી છું.' RJDએ 2020માં 75 બેઠકો જીતી હતી, જે 2025માં ફક્ત 25 બેઠકો પર સમેટાઈ ગઈ છે. તેજ પ્રતાપ આ ચૂંટણીમાં લગભગ 50,000 મતોથી હારી ગયા. લાંબા સંઘર્ષ પછી, તેજસ્વી પોતાની બેઠક જાળવી રાખવામાં સફળ રહ્યા. પરિણામો બાદ, લાલુ પરિવારમાં આરજેડી સાંસદ સંજય યાદવને લઈને સંઘર્ષ વધી ગયો છે. ગઈકાલે, તેજ પ્રતાપ સિંહે પણ લખ્યું હતું કે, 'જયચંદે આરજેડીને ખોખલી કરી દીધી છે.' આ પહેલા રોહિણીએ સોશિયલ મીડિયા પર પાર્ટીના બધા સભ્યો અને પરિવારને અનફોલો કરી દીધા હતા.

### સંજયની વધતી જતી શક્તિથી નારાજ



લાલુ યાદવે તેજસ્વી યાદવને છૂટ આપી હોવાનું કહેવાય છે. તેજસ્વીના સંપૂર્ણ સત્તામાં પ્રવેશ પછી, તેમના નજીકના સાથી સંજય યાદવનો પ્રભાવ પણ વધ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેજસ્વી શું કરશે, કોની સાથે વાત કરશે, તેમની રણનીતિ શું હશે તે સંજય યાદવ નક્કી કરે છે. રોહિણીએ આડકતરી રીતે સંજય પર નિશાન સાધ્યું છે. જોકે, તેજ પ્રતાપ યાદવે પહેલા પણ ખુલ્લેઆમ તેમની ટીકા કરી છે. આજકાલ, તેજ પ્રતાપ તેમને 'જયચંદ' કહે છે.

## સુરત એરપોર્ટ પર ગમછો લહેરાવી PMનું સ્વાગત કરાયું, 9700 કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરાયો

# દેશમાં 6 દાયકાઓ સુધી રાજ કરનારી કોંગ્રેસે આદિવાસીઓની અવગણના કરી : PM મોદી

(એજન્સી) સુરત | તા.15

PM મોદી આજે નર્મદાના ડેડિયાપાડાની મુલાકાતે પહોંચ્યા હતા અને ત્યાં તેમની ભવ્ય જાહેરસભા યોજાઈ હતી. સભા પહેલા PM નરેન્દ્ર મોદીનો રોડ શો પણ યોજાયો હતો જેમાં આદિવાસી સમુદાયના લોકોએ પંરપરાગત નૃત્ય અને સંસ્કૃતિથી પીએમનું અભિવાદન કરી સ્વાગત કર્યું હતું. જાહેરસભામાં PMને આવકારવા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. PM મોદીએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિતે કાર્યક્રમ યોજાયો હતો જ્યાં પીએમ પહોંચ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાને જય જૌહરનો નાદ કરીને સંબોધન શરુ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે આમ તો મારી તમારી પાસે આવવું હોય તો ગુજરાતીમાં બોલવું પડે પણ આ કાર્યક્રમમાં સમગ્ર દેશના લોકો જોડાયા છે જેથી હું હિન્દીમાં વાત કરીશ. તેમણે કહ્યું કે મા નર્મદાની ધરતી ઐતિહાસીક ઘટનાની સાક્ષી બની છે. હું ભગવાન બિરસા મુંડાને પ્રણામ કરું છું. મને દેવમોગરામાં માતાજીના દર્શન કરવાનો લ્હાવો મળ્યો. એક દસકામાં ઘણા ધાર્મિક સ્થળોનો વિકાસ થયો છે. 2003માં હું મુખ્યમંત્રી તરીકે ડેડીયાપાડા આવ્યો હતો ત્યારે માતાજીના દર્શન કરવા ગયો હતો. તે વખતે નાનુ મંદિર હતું. આ સ્થાનનો આજે વિકાસ થયો છે. આ ઘણા પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ થયો છે

**PMને આવકારવા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા**



### 9700 કરોડથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા

સભામાં પીએમ મોદીએ 9700 કરોડથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા અને તેમણે 250 નવીન બસોને લીલીઝંડી આપી હતી. તેમણે જનજાતિ ઉત્કર્ષ અભિયાન હેઠળના મકાનોમાં પ્રવેશ કરાવ્યો હતો.

### કોંગ્રેસે આદિવાસીઓની ઉપેક્ષા કરી

આ અવસરને કરોડો આદિવાસી ભાઈ-બહેનો સાથે થયેલા અન્યાયને યાદ કરવાનો દિવસ ગણાવતા જણાવાયું કે, 'દેશમાં છ દાયકા સુધી રાજ કરનારી કોંગ્રેસે આદિવાસીઓને તેમના હાલ પર છોડી દીધા હતા. આદિવાસી કલ્યાણ ભાજપની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે.' એક સંકલ્પ લેવા પર ભાર મૂકવામાં આવ્યો કે, 'આપણે હંમેશા આ સંકલ્પ લઈને ચાલીએ કે આપણે આદિવાસીઓ સાથે થઈ રહેલા અન્યાયને સમાપ્ત કરીશું, તેમના સુધી વિકાસનો લાભ પહોંચાડીશું.'

### 2014 પહેલા કોઇ ભગવાન બિરસા મુંડાને યાદ કરતું ન હતું

તેમણે કહ્યું કે દેશભરના આદિવાસી સમાજે અનેક ક્રાંતિ માટે પોતાનું લોહી વહેવડાવ્યું છે. ગુજરાતમાં પણ જનજાતિય સમાજના અનેક વીરો છે. પાલ ચિતરીયામાં અનેક આદિવાસીઓએ બલિદાન આપ્યા હતા. સ્વતંત્રતા સંગ્રામમાં ટ્રાઈબલ સમાજનું યોગદાન ભુલી શકાય તેમ નથી. આઝાદીનો શ્રેય કેટલાક પરિવારોને આપવાના મોહમાં આદિવાસીઓની ત્યાગ તપસ્યા બલિદાનને નકારી દેવાયું હતું. 2014 પહેલા કોઈ ભગવાન બિરસા મુંડાને યાદ કરતું ન હતું.

### ભાજપ માટે આદિવાસી સમાજ હંમેશા પ્રાથમિક્તા રહ્યો

દેશમાં 6 દાયકા રાજ કરનારી કોંગ્રેસે તેમની હાલત પર છોડી દીધા હતા. સ્વાસ્થ્ય, સુરક્ષા, શિક્ષણ, કનેક્ટિવીટી જેવા અભાવ હતા અને તે આદિવાસી વિસ્તારોની ઓળખ બન્યા હતા. કોંગ્રેસ સરકારે કંઈ જ કર્યું નથી. ભાજપ માટે આદિવાસી સમાજ હંમેશા પ્રાથમિક્તા રહ્યો છે. પહેલીવાર અટલબિહારી વાજપેયી સરકાર બની ત્યારે દેશમાં પહેલી વાર જનજાતિય સમાજ માટે અલગ મંત્રાલય બનાવાયું હતું

## યુપીના સોનભદ્રમાં પથ્થર ખનન દરમિયાન મોટી દુર્ઘટના

# અનેક શ્રમિકો દટાયાની આશંકા

(એજન્સી) સોનભદ્ર | તા.15

ઉત્તર પ્રદેશના સોનભદ્રમાં ઓબરા વિસ્તારમાં શનિવારે પથ્થર ખનન દરમિયાન મોટી દુર્ઘટના બની હોવાના અહેવાલ સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, અહીં ભૂસ્ખલન થતાં સોનભદ્રના ઓબરા વિસ્તારમાં પથ્થરની ખાણ ધસી પડી હતી. આ દરમિયાન ખાણમાં પથ્થર ખનનની કામગીરી કરતા અનેક શ્રમિક અને એક કમ્પ્રેસર ઓપરેટર કાટમાળમાં દટાયાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ઘટનાની જાણકારી મળતા જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને બચાવ અને રાહત કામગીરી શરૂ કરી છે.

### 18 શ્રમિક કામ કરતા હોવાની આશંકા

પ્રારંભિક માહિતી મુજબ, ખાણમાં લગભગ 18 જેટલા શ્રમિક કામ કરી રહ્યા હતા. આ દરમિયાન કમ્પ્રેશન મશીનથી ડ્રિલિંગ કરતી વખતે અચાનક ખાણનો એક ભાગ તૂટી પડતા બધા શ્રમિક કાટમાળ નીચે દટાયા છે. એક અધિકારીના જણાવ્યા મુજબ, હાલ ઘટનાસ્થળ પર પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરાઈ છે. NDRF અને SDRF ની ટીમ પણ રવાના કરાઈ.

### દુર્ઘટનાના કારણોની તપાસ કરાશે

સોનભદ્ર પોલીસે આ દુર્ઘટના અંગે માહિતી આપતા કહ્યું કે, 'ખાણમાં કેટલાક લોકો દટાયા હોવાની આશંકા છે. પોલીસ અને તમામ એજન્સીઓએ સાથે મળીને રેસક્યૂ ઓપરેશન હાથ ધર્યું છે. અમને આશંકા છે કે ખનન કામગીરી દરમિયાન સુરક્ષાના માપદંડોનું પાલન કરાયું નહોતું.હવે ઘટના કેવી રીતે બની તેના કારણોની તપાસ કરાશે.

# ફરીદાબાદથી જપ્ત વિસ્ફોટકથી શ્રીનગર પોલીસ સ્ટેશનમાં બ્લાસ્ટ: 9લોકોનાં મોત

(એજન્સી) શ્રીનગર | તા.15

શુક્રવારે રાત્રે લગભગ 11:22 વાગ્યે જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં આવેલા નૌગામ પોલીસ સ્ટેશનમાં એક પ્રચંડ વિસ્ફોટ થયો. જેમાં એક તહસીલદાર અને એક ઈન્સ્પેક્ટર સહિત નવ લોકો માર્યા ગયા. બાકીના મૃતદેહોની ઓળખ હજુ સુધી થઈ નથી. જોકે, 32 ઘાયલો, જેમાં મોટાભાગના પોલીસકર્મીઓ છે, તેમની 92 આર્મી બેઝ અને SKIMS સૌરા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, વ્હાઈટ-કોલર આતંકવાદી મોડ્યુલ કેસના સંદર્ભમાં જપ્ત કરાયેલા વિસ્ફોટકોના નમૂના પોલીસ લઈ રહી હતી ત્યારે વિસ્ફોટ થયો હતો. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે 360 કિલોગ્રામ વિસ્ફોટકોનો સંપૂર્ણ જથ્થો પોલીસ સ્ટેશનમાં સંગ્રહિત હતો કે તેનો માત્ર એક ભાગ જ લાવવામાં આવ્યો હતો.

જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક (DGP) નલિન



પ્રભાતે જણાવ્યું હતું કે, 'આ એક અકસ્માત હતો. સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટ થયો હતો. માર્યા ગયેલા નવ લોકોમાં એક ઈન્સ્પેક્ટર, ફોરેન્સિક ટીમના ત્રણ સભ્યો, ક્રાઈમ બ્રાન્ચના બે ફોટોગ્રાફર, બે મહેસૂલ અધિકારીઓ અને એક દરજીનો સમાવેશ થાય છે.'

હરિયાણાના ફરીદાબાદમાં ધરપકડ કરાયેલા ડૉ. મુઝમ્મિલ ગનાઈના ભાડાના ઘરમાંથી જપ્ત કરાયેલા વિસ્ફોટકોને કારણે આ વિસ્ફોટ થયો હતો.

## દિલ્હી કાર બ્લાસ્ટ

# ક્યાં ગયા અલ ફલાહ યુનિવર્સિટીના 15 ડોક્ટર?

(એજન્સી) નવી દિલ્હી | તા.15

દિલ્હી વિસ્ફોટોના માસ્ટરમાઈન્ડ માનવામાં આવતા ડૉ. મુઝમ્મિલની 9 નવેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી. તપાસ એજન્સીઓ હવે સમગ્ર કાવતરાનો પર્દાફાશ કરવા માટે કામ કરી રહી છે અને મુઝમ્મિલના સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા માટે દરોડા પાડી રહી છે. ત્યારે તપાસ દરમિયાન એવી માહિતી બહાર આવી છે કે અલ ફલાહ યુનિવર્સિટીના 15 ડોકટરો ગુમ છે. આ તે ડોકટરો છે જે મુઝમ્મિલના સંપર્કમાં હતા.

### ગુમ થયેલા 15 ડોક્ટરોની તપાસ શરૂ

મુઝમ્મિલની કોલ ડિટેલના આધારે તપાસ એજન્સીઓ આ 15 ડોકટરોને શોધી રહી છે, પરંતુ તેમના ફોન બંધ છે. તપાસ એજન્સીઓ પૂછપરછ માટે અલ ફલાહ યુનિવર્સિટી પહોંચી ત્યારે આ ડોકટરો ગુમ હોવાનું જાણવા મળ્યું. આ ડોકટરોના ગુમ થવાથી ઘણા પ્રશ્નો ઉભા થયા છે, અને તપાસ એજન્સીઓ તેમને શોધી રહી છે અને દેશભરમાં દરોડા પાડી રહી છે.

## ભોપાલમાં નકલી ચલણ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ

### 10 પાસ યુવકે પોતાના ઘરમાં જ સેટઅપ તૈયાર કર્યું

(એજન્સી) ભોપાલ | મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં પોલીસે એક 21 વર્ષીય યુવકની નકલી ચલણી નોટો સાથે ધરપકડ કરી છે.આરોપી પ્રિન્ટર અને અન્ય સાધનોનો ઉપયોગ કરીને ઘરે નકલી નોટો છાપતો હતો.પોલીસે આરોપીના ઘરેથી 2 લાખ રૂપિયાથી વધુની નકલી નોટો,છાપકામની સામગ્રી અને મોટી માત્રામાં સાધનો જપ્ત કર્યા છે.આરોપી અગાઉ પ્રિન્ટિંગ પ્રેસમાં કામ કરતો હતો. ડીસીપી ઝોન-2 ગૌતમ સોલંકીએ જણાવ્યું હતું કે પિપલાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ જપ્તી થઈ હતી.14નવેમ્બરના રોજ,માહિતી મળી હતી કે કાળો શર્ટ પહેરેલો એક યુવક નિઝામુદ્દીન વિસ્તારમાં નકલી 500 રૂપિયાની નોટો સાથે ફરતો હતો અને તેને ફરતી કરવાનો ઈરાદો રાખતો હતો.

# બિહારમાં સરકાર બનાવવાના પ્રયાસો તેજ, લલ્લન સિંહ અને સંજય સિંહ દિલ્હીમાં અમિત શાહને મળ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.15

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક દિવસ પછી, કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહ અને જેડીયુના કાર્યકારી પ્રમુખ સંજય ઝા દિલ્હી પહોંચ્યા. તેઓ કેન્દ્રીય મંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન, વિનોદ તાવડે અને ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરશે. બિહારમાં સરકાર બનાવવાના પ્રયાસો હવે તેજ બન્યા છે. આજે વહેલી સવારે, બિહારના ચૂંટણી પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાન અને બિહારના સંગઠન પ્રભારી વિનોદ તાવડેએ બિહારમાં સરકાર રચના અંગે ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી. ત્રણેય



નેતાઓએ ગૃહમંત્રીના નિવાસસ્થાને લાંબી બેઠક યોજી. ત્રણેય ભાજપના નેતાઓએ બિહાર ચૂંટણી પરિણામો અને સરકાર રચના અંગે ચર્ચા કરી. પરિણામો પછી, બિહારથી દિલ્હી સુધી બેઠકોનો દોર ચાલુ છે. બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી ચિરાગ પાસવાન આજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પહોંચ્યા અને મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે મુલાકાત કરી.

જેડીયુ તરફથી એક પોસ્ટમાં લખ્યું હતું કે, 'બિહાર વિધાનસભા ચૂંટણી પરિણામોની જાહેરાત પછી, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે મુખ્યમંત્રીના નિવાસસ્થાને 1, એન માર્ગ ખાતે મળ્યા. તેમણે મુખ્યમંત્રીને ભારે જનસમર્થન અને એનડીએ માટે ઐતિહાસિક બહુમતી માટે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી.'

## દિલ્હી બ્લાસ્ટના આતંકવાદી ઉમરનો નવો વીડિયો-ફોટો સામે આવ્યો

ફરીદાબાદમાં દુકાનમાં ફોન ચાર્જ કરતો જોવા મળ્યો; અલ-ફલાહ યુનિવર્સિટી વિરુદ્ધ 2 FIR દાખલ



## 200 ડોકટરો રડાર પર

### સુરક્ષા એજન્સી એક પછી એક બધાની પૂછપરછ કરશે

દિલ્હી બોમ્બ બ્લાસ્ટની તપાસ આગળ વધી રહી છે. સુરક્ષા એજન્સીઓએ એક યાદી તૈયાર કરી છે અને એક પછી એક દરેકની પૂછપરછ કરી રહી છે. આ કેસ કાશ્મીર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને વિદેશમાં પણ જોડાયેલો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડોકટરો અને વિદ્યાર્થીઓનો ડો. શાહીન, ડો. ઉમર મોહમ્મદ અને અન્ય આરોપીઓ સાથે સંપર્ક રહ્યો છે, અને તપાસ કરવામાં આવી રહી છે કે શું આ કોઈ વ્હાઈટ-કોલર મોડ્યુલનો ભાગ છે. ઉત્તર પ્રદેશના લગભગ 200 ડોકટરો એજન્સીઓના રડાર પર છે. ધરપકડ કરાયેલ મહિલા, ડો. શાહીન, પાકિસ્તાન સહિત અનેક દેશોમાં નેટવર્ક સ્થાપી ચૂકી હતી. તે પાકિસ્તાન આર્મીના ડોકટરો સહિત અનેક અન્ય કાશ્મીરી ડોકટરો અને વિદ્યાર્થીઓના સંપર્કમાં હતી. ઉત્તર પ્રદેશમાં કામ કરતા લગભગ 200 કાશ્મીરી ડોકટરો અને મેડિકલ વિદ્યાર્થીઓ એજન્સીઓના રડાર પર છે.

# સગીર આરોપી આગોતરા જામીન માટે અરજી કરી શકે છે : કોલકાતા હાઈકોર્ટ



▪ કોઈપણ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલો પહેલો નિર્ણય

(એજન્સી) કોલકાતા | તા.15

કોલકાતા હાઈકોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે કોઈપણ ગુનાના આરોપી સગીર હવે આગોતરા જામીન માટે અરજી કરી શકશે. અગાઉ, ફક્ત પુખ્ત આરોપીઓ જ ધરપકડ પૂર્વે જામીન મેળવવા માટે હકદાર હતા. ત્રણ ન્યાયાધીશોની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે જ્યારે સગીરને પકડીને જુવેનાઈલ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવે છે ત્યારે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ લાગુ પડે છે. જોકે, આગોતરા જામીન એ વ્યક્તિની વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણ માટે ધરપકડ પૂર્વેનો અધિકાર છે. આ નિર્ણય જસ્ટિસ જય સેનગુપ્તા, તીર્થંકર ઘોષ અને બિવાસ પટનાયકની બનેલી બેન્ચ દ્વારા આપવામાં આવ્યો હતો. દેશની કોઈપણ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલો આ પહેલો નિર્ણય છે.

# સસ્પેન્ડ થયેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી આર.કે. સિંહએ ભાજપમાંથી રાજીનામુ આપ્યું.....

(એજન્સી) નવી દિલ્હી | તા.15

ભારતીય જનતા પાર્ટી (BJP)ના પૂર્વ કેન્દ્રીય મંત્રી આર.કે. સિંહે પાર્ટીના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું છે. સવારે જ પાર્ટી દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને 'કારણ બતાવો નોટિસ' ફટકારવામાં આવી હતી. જેના ગણતરીના કલાકો બાદ જ આર.કે. સિંહે પાર્ટી છોડી દીધી છે. આર.કે. સિંહે આ અંગે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાને એક પત્ર લખીને જાણકારી આપી હતી. પત્રમાં આર.કે. સિંહે જણાવ્યું હતું કે, 'મને મીડિયાના માધ્યમથી જાણ થઈ કે પાર્ટીએ મારી વિરુદ્ધ સસ્પેન્શન અને શો-કોઝ નોટિસ જાહેર કરી છે. નોટિસમાં આરોપોની વિગતો આપવામાં આવી નથી, તેથી તેના પર યોગ્ય રીતે જવાબ આપવો શક્ય નહોતો.'



## વડાપ્રધાને સાગબારામાં દેવમોગરા માતાના કર્યા દર્શન



વડાપ્રધાન મોદી સુરતથી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા પહોંચી ગયા છે. અહીં પહોંચતા પહેલા તેમણે સાગબારામાં પૌરાણિક દેવમોગરા મંદિરમાં માતાની પૂજા કરી હતી અને ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતિ નિમિત્તે તેમણે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાત, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોના આદિવાસી સમુદાયો દ્વારા દેવમોગરા પાંડોરી માતાની કુળદેવી તરીકે પૂજા કરવામાં આવે છે.

## PM મોદી સુરતમાં NDAના ઐતિહાસિક વિજય પર બોલ્યા

# 'બિહારના લોકોએ જાતિ આધારિત રાજકારણને નકારી કાઢ્યું છે'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ગુજરાતનો વિકાસ ભારતના વિકાસ સાથે જોડાયેલો છે. તેને કોઈ એક રાજ્ય સાથે જોડવું જોઈએ નહીં. બિહારના લોકોએ આ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે બિહારના લોકો દુનિયાને રાજકારણ સમજાવે છે. 'બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પણ મારા બિહારી ભાઈઓ અને બહેનોએ વિપક્ષી પક્ષોને યોગ્ય જવાબ આપ્યો છે. બિહારના લોકોએ વિકાસના એજન્ડાને સમર્થન આપીને વિપક્ષને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે,' તેમણે કહ્યું. પીએમએ કહ્યું કે સુરતમાં કામ કરતા બિહારના લોકોનો પણ અહીં દરેક અધિકાર છે.

### આદિવાસી વિસ્તારોમાં કુપોષણનો ભય હતો- PM

PM નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે જનજાતિય ગૌરવ દિવસનો અવસર આપણને આપણા લાખો આદિવાસી ભાઈ-બહેનો સાથે થયેલા અન્યાયને યાદ કરવાનો પણ અવસર આપે છે. છ દાયકા સુધી દેશ પર શાસન કરનાર કોંગ્રેસ પાર્ટીએ આદિવાસીઓને તેમના ભાગ્ય પર છોડી દીધા. આદિવાસી વિસ્તારોમાં કુપોષણનો ભય હતો, આરોગ્ય સુરક્ષા એક સમસ્યા હતી, શિક્ષણનો અભાવ હતો અને કનેક્ટિવિટીનો અભાવ હતો. આ અભાવ આદિવાસી વિસ્તારોની ઓળખ બની ગયો હતો. અને કોંગ્રેસ સરકાર નિષ્ક્રિય બેસી રહી. પરંતુ આદિવાસી કલ્યાણ ભાજપની ટોચની પ્રાથમિકતા રહી. અમે હંમેશા આદિવાસીઓ સાથે થઈ રહેલા અન્યાયને દૂર કરવા અને વિકાસના લાભો તેમના સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે આગળ વધ્યા.



### કોંગ્રેસને હવે કોઈ બચાવી શકશે નહીં

PM મોદીએ કહ્યું કે બિહારના લોકોએ જાતિ આધારિત રાજકારણને નકારી કાઢ્યું છે. કોંગ્રેસ અને અન્ય પક્ષોએ બિહારના લોકો માટે બહાના બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમણે સાંભળ્યું નહીં. પીએમએ કહ્યું કે દેશે આ મુસ્લિમ લીગ-માઓવાદી કોંગ્રેસને નકારી કાઢી છે. કોંગ્રેસ પાર્ટીનો એક મોટો વર્ગ રાષ્ટ્રવાદી આદર્શો સાથે ઉછરેલો છે. દેશ નેતાના કાર્યોથી દુઃખી છે. પરિસ્થિતિ એટલી ભયાનક બની ગઈ છે કે કોંગ્રેસ પાર્ટીને કોઈ બચાવી શકતું નથી. ડેડીયાપાડામાં યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લીધા બાદ સાંજે 5 વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી પરત ફરવા માટે સુરત એરપોર્ટ પહોંચ્યા હતા જ્યાં હાજર બિહારના હજારો લોકોએ ગમછો લહેરાવીને પીએમ મોદીનું અભિવાદન કર્યું હતું.

# બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી : શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને વાવ-થરાદ ખાતે આદિવાસી સંમેલનનું આયોજન કરાયું

માહિતી બ્યુરો | પાલનપુર

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ વર્ષે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી થઈ રહી છે. આજની પેઢી સ્વાતંત્ર્ય સંગ્રામમાં બિરસા મુંડાની આગેવાનીમાં આદિજાતિઓના ઐતિહાસિક યોગદાનને જાણે-સમજે અને તેમાંથી રાષ્ટ્રનિર્માણની પ્રેરણા મેળવે તેવા ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આ વર્ષ ઉત્સાહભેર જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે. વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને આજરોજ થરાદ તાલુકાના ખોડા ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી અંતર્ગત આદિવાસી સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ વિતરણ કરાયા હતા. આ કાર્યક્રમમાં અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાજી આદિવાસી સમાજના પ્રેરણાસ્રોત અને આદર્શ વ્યક્તિત્વ રહ્યા છે. તેમણે પોતાના જીવન દ્વારા ધર્મ, સંસ્કૃતિ અને આદિવાસી ઓળખને જાળવી રાખવા અવિરત પ્રયત્નો કર્યા હતા. ભગવાન બિરસા




મુંડાએ નાની ઉંમરમાં આશ્રમ સ્થાપીને લોકોની સેવા સાથે સમાજમાં રહેલા કુરિવાજો અને અંધશ્રદ્ધાને દૂર કરવા માટે તેમણે જનજાગૃતિ ફેલાવી હતી. અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ભગવાન બિરસા મુંડાએ શિક્ષણના પ્રસાર માટે વિશેષ મહત્વ આપ્યું હતું અને વ્યસનમુક્તિ માટે અભિયાન ચલાવીને સમાજ સુધારાનું કાર્ય કર્યું હતું. તેમણે આશ્રમની સ્થાપના કરીને સમાજને એક નવી દિશા આપી હતી, જે આજની યુવા પેઢી માટે પ્રેરણા આપે છે. ભગવાન બિરસા મુંડાએ અનેક મુશ્કેલીઓ વેઠીને અગ્રેજ સરકારની દમન નીતિઓ સામે અવાજ ઉઠાવ્યો હતો. હાથમાં તીર કામઠા લઈને અંગ્રેજો વિરુદ્ધ લડત આપી હતી તથા સમાજને એક કરવાનું કામ કર્યું હતું. દેશની સ્વતંત્રતા માટે આદિવાસી બાંધવો એ પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા. તેમનું બલિદાન આજની પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આઝાદી માટે આદિવાસી યુવાનોની સંઘર્ષ ગાથા ઈતિહાસના પાના ઉપર લખાયેલી નહોતી પરંતુ આઝાદીના આટલા વર્ષો પછી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ઈતિહાસને દુનિયાની સમક્ષ મૂક્યો છે. આદિવાસી સમાજના વીર નાયકોના સ્વાતંત્ર્ય ઈતિહાસને દુનિયા સમક્ષ મૂકવાનું કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.તેમના સંઘર્ષમય જીવનમાંથી આપણે રાષ્ટ્રીય એકતા, આત્મસન્માન અને ન્યાય માટે લડવાની પ્રેરણા મેળવી શકીએ છીએ. ભગવાન બિરસા મુંડાનું યોગદાન ભારતના ઈતિહાસમાં અમર રહેશે તેમ જણાવ્યું હતું.

# બનાસકાંઠાના છાપી નજીક ફેક્ટરીમાં ભયાનક બ્લાસ્ટ થતાં એક યુવકનું કરૂણ મોત નિપજ્યું



(એજન્સી) અમદાવાદ | તા.15

એર બ્લાસ્ટની તીવ્રતા એટલી વધારે હતી કે નજીકમાં કામ કરી રહેલો યુવક તેની ઝપેટમાં આવી ગયો હતો. હવાના પ્રચંડ બળથી યુવક હવામાં ફાંગોળાઈને દૂર ફેંકાયો હતો. બ્લાસ્ટના કારણે યુવકને માથાના ભાગે અને શરીર પર ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના છાપી નજીક આવેલી એક ફેક્ટરીમાં ગંભીર અકસ્માત સર્જાતા 1 યુવકનું કરૂણ મોત થયું છે. આ દુર્ઘટના ફેક્ટરીના ટેસ્ટિંગ એરિયામાં બની હતી, જ્યાં અચાનક એર બ્લાસ્ટ થયો હતો. ફેક્ટરીમાં હવાના પ્રેશરથી ચાલતી ટેન્કમાં અચાનક પ્રેશર વધી જતાં આ ભયાનક બ્લાસ્ટ થયો હતો. આ પ્રચંડ હવાના દબાણના કારણે ટેન્કનું ઢાંકણું જોરદાર ધડાકા સાથે ઉડી ગયું હતું, જેના કારણે આ ગંભીર ઘટના સર્જાઈ હતી. એર બ્લાસ્ટની તીવ્રતા એટલી વધારે હતી કે નજીકમાં કામ કરી રહેલો યુવક તેની ઝપેટમાં આવી ગયો હતો. હવાના પ્રચંડ બળથી યુવક હવામાં ફાંગોળાઈને દૂર ફેંકાયો હતો. બ્લાસ્ટના કારણે યુવકને માથાના ભાગે અને શરીર પર ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના ફેક્ટરીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી, જેમાં બ્લાસ્ટની ભયાનકતા સ્પષ્ટપણે જોઈ શકાય છે.

### પોલીસ દ્વારા અકસ્માતે મોતનો ગુનો દાખલ

આ ગંભીર દુર્ઘટનાની જાણ થતાં જ છાપી પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતક યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ફેક્ટરીના સંચાલકો અને અન્ય કર્મચારીઓના નિવેદનોના આધારે હાલમાં આ સમગ્ર મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# નિરમા યુનિવર્સિટીમાં 5 કરોડની મોટી ઉચાપત


## વિદ્યાર્થીઓની ડિપોઝિટના પૈસા પરત ન આપતા 7 વિરુદ્ધ ફરિયાદ

(એજન્સી) અમદાવાદ | તા.15

કર્મચારીએ આ ઉચાપતનો કારસો છેલ્લા 2 વર્ષના સમયગાળા દરમિયાન રચ્યો હતો. કર્મચારીએ આ સમય દરમિયાન તબક્કાવાર રીતે વિદ્યાર્થીઓની ડિપોઝિટના 5 કરોડ રૂપિયા પોતાના પરિવારના સભ્યો અને નજીકના મિત્રોના બેંક ખાતામાં ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કર્યા હતા.

અમદાવાદ સ્થિત જાણીતી નિરમા યુનિવર્સિટીમાં કરોડો રૂપિયાની ઉચાપતનો ગંભીર બનાવ સામે આવ્યો છે. યુનિવર્સિટીના એક કર્મચારી વિરુદ્ધ નાણાંકીય ગેરરીતિ અને ઉચાપતની ફરિયાદ નોંધવામાં આવી છે. આ કર્મચારી પર યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવેલી ડિપોઝિટની રકમ પરત ન કરવાનો આરોપ છે. યુનિવર્સિટી દ્વારા ફરિયાદમાં જણાવ્યા મુજબ, કર્મચારીએ વિદ્યાર્થીઓને પરત કરવાના 5 કરોડ રૂપિયાની રકમની ઉચાપત કરી છે.

ફરિયાદ અનુસાર, કર્મચારીએ આ ઉચાપતનો કારસો છેલ્લા 2 વર્ષના સમયગાળા દરમિયાન રચ્યો હતો. કર્મચારીએ આ સમય દરમિયાન તબક્કાવાર રીતે વિદ્યાર્થીઓની ડિપોઝિટના 5 કરોડ રૂપિયા પોતાના પરિવારના સભ્યો અને નજીકના મિત્રોના બેંક ખાતામાં ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કર્યા હતા. આ સમગ્ર કૌભાંડમાં યુનિવર્સિટીના કર્મચારી પ્રકાશ રાઠોડ સહિત કુલ 7 વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે, જેઓ આ ઉચાપતમાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા હોવાનું માનવામાં આવે છે.




### સોલા પોલીસ દ્વારા તપાસ શરૂ

યુનિવર્સિટી તરફથી ફરિયાદ મળ્યા બાદ સોલા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. સોલા પોલીસે 7 આરોપીઓ વિરુદ્ધ ગંભીર ગુનો નોંધીને તપાસનો શરૂ કર્યો છે. પોલીસ દ્વારા હવે આ નાણાંકીય વ્યવહારોની તપાસ કરવામાં આવશે, જેમાં બેંક ખાતાઓનું વિશ્લેષણ કરીને ઉચાપત કરાયેલી રકમ ક્યાં અને કેવી રીતે વાપરવામાં તેની વિગતો મેળવવામાં આવશે.

# સાબરમતી જેલમાં 3,400 કેદીઓ પર હવે AIની બાજ નજર



(એજન્સી) અમદાવાદ | તા.15

અમદાવાદની સાબરમતી જેલમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે એક ક્રાંતિકારી પગલું લેવામાં આવ્યું છે. જેલમાં રહેલા અંદાજે 3,400 કેદીઓ પર હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજી દ્વારા સતત નજર રાખવામાં આવશે. સવાલોના જવાબમાં જેલ સુપરિન્ટેન્ડેન્ટે આ AI સિસ્ટમ વિશે વિગતવાર માહિતી આપી હતી. જેલમાં હાલમાં કાર્યરત 800 સીસીટીવી કેમેરામાં હવે AI ટેક્નોલોજીનું લેયર ઉમેરવામાં આવશે.

બેરેકની અંદર અથવા જેલમાં બનતી કોઈપણ અસામાન્ય ગતિવિધિ હંગામો કે ઝપાઝપી જેવી ઘટના અંગે AI સિસ્ટમ દ્વારા તાત્કાલિક જેલ સ્ટાફને નોટિફાય કરવામાં આવશે. જેલ સુપરિન્ટેન્ડેન્ટે જણાવ્યું કે AI ને અપનાવવાનો મુખ્ય હેતુ ઘટના વખતે રિસ્પોન્સ સમય ઘટાડવાનો છે. હાલમાં બેરેકની બહાર ઈમરજન્સી બટન સિસ્ટમ લાગેલી છે. જ્યારે કોઈ ઘટના બને છે ત્યારે વોર્ડન આ ઈમરજન્સી બટન દબાવીને જેલ સ્ટાફને ઘટનાની જાણ કરે છે.

આ પ્રક્રિયામાં અમુક સમય લાગે છે. AI ટેક્નોલોજીના કારણે માનવીય હસ્તક્ષેપ વિના જ કેમેરામાંથી માહિતી મળતાની સાથે જ સ્ટાફને ચેતવણી મળી જશે. જેનાથી જેલમાં બનતી ઘટનાઓને કાબૂમાં લેવાનો રિસ્પોન્સ ટાઈમ નોંધપાત્ર રીતે ઘટશે. આ AI આધારિત સર્વેલન્સ સિસ્ટમથી જેલની આંતરિક સુરક્ષા અને વ્યવસ્થા જાળવવામાં ઘણી મદદ મળશે.

# ગાંધીનગરના રાયપુર હત્યા કેસમાં પોલીસની દોડધામ



(એજન્સી) ગાંધીનગર | તા.15

રિકન્સ્ટ્રકશનની કાર્યવાહી પૂર્ણ થવા બાદ પોલીસે આરોપી અનિલને કોર્ટમાં રજૂ કર્યો હતો. પોલીસે કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે, હત્યા પાછળનો ચોક્કસ હેતુ ગુનામાં અન્ય કોઈની સંડોવણી અને લાશ છુપાવવામાં વપરાયેલા સાધનોની વિગતો મેળવવા માટે આરોપીની વધુ પૂછપરછ જરૂરી છે.

ગાંધીનગરના રાયપુર ગામમાં બાળકીની હત્યાના ચકચારી કેસમાં પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. આ કેસના આરોપી અનિલ પાસેથી વધુ વિગતો મેળવવા માટે પોલીસે તેને ઘટનાસ્થળે લઇ જઈને ગુનાનું રિકન્સ્ટ્રકશન કર્યું હતું. પોલીસની હાજરીમાં આરોપીએ બાળકીને કઈ રીતે ઘરે બોલાવી, હત્યાને કઈ રીતે અંજામ આપ્યો અને ત્યારબાદ બાળકીની લાશને કઈ રીતે સગેવગે કરી તેનું સંપૂર્ણ દ્રશ્ય પોલીસ દ્વારા રિકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું. આ રિકન્સ્ટ્રકશનનો હેતુ પોલીસને નક્કર પુરાવા મેળવવામાં મદદરૂપ થવાનો છે.

રિકન્સ્ટ્રકશનની કાર્યવાહી પૂર્ણ થવા બાદ પોલીસે આરોપી અનિલને કોર્ટમાં રજૂ કર્યો હતો. પોલીસે કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે, હત્યા પાછળનો ચોક્કસ હેતુ ગુનામાં અન્ય કોઈની સંડોવણી અને લાશ છુપાવવામાં વપરાયેલા સાધનોની વિગતો મેળવવા માટે આરોપીની વધુ પૂછપરછ જરૂરી છે. આ માટે પોલીસે આરોપી અનિલના 5 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

### કોર્ટે 3 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી અનિલના 5 દિવસના રિમાન્ડની માંગ સામે 3 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. કોર્ટના આ નિર્ણય બાદ હવે પોલીસ આગામી 3 દિવસ સુધી આરોપી અનિલની સઘન પૂછપરછ કરીને કેસ સંબંધિત તમામ ખૂટતી કડીઓ જોડવાનો પ્રયાસ કરશે.

# પાલનપુરમાં લુખ્ખાઓએ ધોળે દિવસે કાર કોમ્પ્લેક્સમાં ઘુસાડી સલૂનમાં કરી તોડફોડ

(એજન્સી) પાલનપુર | તા.15

પાલનપુર શહેરના એરોમા સર્કલ નજીક અસામાજિક તત્વો બેફામ બન્યા હોવાનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. ધોળા દિવસે લુખ્ખા તત્વોએ એક કોમ્પ્લેક્સમાં થાર કાર ઘુસાડીને સલૂનની દુકાનમાં તોડફોડ કરી હતી.

પાલનપુર શહેરના એરોમા સર્કલ નજીક અસામાજિક તત્વો બેફામ બન્યા હોવાનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. ધોળા દિવસે લુખ્ખા તત્વોએ એક કોમ્પ્લેક્સમાં થાર કાર ઘુસાડીને સલૂનની દુકાનમાં તોડફોડ કરી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે. સીસીટીવી ફૂટેજમાં દેખાઈ રહ્યું છે કે અસામાજિક તત્વોએ કેવી રીતે આ ઘટનાને અંજામ આપ્યો.

### ધોળા દિવસે કોમ્પ્લેક્સમાં કાર ઘુસાડી કરી તોડફોડ

લુખ્ખા તત્વોએ સૌપ્રથમ પાર્કિંગમાં પડેલા ટુ-વ્હીલર વાહનોને ખસેડ્યા હતા. ત્યારબાદ આરોપીએ થાર કારને ત્રણ પગથિયાં ચડાવીને કોમ્પ્લેક્સમાં પ્રવેશ કરાવ્યો હતો. કારને સીધી સલૂનની દુકાનમાં ઘુસાડી દેવામાં આવી હતી. જેના કારણે દુકાનને મોટું નુકસાન થયું હતું. ધોળે દિવસે પાલનપુરમાં બનેલી આ ઘટનાએ સ્થાનિકોમાં ભયનો માહોલ પેદા કર્યો છે. અસામાજિક તત્વોના આ કારનામાને કારણે આસપાસના વેપારીઓ અને રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો છે.

### ભય ફેલાવતા અસામાજિક તત્વો સામે કાર્યવાહી ક્યારે?

સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે જાણે આ લુખ્ખા તત્વોને પોલીસનો ડર જ ન રહ્યો હોય તેમ ધોળે દિવસે આ પ્રકારની લુખ્ખાગીરી કરીને તેઓ પોલીસને ખુલ્લી ચેલેન્જ ફેંકી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિકો દ્વારા આ ભય ફેલાવતા તત્વો સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની અને કાયદાનું શાસન સ્થાપિત કરવાની માંગ કરવામાં આવી છે.

## હિંમતનગર: બળવંતપુરામાં સામાજિક રીતરીવાજ અને લગ્ન વિવાદમાં બે જૂથો વચ્ચે અથડામણ

(એજન્સી) હિંમતનગર | સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક બળવંતપુરા ગામ નજીક એક સમાજના બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. જેના પગલે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. આ અથડામણ સામાજિક રીતરીવાજ અને લગ્ન બાબતે ઊભી થયેલી અદાવતને કારણે થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. મળતી માહિતી અનુસાર, હિંમતનગરના જીવાપુર ગામના ઓડ સમાજના લોકોએ બીજા જૂથ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં બંને પક્ષોએ સામસામે પથ્થરમારો કર્યો હતો, જેનું મૂળ કારણ લગ્નની બાબત સાથે જોડાયેલા સામાજિક રીતરીવાજોમાં વિવાદ હોવાનું જણાય છે. પથ્થરમારાની આ ઘટનામાં એક યુવતીને ઈજા પહોંચી હતી. જ્યારે હુમલા દરમિયાન એક કારના કાચ પણ તોડી નાખવામાં આવ્યા હતા. પોલીસની ટીમ તાત્કાલિક બળવંતપુરા પાસે ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા. પથ્થરમારામાં ઘાયલ થયેલી યુવતીને તાત્કાલિક હિંમતનગરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. પોલીસ હાલમાં આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે કે કયા ચોક્કસ સામાજિક રીતરીવાજ કે લગ્નની બાબતે આ હિંસક અથડામણ થઈ હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ન્યૂઝ ફ્લેશ

### પ્રવાસીઓ માટે રાહત: સ્પેશિયલ ટ્રેન બાંદ્રા દુર્ગાપુરા વચ્ચે દોડશે



વડોદરા | મુસાફરોની સતત વધતી સુવિધા અને ખાસ કરીને રજાઓના સમયગાળા દરમિયાન વધારાના પ્રવાસી ટ્રાફિકની માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ અને દુર્ગાપુરા સ્ટેશન વચ્ચે એક સુપરફાસ્ટ વિશેષ ભાડાની સ્પેશિયલ ટ્રેન બાંદ્રા દુર્ગાપુરા વચ્ચે દોડાવશે, જેનાથી ગુજરાત સહિત મધ્ય ભારતના મુસાફરોને સીધો લાભ મળશે. આ ટ્રેન દોડાવવાનો નિર્ણય પશ્ચિમ રેલવે વિશેષ ટ્રેન દ્વારા લેવાયો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોને ગંતવ્ય સ્થાન સુધી પહોંચવામાં રાહત આપવાનો છે. આ સુપરફાસ્ટ ટ્રેનનું બુકિંગ આજથી એટલે કે ૧૫ નવેમ્બરથી જ શરૂ થઈ રહ્યું છે.

### બાળક રડતું હોવાથી ઠપકો: વાઘોડિયા પરિણીતા આપઘાત કેસમાં ખળભળાટ

વડોદરા | વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના માણેકપુર ગામે એક અત્યંત કરુણ અને ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જ્યાં પતિ-પત્ની વચ્ચે નજીવી બાબતે થયેલી બોલાચાલીએ પરિણીતાને એવું લાગી આવ્યું કે તેણે ઝેરી દવા ગટગટાવીને જીવન ટૂંકાવી લીધું. આ ગમખ્વાર ઘટનાના પગલે માણેકપુર ગામમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો છે. આ કિસ્સો ફરી એકવાર દર્શાવે છે કે, નાની પારિવારિક ઝઘડો કેટલી મોટી દુર્ઘટના નોતરી શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, માણેકપુર ગામે રહેતા કિશનકુમાર અજીતભાઈ બારિયા ગઈકાલે બપોરે લગભગ ૧૨ વાગ્યાના અરસામાં ઘરે આવ્યા હતા. તેઓ જ્યારે ઘરે પહોંચ્યા, ત્યારે તેમનું નાનું બાળક સતત રડી રહ્યું હતું. બાળક કેમ રડે છે તે બાબતે કિશનકુમારે તેમની પત્ની જ્યોતિકાબેનને ઠપકો આપ્યો હતો.

### મેઈન્ટેનન્સના અભાવે અકસ્માત: સુરત લેક વ્યુ ગાર્ડન બેદરકારીનો મામલો



સુરત | સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અઠવા ઝોન હેઠળ આવતા પીપલોદ વિસ્તારના લેક વ્યુ ગાર્ડનમાં જાળવણી (મેઈન્ટેનન્સ)ના અભાવે મુલાકાતીઓ ઈજાગ્રસ્ત થવાની ગંભીર ઘટના સામે આવી છે. આ ગાર્ડનનું સંચાલન સુરત પાલિકા પીપીપી મોડલ (પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ) હેઠળ ખાનગી કંપનીને સોંપવામાં આવ્યું હોવા છતાં, કંપનીની બેદરકારીના કારણે વોક-વે અને રમત-ગમતના સાધનો તૂટી ગયા હતા. આ મામલો સ્થાયી સમિતિની બેઠકમાં ઉઠાવવામાં આવ્યા બાદ તંત્ર અને ભાગીદાર કંપની સફાળા જાગ્યા હતા અને તાત્કાલિક રીપેરીંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

### રાજકોટ અનૈતિક સંબંધો હત્યા અને આપઘાતનો કરુણ અંજામ

રાજકોટ | રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા નાગેશ્વર વિસ્તારમાં આજે સવારે એક અત્યંત કરુણ અને સનસનાટીપૂર્ણ ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. પારિવારિક સંબંધોમાં ઉદભવેલા કૌટુંબિક કંકાસનો અંજામ એટલો લોહિયાળ હતો કે, પતિએ પત્ની પર ફાયરિંગ કર્યા બાદ પોતે પણ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાથમિક તપાસમાં આ ઘટના પાછળ પત્નીના ભત્રીજા સાથેના રાજકોટ અનૈતિક સંબંધો હત્યાની શંકા જવાબદાર હોવાનું સામે આવ્યું છે. આજે સવારે જ્યારે પત્ની યોગા ક્લાસમાંથી પરત ફરી રહી હતી, તે જ સમયે પતિએ તેને રસ્તામાં આંતરી હતી.

### ફેસબુક લિંક થકી થયો ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ઠગ ટોળકીએ ચાર એકાઉન્ટ ખોલાવી ચૂનો ચોપડયો

# વડોદરામાં ઓનલાઈન દ્વારા 1.81 કરોડની ઠગાઈ કરી

(એજન્સી) વડોદરા । તા. 15



વડોદરા શહેરમાં ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ઠગ ટોળકીએ એક ખાનગી કંપનીના મેનેજરને ઈન્વેસ્ટમેન્ટના નામે એક નહીં પણ ચાર-ચાર જુદા-જુદા એકાઉન્ટ ખોલાવ્યા હતા અને તેની પાસેથી કુલ ૧.૮૧ કરોડ ખંખેરી લીધા હતા. આટલી મોટી રકમની છેતરપિંડીની મોડસ ઓપરેન્ડી જોઈને પોલીસ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ છે. વડોદરા ૧.૮૧ કરોડની ઠગાઈની આ ઘટનાએ સાયબર સુરક્ષા અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

#### ફેસબુક લિંકથી ફસાયા મેનેજર

ગોત્રી વિસ્તારની નવધા રેસીડેન્સીમાં રહેતા અને ખાનગી કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા ઘનશ્યામભાઈ માત્રોજાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૧૪ ઓગસ્ટના રોજ તેમણે ફેસબુક પર શેર માર્કેટિંગની એક જાહેરાતની લિંક જોઈ હતી. આ લિંક પર ક્લિક કરતાં જ તેમને 'મનીશુખ ફાઈનાન્સિયલ સિક્યુરિટી' નામના વોટ્સએપ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા, જેમાં ૧૦૦ જેટલા મેમ્બરો હતા.

આ ગ્રુપમાં પોલોમી નાથ નામની એક વ્યક્તિએ મેસેજ દ્વારા ઘનશ્યામભાઈનો સંપર્ક સાધ્યો હતો અને 'શોર્ટ ટાઈમ પ્રોફિટ'ને લગતી આકર્ષક સ્કીમો બતાવી હતી. ત્યારબાદ તેમનું રજિસ્ટ્રેશન કરાવીને એક એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું, જેમાં કેવાયસીની પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી હતી.

શરૂઆતમાં વિશ્વાસ કેળવવા માટે ઘનશ્યામભાઈએ ૧૦,૦૦૦નું રોકાણ કર્યું, જેની સામે તેમને ૯૬૦નો પ્રોફિટ દર્શાવવામાં આવ્યો હતો. આ નાનકડા પ્રોફિટથી લલચાઈને તેમણે 'મનીશુખ ફાઈનાન્સિયલ સિક્યુરિટી' ગ્રુપમાં કુલ ૬૫.૪૦ લાખનું રોકાણ કર્યું. વેબસાઈટ પર તેમને આઈપીઓ લાગ્યા હોવાનું કહીને તેમનું બેલેન્સ ૩ કરોડ જેટલું બતાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઠગ ટોળકીએ તેમને 'Paytm મની લિમિટેડ' નામની બીજી લિંક મોકલી અને તેના વોટ્સએપ ગ્રુપમાં જોઈન કર્યા. અહીં પણ રજિસ્ટ્રેશન બાદ ૨૫,૦૦૦નું રોકાણ કરતા ૨,૮૮૪ મળ્યા હતા. ત્યાર પછી વીઆઈપી પ્લાન અને આઈપીઓ ગ્રુપના નામે તેમની પાસે ૫૩ લાખનું રોકાણ કરાવવામાં આવ્યું, જેની સામે ૧.૫૫ કરોડનો પ્રોફિટ દેખાતો હતો. આમ, ઠગોએ તબક્કાવાર રીતે ચાર એકાઉન્ટ ખોલાવી ચૂનો ચોપડવાનું શરૂ કર્યું.

#### અંતિમ બે એકાઉન્ટ અને ચૂનો ચોપડવાની પ્રક્રિયા

આ ટ્રાન્ઝેક્શન ચાલી રહ્યા હતા તે દરમિયાન, ઠગોએ વધુ બે લિંક મોકલીને રોકાણકારને અન્ય બે એકાઉન્ટ ખોલાવ્યા: SBI સિક્યુરિટીઝ ગ્રુપ: આમાં ૪૨.૯૫ લાખ ભરાવ્યા. લુવામાં વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ: આમાં ૧૯.૧૨ લાખ ભરાવ્યા. આમ, તેમને સારા એવા પ્રોફિટની વાત કરવામાં આવી હતી. કુલ મળીને ઘનશ્યામભાઈએ ૧.૮૧ કરોડનું રોકાણ કર્યું.

પરંતુ, જ્યારે રોકાણ કરેલી રકમ અથવા પ્રોફિટ ઉપાડવાની વાત આવી, ત્યારે ઠગોએ વેબસાઈટ પર ભરેલ રકમના ૨૦% રકમ 'ટેક્સ' અથવા 'પ્રોસેસિંગ ફી' તરીકે ભરવી પડશે તેવા બહાના કાઢ્યા અને વધુને વધુ રકમની માંગણી ચાલુ રાખી. આખરે, ઘનશ્યામભાઈને માત્ર ૨.૨૨ લાખ રૂપિયા જ પરત મળ્યા અને બાકીના ૧.૮૧ કરોડ ઠગ ટોળકી દ્વારા ખંખેરી લેવાયા હતા.

આ ઘટના અંગે સાયબર સેલે ગંભીરતાથી ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. વડોદરા ૧.૮૧ કરોડની ઠગાઈનો આ કેસ ઓનલાઈન રોકાણની લાલચમાં આવતા લોકો માટે એક મોટી ચેતવણીરૂપ છે.

### સિગ્નલ પર ઊભેલી કારને ધડાકાભેર અડફેટ

# માંજલપુરમાં નશીલી રફ્તાર

## નશામાં ધૂત બસ ચાલકની કારને ટક્કર

(એજન્સી) વડોદરા । તા. 15



વડોદરા શહેર હજુ તાજેતરમાં બનેલા રક્ષિતકાંડની ગમગીની અને ભયમાંથી બહાર આવ્યું નથી, ત્યાં જ જાણે બેદરકાર અને નશામાં ધૂત બસ ચાલકનો આતંક યથાવત રહ્યો હોય તેવી વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. માંજલપુર વિસ્તારમાં આજે રાત્રે નશામાં ધૂત બસ ચાલકે ટ્રાફિક સિગ્નલ પર ઊભેલી એક કારને પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. સદ્નસીબે આ અકસ્માતમાં કારમાં સવાર માતા-પુત્રનો જીવ ચમત્કારિક રીતે બચી ગયો હતો, પરંતુ ઘટનાએ ફરી એકવાર શહેરમાં નશીલી રફતારનો કહેર ફેલાવી દીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, માંજલપુર બસ અકસ્માત શ્રેયસ્ શાળાના ત્રણ રસ્તા પાસે થયો હતો. કાર ચાલક ચાંદનીબેન તેમના પુત્ર સાથે ટ્રાફિક સિગ્નલ ખુલવાની રાહ જોઈને સ્ટોપ લાઈન પર ઊભા હતા. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલી એક બસે અચાનક અને ધડાકાભેર તેમની કારને અડફેટે લીધી હતી.

ટક્કરની અસર એટલી જોરદાર હતી કે કારનો પાછળનો ભાગ ગંભીર રીતે દબાઈ ગયો હતો અને કારને મોટું નુકસાન થયું હતું. જોકે, કારમાં સવાર ચાંદનીબેન અને તેમના પુત્રનો આબાદ બચાવ થયો હતો, જેને સ્થાનિક લોકો ચમત્કાર માની રહ્યા છે. આ ઘટનાએ સિગ્નલ પર ઊભેલા વાહનચાલકોની સલામતી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

#### ચાલક "થોડું પીધું છે"ની કબૂલાત કરી

અકસ્માત સર્જાયા બાદ તુરંત જ કાર ચાલક ચાંદનીબેને બસ ચાલક પાસે જઈને તેની સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો. ચાંદનીબેને જણાવ્યું હતું કે, અકસ્માત બાદ બસ ચાલકના મોઢામાંથી તીવ્ર દારૂની વાસ આવતી હતી અને તેની બોલચાલ પણ સ્પષ્ટ નહોતી, જેના પરથી સ્પષ્ટ થતું હતું કે તે નશાની હાલતમાં હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે બસ ચાલક ધર્મેશની તાત્કાલિક અટકાયત કરીને તેની પૂછપરછ હાથ ધરી હતી. પ્રાથમિક પૂછપરછમાં, બસ ચાલકે પોતે નશામાં હોવાનો આડકતરો સ્વીકાર કરતા કહ્યું કે, "મેં થોડું પીધું છે." જોકે, તેણે અકસ્માત માટે પોતાનો બચાવ કરતા દાવો કર્યો હતો કે ટ્રાફિક સિગ્નલ નજીક કાર ચાલકે અચાનક બ્રેક મારતાં આ અકસ્માત સર્જાયો હતો, જે વાત સિગ્નલ પર ઊભેલા અન્ય સાક્ષીઓ અને ઘટનાના ફૂટેજથી વિપરીત હતી. વડોદરા શહેર પોલીસે તાજેતરમાં જ નશામાં વાહન ચલાવનારાઓ સામે એક વિશેષ ઝુંબેશ ચલાવીને ૪૦થી વધુ નશેબાજ ચાલકોને ઝડપી પાડ્યા હતા. તેમ છતાં, નશીલી રફતારનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો. આ ઘટનાને કારણે શહેરમાં વાહનચાલકો અને નાગરિકોમાં ગહન ચિંતા ફેલાઈ છે.

### મધ્યપ્રદેશ દારૂની હેરાફેરીના રેકેટનો પર્દાફાશ માતા-પુત્રી સહિત ચાર ઝબ્બે

# રણોલી નજીક વડોદરા દારૂ પકડાયો

(એજન્સી) વડોદરા । તા. 15

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પાડોશી રાજ્યોમાંથી વિદેશી દારૂની હેરાફેરીની પ્રવૃત્તિ સતત ચાલુ છે. ત્યારે વડોદરા દારૂ પકડાયોના એક સનસનાટીપૂર્ણ કિસ્સામાં, શહેર પીસીબી પોલીસે મધ્યપ્રદેશ દારૂની હેરાફેરી કરતા એક પરિવારના સભ્યો સહિત ચાર વ્યક્તિઓને ઝડપી પાડ્યા છે. આ રેકેટમાં સગી સાસુ અને પુત્રવધૂની ધરપકડ કરવામાં આવી છે, જેણે પોલીસને પણ ચોંકાવી દીધા છે. પોલીસે ૩.૫૭ લાખ રૂપિયાનો વિદેશી દારૂ સહિત કુલ ૫.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે, જ્યારે મુખ્ય આરોપી પતિ ફરાર થઈ ગયો છે. પીસીબી પોલીસે આ ગુનામાં મુખ્ય આરોપી વિજય ભગવાનભાઈ પરમાર અને અન્ય એક વોન્ટેડ આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. મધ્યપ્રદેશ દારૂની હેરાફેરીના આ કિસ્સામાં પોલીસે ગૌરીબેન, પાયલ, હિતેશકુમાર અને બળદેવભાઈ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા દારૂ પકડાયોનો આ બનાવ શહેર અને જિલ્લામાં દારૂની ઘૂસણખોરીના નેટવર્કને ફરી એકવાર ઉજાગર કરે છે, જેમાં પરિવારના સભ્યો પણ આર્થિક લાભ માટે આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ છે.

#### બાતમીના આધારે વોચ ગોઠવાઈ

પીસીબી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, રણોલીના ગણેશ નગરમાં રહેતા વિજય ભગવાનભાઈ પરમારે તેની પત્ની પાયલ અને સાસુ ગૌરીબેન મારફતે મધ્યપ્રદેશથી વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો છે. દારૂનો આ જથ્થો માતા અને પુત્રી એક રિક્ષામાં લઈને રણોલી આવવાના છે. એટલું જ નહીં, મુખ્ય આરોપી વિજય પોતે એક મોપેડ પર 'પાયલોટિંગ' ભૂમિકા ભજવી રહ્યો છે. આ બાતમીના આધારે પી.આઈ. સી.બી. ટંડેલની સૂચના મુજબ, પીસીબીના સ્ટાફે રણોલીના નિર્ધારિત સ્થળે સઘન વોચ ગોઠવી હતી. પોલીસને જોઈને પાયલોટિંગ કરી રહેલો મુખ્ય સૂત્રધાર વિજય પરમાર તો તાત્કાલિક ભાગી ગયો હતો, પરંતુ અન્ય ચાર આરોપીઓ પોલીસની જાળમાં ફસાઈ ગયા હતા.

# લાખો લિટર પાણીનો વેડફાટ: વડોદરા પાણીની લાઈન ભંગાણનો સિલસિલો યથાવત

(એજન્સી) વડોદરા । તા. 15



વડોદરા શહેરમાં શુદ્ધ પીવાના પાણીનો વેડફાટ અટકાવવામાં મ્યુનિસિપલ કોર્પોરેશન તદ્દન નિષ્ફળ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. વડોદરા પાણીની લાઈન ભંગાણની ઘટનાઓનો સિલસિલો યથાવત રહેતા, ફરી એકવાર મકરપુરા એસટી ડેપો પાસે રસ્તો પહોળો કરવાની કામગીરીમાં લાખો લિટર પીવાના પાણીનો જથ્થો વેડફાયો છે. આ ઘટના પાછળ કોર્પોરેશનના વિવિધ વિભાગો અને કોન્ટ્રાક્ટર વચ્ચેના સંકલનના અભાવને મુખ્ય કારણ ગણવામાં આવી રહ્યું છે, જેના કારણે કોર્પોરેશન સંકલનનો અભાવ ફરી એકવાર પ્રજાની સમસ્યામાં વધારો કરી રહ્યું છે.વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકરપુરા એસટી ડેપોની સામેના ભાગે રસ્તો પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ વિકાસ કાર્યો દરમિયાન જમીનની અંદર રહેલી પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રસ્તો ખોદકામ કરતાં પહેલાં પાણી પુરવઠા વિભાગ અને માર્ગ-મકાન વિભાગ વચ્ચે સંકલનનો અભાવ હતો.

# કોન્સ્ટેબલ બનાવવાની લાલચ આપી રાજકોટ પોલીસ ભરતી ઠગાઈ

### સરકારી નોકરીના નામે છેતરપિંડી: ગઠીયો ફરાર

(એજન્સી) રાજકોટ । તા. 15

રાજકોટ શહેરમાં સરકારી નોકરીના નામે છેતરપિંડીના કિસ્સાઓ અટકવાનું નામ લઈ રહ્યા નથી. સરકારી નોકરીની પ્રબળ ઈચ્છા રાખતા એક ધોરણ-૯ પાસ ટેમ્પો ચાલક યુવાનને પોલીસ કોન્સ્ટેબલ બનાવવાની લાલચ આપીને એક ગઠિયાએ તેની પાસેથી કટકે-કટકે રૂા.૮ લાખ પડાવી લીધા હોવાનો બનાવ સામે આવ્યો છે. ઠગાઈનો ભોગ બનનાર યુવાનની ફરિયાદના આધારે માલવિયાનગર પોલીસે આરોપીને ઝડપી લેવા માટે તજવીજ શરૂ કરી છે.

ગોંડલ રોડ પરના વિનાયકનગર વિસ્તારમાં રહેતા અને ટેમ્પો ચલાવતાં સાજીદ મંગાભાઈ પઠાણ (ઉ.વ.૨૫) ભલે ઓછું ભણ્યા હોય, પરંતુ તેમને સરકારી નોકરી મેળવવાની ખૂબ જ ઈચ્છા હતી. આ ઈચ્છાએ જ તેમને ગઠીયાની જાળમાં ફસાવ્યા હતા.

સાજીદના પિતા મારફત બાબુ લઢેર નામના વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા. બાબુ લઢેરે સાજીદને કહ્યું કે તેનો એક મિત્ર છે, જેણે ઘણાં યુવાનોને સરકારી નોકરી અપાવી છે અને 'હમણાં ખાનગી રીતે ભરતી થવાની છે.' જો સાજીદને આ સીટમાં ભરતી થવું હોય તો તે તેના મિત્રનો કોન્ટેક્ટ કરાવી આપે. સાજીદે હા પાડતા મનહર રવજી ત્રાડા (મયુર પટેલ) નામ ધારણ કરનાર ગઠિયા સાથે તેનો સંપર્ક થયો હતો.

# વડોદરામાં 101 સ્થળો પર મતદાર સેવા કેમ્પ, 4 દિવસ ખાસ આયોજન

(એજન્સી) વડોદરા । તા. 15

આગામી ચૂંટણીલક્ષી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને, વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા શહેરમાં એક મહત્ત્વપૂર્ણ અને સંગઠિત પગલું ભરવામાં આવ્યું છે. શહેરના ૧૦૧ જેટલા વિસ્તારોમાં મતદાર સેવા કેમ્પ વડોદરાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે, જેથી ચૂંટણી પ્રક્રિયામાં નાગરિકોની ભાગીદારી સરળતાથી સુનિશ્ચિત થઈ શકે. ખાસ કરીને જે વિસ્તારોમાં આખી સોસાયટી સ્થળાંતર થઈ ગઈ છે અથવા જ્યાં રિડેવલપમેન્ટની કામગીરી ચાલુ છે, તેવા મતદારો માટે આ કેમ્પ આશીર્વાદરૂપ સાબિત થશે.

આ સમય દરમિયાન મતદારોને ચૂંટણી સંબંધિત કોઈપણ સમસ્યાનું નિરાકરણ લાવવા અને જરૂરી ફોર્મ ભરવામાં સહાય પૂરી પાડવામાં આવશે. જે મતદારોને ફોર્મ મળ્યું ન હોય અથવા જેમને ચૂંટણી કાર્ડના ડેટા મેચિંગની પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી પડતી હોય, તેઓ આ કેન્દ્રોનો લાભ લઈ શકશે. આ ઉપરાંત, ભરાયેલ ફોર્મ પણ મતદારો આ કેન્દ્રોમાં જમા કરાવી શકશે.



#### કેમ્પનું આયોજન અને સમયપત્રક

જિલ્લા ચૂંટણી અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં વસ્તીનું પ્રમાણ વધારે હોવાથી અને ઘણા વિસ્તારોમાં પુનર્વિકાસ ચાલતો હોવાથી આ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૦૧ વિસ્તારોમાં આ ખાસ કેમ્પ ચાર દિવસ દરમિયાન કાર્યરત રહેશે.

# સાંસદે કેન્દ્રીય મંત્રીને જાહેરમાં ટકોર કરી: રાજકોટ હરિદ્વાર ટ્રેન માંગ

### મીડિયા કહે છે કે રામભાઈનું કાંઈ ઉપજતું નથી

(એજન્સી) રાજકોટ । તા. 15

ગુજરાતમાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત ભલે ધામધૂમથી થતા હોય, પરંતુ સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ અને આસપાસના લાખો લોકોના મૂળભૂત પ્રશ્નો હજુ પણ અણઉકેલ છે. આ સ્થિતિમાં, રાજકોટ રેલવે સ્ટેશન પર પોરબંદરની લોકલ ટ્રેન શરૂ કરવાના એક કાર્યક્રમમાં ખુદ ભાજપના સાંસદ રામભાઈ મોકરિયાએ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાને ઉદ્દેશીને કરેલી જાહેરમાં ટકોર આજે શહેરના રાજકીય વર્તુળો અને જનતામાં ચર્ચાનું કેન્દ્ર બની છે. સાંસદની આ ટકોર રાજકોટ હરિદ્વાર ટ્રેન માંગની વર્ષો જૂની પીડાને ખુલ્લેઆમ વ્યક્ત કરે છે. આ ઘટનાએ જનપ્રતિનિધિ તરીકેની મર્યાદાઓ અને લોકોના અસંતોષને એક જ મંચ પર મૂકી દીધા છે. પોરબંદરની લોકલ ટ્રેનના કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીને સંબોધતા સાંસદ રામભાઈ મોકરિયા ટકોર કરી હતી. તેમણે રાજકોટની લાંબા સમયથી પડતર અને મહત્ત્વની માંગણી તરફ ધ્યાન દોરતા ભારપૂર્વક જણાવ્યું કે, "લાંબા સમયથી લોકોની માંગણી છે, ત્યારે હવે તો હરિદ્વારની ટ્રેન આપો તેવી વિનંતિ છે." આટલું કહ્યા બાદ સાંસદે જે આત્મ-નિવેદન આપ્યું, તે વધુ ચર્ચાસ્પદ બન્યું છે. તેમણે કહ્યું કે, "મિડિયાવાળા કહે છે કે રામભાઈનું કાંઈ ઉપજતું નથી અને એ વાત પણ સાચી હશે."

**બેદરકારી** વર્ષથી ફૂટપાથ પર પાઈપના ઢગલા, સંકલનનો અભાવ બેદરકારી

# કોન્ટ્રાક્ટરોની મનમાની: વડોદરા કોર્પો. પાઈપ દબાણથી હાલાકી

(એજન્સી) વડોદરા । તા. 15





વડોદરા શહેરમાં રાહદારીઓ માટે ફૂટપાથ પર ચાલવું હવે સ્વયં એક સમસ્યા બની ગયું છે. એક તરફ ગેરકાયદે લારી-ગલ્લા અને વાહનોના પાર્કિંગથી મુશ્કેલી હતી, ત્યાં હવે શહેરના અનેક વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની પાણીની નવી લાઈનોના ઢગલા છેલ્લા દોઢ વર્ષથી વધુ સમયથી ધૂળ ખાઈ રહ્યા છે, જેના કારણે વડોદરા કોર્પોરેશન પાઈપ દબાણની સમસ્યાએ માઝા મૂકી છે. કોર્પોરેશનના વિભાગો વચ્ચેના સંકલનનો અભાવ બેદરકારી સ્પષ્ટપણે દેખાઈ રહી છે, જે જનતાની હાલાકીમાં વધારો કરી રહી છે.

#### ઠેર-ઠેર પાઈપોના અસ્તવ્યસ્ત ઢગ

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી, ડ્રેનેજ અને વરસાદી કાંસની કામગીરી જોરશોરથી ચાલી રહી છે, જે પ્રાથમિક સુવિધાઓ સુધારવા માટે જરૂરી છે. જોકે, આ વિકાસ કાર્યોની સાથે જ કોર્પોરેશનની બેદરકારીના દાખલા પણ સામે આવી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં નવી પાઈપલાઈન નાખવાના પ્રોજેક્ટ્સ હેઠળ લાવવામાં આવેલી પાઈપો જ્યાં કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અથવા શરૂ જ નથી થઈ, ત્યાં રસ્તાની બાજુમાં કે ફૂટપાથ પર પાઈપના ઢગલા સ્વરૂપે છોડી દેવામાં આવી છે. સ્થાનિક રહીશોના મતે, આ પાઈપોના ઢગલાઓ માત્ર રસ્તા પરના દબાણમાં વધારો નથી કરતા, પરંતુ રાહદારીઓ અને ખાસ કરીને વડીલો માટે અકસ્માતનો ખતરો પણ ઊભો કરે છે.

આ મહત્વના માર્ગ પર છેલ્લા દોઢ વર્ષથી ૧૦૦થી વધુ પાણીની પાઈપ લાઈનોના ઢગલા લોકોના ઘર તથા દુકાનોની આગળ રાખેલા છે. સોમા તળાવ વુડાના મકાન પાસે અહીં છેલ્લા બે વર્ષથી ૪૦થી વધુ પાઈપલાઈન ધૂળ ખાઈ રહી છે. આ વિસ્તારમાં પણ છેલ્લા એક વર્ષથી ૭૦થી વધુ પાઈપલાઈન માર્ગની બાજુમાં અસ્તવ્યસ્ત પડી છે. આ દર્શાવે છે કે, કામગીરી શરૂ કરવામાં કોર્પોરેશન સંકલનનો અભાવ બેદરકારી છે. આટલા લાંબા સમયથી પાઈપો ખુલ્લામાં પડી રહેવા છતાં સંબંધિત વિભાગો દ્વારા તેને હટાવવા કે યોગ્ય રીતે સંગ્રહ કરવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

# સ્પાની યુવતીનું કારમાં વડોદરા અપહરણ અને મારપીટ ગોંધી રાખી ડાન્સ કરાવ્યો

(એજન્સી) વડોદરા । તા. 15

વડોદરા શહેરના સમા-સાવલી રોડ પર આવેલા સમા સ્પા સેન્ટરમાં કામ કરતી એક યુવતી સાથે રૂ. ૬ હજારની નજીવી રકમની અદાવતમાં અપહરણ અને મારપીટની સનસનાટીભરી ઘટના સામે આવી છે. રૂપિયાની ઉઘરાણીને લઈને થયેલા ઝઘડાનો કરુણ અંત લાવવા માટે અપહરણકર્તાઓએ યુવતીને કારમાં ઉઠાવી જઈ એક ફ્લેટમાં ગોંધી રાખી હતી અને ત્યાં તેની સાથે મારપીટ કરીને બળજબરીથી ડાન્સ કરાવ્યો હોવાનો આક્ષેપ યુવતીએ કર્યો છે. આ બનાવની જાણ થતા જ સમા પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને અપહૃત યુવતીને હેમખેમ છોડાવી લીધી હતી.

સમા પોલીસ સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, સમા-સાવલી રોડ પર આવેલા 'ફીલિંગ વેલ સ્પા'માં કામ કરતી એક યુવતીએ લગભગ દોઢેક મહિના પહેલાં તેની સાથે કામ કરતી શિવાની નામની અન્ય યુવતીને રૂ. ૬,૦૦૦ ઉછીના આપ્યા હતા. જોકે, પૈસા લીધા બાદ શિવાની અધવચ્ચે જ કામ છોડીને જતી રહી હતી. આથી, મૂળ યુવતીએ શિવાની પાસે પોતાના રૂપિયાની ઉઘરાણી શરૂ કરી હતી, જેના કારણે બંને યુવતીઓ વચ્ચે અંટસ અને બોલાચાલી શરૂ થઈ ગઈ હતી.આ સમગ્ર કૃત્યનો હેતુ યુવતીને ડરાવી-ધમકાવીને રૂ. ૬,૦૦૦ની ઉઘરાણી કરવાનું બંધ કરાવવાનો હતો, પરંતુ આરોપીઓએ જે રીતે હિંસા અને દમનનો માર્ગ અપનાવ્યો તે અત્યંત નિંદનીય છે. વડોદરા અપહરણ અને મારપીટની આ ઘટનાએ શહેરમાં ખળભળાટ મચાવ્યો છે.

આ બનાવની જાણ સ્પાના સંચાલકને થતાં તેણે તાત્કાલિક સમા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. સમા પોલીસે ગંભીરતા સમજીને તાત્કાલિક યુવતીને શોધી કાઢવાની કામગીરી શરૂ કરી હતી અને આજે સવારે અપહૃત યુવતીને તાંદલજાના ફ્લેટમાંથી હેમખેમ છોડાવી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો- આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો.

**વૃષભ : બ. વ. ઉ.**

નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવાની શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો.

**સિંહ : મ. ટ.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.

**તુલા : ર. ત.**

મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો.

**વૃશ્ચિક : ન. ય.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂ ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો.

**મકર : ખ. જ.**

કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. પ્રેરણાદાયી પુસ્તક વાંચવું અથવા મૂવી જોવું આજે ખૂબ સરસ રહેશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારૂ ઈર્ષાયુક્ત વર્તન તમને દુ:ખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો.

₹10 હજાર કરોડના સહાય પેકેજ મુદ્દે Dy.CM હર્ષ સંઘવીની અધિકારીઓને ચેતવણી

# 'ખેડૂતની ફરિયાદ આવશે તો અધિકારીઓની ખેર નથી'

બારડોલી | ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના લસકાણા ખાતે આયોજિત 'પ્રજા વાત્સલ્ય પ્રતિનિધિ અભિવાદન સમારોહ'માંથી રાજ્યના અધિકારીઓને આકરો સંદેશ આપ્યો. તેમણે તાજેતરમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને અપાયેલા સહાય પેકેજની વાત કરતાં સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, જો એક પણ ખેડૂતની વળતર બાબતે ફરિયાદ આવશે તો જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સરકારે કમોસમી વરસાદથી થયેલા નુકસાનના સર્વેનું કામ માત્ર 7 દિવસના રેકોર્ડ સમયમાં પૂર્ણ કરાવ્યું છે. તેમણે ખાતરી આપી હતી કે, રાજ્ય સરકારે જાહેર કરેલું 10 હજાર કરોડનું પેકેજ 10 દિવસમાં ખેડૂતોના ખાતામાં પહોંચી જશે. આ દરમિયાન, તેમણે અધિકારીઓને સખત સૂચના આપતાં ભારપૂર્વક જણાવ્યું હતું કે:

અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે. જો એક પણ ખેડૂતની ફરિયાદ આવશે કે તેને નુકસાનનું વળતર યોગ્ય રીતે કે સમયસર મળ્યું નથી, તો વાત નહીં થાય અધિકારી સામે કડક પગલાં ભરવામાં આવશે. સરકારે ખેડૂતોને ઝડપી ન્યાય આપ્યો છે અને તે પૂરેપૂરો મળવો જ જોઈએ.

ખેડૂત સહાય ઉપરાંત સંઘવીએ સમાજમાં ચાલી રહેલા બે ગંભીર દુષણ સામે લડવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ડ્રગ્સને જડમૂળથી નાબૂદ કરવા માટે તેઓ પોલીસની પાછળ સખતપણે પડ્યા છે અને ગુજરાતમાંથી ડ્રગ્સનું દૂષણ નાબૂદ ન થાય ત્યાં સુધી તેઓ ઝંપવાના નથી.



**સમારોહમાં મક્કમ-મજબૂત વહીવટી માહોલ છવાયો**

'જે સંતાન માબાપને વૃદ્ધાશ્રમમાં મૂકે, તેમની પાસેથી ફંડ ન લેવું જોઈએ'

સામાજિક જવાબદારી પર ભાર મૂકતા તેમણે સંગઠનોને એક મજબૂત અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, જે સંતાન પોતાના માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મૂકે, તેવા વ્યક્તિઓ પાસેથી ફંડ ન લેવું જોઈએ કે તેમને કોઈપણ સમારોહમાં પહેલી હરોળમાં પણ ન બેસાડવા જોઈએ.

ડેપ્યુટી CM સંઘવીના આ સંકલ્પો અને અધિકારીઓને આપેલા આકરા સંદેશને કારણે સમારોહમાં એક મક્કમ અને મજબૂત વહીવટી માહોલ છવાયો હતો.

આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા, મેયર દક્ષેશ માવાણી સહિતના મહાનુભાવો અને પાટીદાર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમણે ગુજરાત પોલીસની કામગીરીની માહિતી આપતાં જણાવ્યું કે, છેલ્લા 4 વર્ષમાં 75 પાકિસ્તાની ડ્રગ્સ વેચનારાને જેલમાં મોકલવામાં આવ્યા છે.

# જામસલાયામાં 200 રૂપિયાની બાળકોની નોટોથી અનેક છેતરાયા

(એજન્સી) સલાયા | તા.15

સલાયા તેમજ આજુબાજુના ઘણા લોકો હાલમાં એક ચાલાકીનો શિકાર બની છેતરાયાની ફરિયાદો ઉઠી છે.સલાયામાં ફોટોમાં દર્શાવાયા મુજબની 200 રૂપિયાની નોટની ખુબજ ભરતી આવતી ચિલ્ડ્રન બેંકની નોટો છેતરીને લોકોને છેતરવાના પ્રયોગો થઈ રહ્યા છે.જાણવા મળેલ વિગત મુજબ 200 રૂપિયાની અસલી ચલણી નોટ સાથે ખુબજ ભરતી આવતી જેમાં મહાત્મા ગાંધીજીની પણ તસવીર આવેલ છે અને કલર પણ અસલી નોટો સાથે મેચ થતો હોય છે.જેથી ઘણા લોકો આનો શિકાર બન્યા છે. આ 200 વારી નોટની સાઈઝ પણ અસલી નોટો જેવીજ હોય મોટા વ્યાપારી તેમજ બુઝર્ગ અને અશિક્ષિત વ્યક્તિ આનો ભોગ બને છે. સરકારએ આવી ખુબજ ભરતી આવતી 200 ની નકલી નોટો બનાવતી કંપની ઉપર કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. તેમજ બજારમાં પણ આવી બાળકોની રમત માટે બનાવટી નોટોમાં આટલી બધી સામ્યતા ન હોવી જોઈએ. હાલ ઘણા લોકો છેતરાયાના કિસ્સા ગામમાંથી જાણવા મળે છે.હવે પોલીસ અને સરકાર શ્રીએ તુરંત આ બાબતે યોગ્ય પગલા ભરવા માંગ કરાઈ છે.




# 500 ગામમાં 1264 ફોર્મ ભરાયાં : 8માંથી 5 તાલુકામાં સર્વર ડાઉન...

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લામાં ફોર્મ પાક નુકસાની ફોર્મ ભરવાની શુક્રવારથી શરૂઆત થઇ હતી. જેમાં પ્રથમ દિવસે સર્વર ડાઉન, ડોક્યુમેન્ટ સહિતની મુશ્કેલી થઇ હતી.જ્યારે એક દિવસમાં 1264 ફોર્મ ભરાયા હતા. સુરેન્દ્રનગર જિલ્લામાં ચોમાસુ પાક ઓકટોબરમા કમોસમી વરસાદને કારણે ધોવાઇ ગયો હતો.જેમાં 10 તાલુકાના 500 ગામોમાં કપાસ મગફળી તુવેર સહિત પાકને નુકશાની ધ્યાને આવી હતી. હાલ સરકારે 10 હજાર કરોડ સહાય જાહેર કરી જેના ફોર્મ ભરવાનુ શુક્રવારથી શરૂ થયુ જેમાં પ્રથમ દિવસે ધ્રાંગધ્રા, મુળી,



ચોટીલામાં સમસ્યા જણાઇ ન હતી જ્યારે વઢવાણ, લખતર, પાટડી, સાયલામાં નેટ ધીમુ સર્વરડાઉન, દાખલા માટે સમસ્યા ધ્યાને આવી હતી.ત્યારે પ્રથમ દિવસે ખેડૂતો સહાય મેળવવા માટે દોડતા જણાયા હતા.

## ચુડા સરકારી ગોડાઉનમાંથી શંકાસ્પદ 16 સેમ્પલ લીધા

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લામાં આરોગ્ય સાથે ચેડા કરી ખાદ્ય ચીજવસ્તુના વેપારીઓ લોકોને પધરાવી રહ્યા છે. ત્યારે આવા લોકો સામે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. તો બીજી તરફ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા સરકારી ગોડાઉનોમાં પણ તપાસ કરવામાં આવે છે. ચુડામાં આવેલા સરકારી ગોડાઉનમાં તા. 13 સપ્ટેમ્બર- 2025ના દિવસે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ફૂડ ઈન્સ્પેકટર પી.બી.સાવલીયાસહિતના 16 જેટલા શંકાસ્પદ નમૂનાઓ લેવામાં આવ્યા હતા.

# ખારાઘોઢા ફાયરિંગ કેસના આરોપીને એક દિવસના રિમાન્ડ પર મોકલાયો...

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના ખારાઘોઢા ગામે ગત તારીખ ૧૩મીએ થયેલા સનસનીખેજ ફાયરિંગ કેસના આરોપીને આખરે પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે અને તપાસના ભાગરૂપે તેને ઘટનાસ્થળે લઈ જઈ ગુનાનું રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. નજીવી બાબતના મનદુ:ખમાં એક યુવાન પર ફાયરિંગ કરવાની આ ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૧૩મી તારીખે સવારે ખારાઘોઢા ગામના સલીમભાઈ સિકંદરભાઈ કાદી નામના યુવાન પર દેગામના શખ્સ સીરાઝખાન ભાણજીખાન મલેકે ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં સલીમભાઈને પેટ અને સાથળના ભાગે છરા વાગતા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે વિરમગામની શિવ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ ગુનાને ગંભીરતાથી લઈ આરોપીને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ફાયરિંગ પાછળનું ચોંકાવનારું કારણ સામે આવ્યું છે.

સ્પીડના 300 મેમોનો આંકડો 1300એ પહોંચ્યો

# મહેસાણામાં એક મહિનામાં 4954 વાહનચાલકને 1.25 કરોડનો દંડ ફટકારાયો...



મહેસાણા | મહેસાણા જિલ્લામાં વાહન હંકારવા ના તમામ પ્રકારના નીતિનિયમો નેવે મૂકી બેફામ વાહનો ચલાવતા વાહનચાલકોને નિયંત્રણમાં લેવા મહેસાણા આરટીઓ વિભાગે કડક કાર્યવાહી શરૂ કરી છે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરેલા નિયમોમાં વાહનોમાં ઓવર લોડ, ઓવર ડાયમન્સ, ટેક્ષ ભર્યા વિના, ફિટનેસ વિનાના, ઓવર સ્પીડ, પરમીટ વિનાના અને વાહનોના જરૂરી દસ્તાવેજ ના હોય તો પણ વાહનો ચાલતા હોય એવા તમામ વાહનો સામે મહેસાણા જિલ્લા પ્રાદેશિક વાહન વ્યવહાર વિભાગે દંડનીય કાર્યવાહી કરી છે.

છેલ્લા ત્રણ માસથી મહેસાણા જિલ્લા વાહન વ્યવહાર વિભાગે બેફામ વાહનચાલકો સામે દંડનીય કડક કાર્યવાહી વધારી દીધી છે. ત્રણ માસથી દંડનીય કડક કાર્યવાહીના પગલે મહેસાણા આરટીઓ વિભાગની આવક જે ત્રણ માસ અગાઉ 2021 વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી 67.71 લાખ દંડ વસુલ્યો હતો. પણ આરટીઓ વિભાગની કડક કાર્યવાહીના પગલે ત્રણ માસ બાદ એક માસમાં 4,954 વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરતા 1.25 કરોડની આવક નોંધાઈ છે.આમ મહેસાણા આરટીઓ વિભાગ ની કડક દંડનીય કાર્યવાહી ના ત્રણ માસ માં 100 ટકા વધારો નોંધાયો છે.

સ્વપ્નિલ પટેલ આરટીઓ ઓફિસરએ જણાવ્યું કે, મોટાભાગે હેવી કોમર્શિયલ વ્હીકલોની અંદર જે દસ્તાવેજો વિનાના વાહનો હોય ઘણી વખતે પરમિટ ભંગ હોય, ફિટનેસ ના હોય, તો એવા જે વાહનો છે એની ઉપર દંડનીય કાર્યવાહી થઈ છે. સામે ઓવરલોડ અને ઓવર ડાયમેન્શન વ્હીકલો હોય છે એની ઉપર પણ કાર્યવાહી વધારવામાં આવી છે.

કાળીયાબીડમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

# LCBએ બેને 5 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં

(એજન્સી) ભાવનગર | તા.15

ભાવનગર શહેરના કાળીયાબીડ વિસ્તારમાં એક સપ્તાહ પૂર્વે થયેલ ઘરફોડ ચોરીનો ભેદ એલસીબીની ટીમે ઉકેલી નાંખ્યો છે. બે ચોરને ચોરીમાં ગયેલા મુદ્દામાલ સાથે ઝડપી લઇ 6 માસ પૂર્વે આ જ વિસ્તારમાં થયેલી અન્ય એક ચોરીનો ભેદ પણ ઉકેલ્યો છે. તાજેતરમાં ભાવનગર શહેરના કાળીયાબીડ વિસ્તારમાં વૃંદાવન પાર્ક સોસાયટીમાં રહેતા મહેશ જયંતિલાલ પટેલના બંધ મકાનને અજાણ્યા શખ્સોએ ધોળા દિવસે નિશાન બનાવી ઘરમાંથી રોકડ રકમ તથા દાગીનાની ચોરી થઇ હતી. આ અંગે મકાન માલિક મહેશે અજાણ્યા શખ્સો વિરુદ્ધ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં આ ફરિયાદ અનુસંધાને એલસીબીની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી.

આ દરમિયાન એલસીબીને ટેકનિકલ સોર્સીસ તથા બાદમીદારોની મદદથી ચોક્કસ માહિતી મળી હતી કે, શહેરના જેલ ગ્રાઉન્ડ પાસે બે શખ્સ શંકાસ્પદ દાગીના રોકડ સાથે બેઠા છે, આથી એલસીબીની ટીમે તુરંત જ ઘટનાસ્થળે પહોંચી બંને શખ્સને અટકમાં લઈ તેની પાસે રહેલા મુદ્દામાલની તલાસી અને પૂછપરછ હાથ ધરી હતી. આ મુદ્દામાલ અંગે સંતોષકારક જવાબ ન આપતા બંને શખ્સને પોલીસ મથકે લાવી સઘન પૂછપરછ કરતા તેઓએ જણાવ્યું હતું.

### નીલમબાગ પોલીસને હવાલે

ઉપરાંત આજથી છ એક મહિના પહેલા બપોરના જ સમયે કાળિયાબીડમાં વિક્ટોરિયા પાર્કની દિવાલ પાસે આવેલી એક બંધ મકાનના પણ તાળા તોડી રોકડા રૂપિયા 25,000 તથા સોનાનો ચેનની ચોરી કરી હતી.

આ ચેન હીરુ ગુમાન રહે.સિહોર વાળાને વેચવા માટે આપ્યો હતો, જેના રૂ.19,000 મળતા આ રૂપિયા તેઓ વાપરી ગયા અને મોજ શોખમાં ઉડાવી ગયા હોવાનું જણાવ્યું હતું.

ઘરમાં વોન્ટેડ આરોપીને આશરો આપતાં ખાખીની શાખ પર ડાઘ, દારૂ પણ ઝડપાયો...

# મહિલા કોન્સ્ટેબલની હરકતથી પોલીસની 'નજર નીચી'

(એજન્સી) ભાવનગર | તા.15

કહેવાય છે કે ગુનેગાર ભલે ગમે તેટલો શાતિર હોય, પરંતુ તે ક્યારેય પોલીસની નજરથી બચી શકતો નથી. પણ જો તે ગુનેગારને પોલીસ જ બચાવતી હોય તો? શું આ વાંચીને તમને ક્યાંક એવું તો નથી લાગતું ને કે લખવામાં કોઈ ભૂલ થઈ છે. તો તમને જણાવી દઈએ કે આ કોઈ લખવામાં ભૂલ નથી થઈ, પરંતુ ભાવનગરમાં ખાખીને ડાઘ લગાવતો એક કિસ્સો સામે આવ્યો છે અમે તેના વિશે તમને જણાવી રહ્યા છીએ.

વાત જાણે એમ છે કે એટ્રોસીટી કેસમાં ફરાર એક આરોપી પાર્થ દિનેશ ધાંધલ્યા કે જેણે શોધવા ભાવગનર પોલીસે આખું ગામ ફેંદી નાખ્યું તે વોન્ટેડ આરોપીને ભાવનગર પોલીસમાં ફરજ બજાવતી એક મહિલા કોન્સ્ટેબલ(હવે સસ્પેન્ડેડ) નયના નાનજીભાઈ બારૈયાએ જ ઘરમાં આશરો આપ્યો હતો. આ વાત આટલેથી નથી અટકતી જ્યારે બાતમી મળતા SC-ST સેલ મહિલા કોન્સ્ટેબલ નયનાના ઘરે પહોંચે છે ત્યારે ઘરમાંથી ઈંગ્લિશ દારૂની એક બોટલ, ખાલી બિયરના ટીન અને પોલીસ ચોપડે વોન્ટેડ આરોપી પાર્થ દિનેશ ધાંધલ્યા પણ મળે છે.

સાથે જ ઘરમાં સર્ચ દરમિયાન એક રૂમમાંથી અન્ય એક મહિલા કોન્સ્ટેબલ ઉષા ભુપતભાઈ જાની પણ મળી આવતા પોલીસે 2 મહિલા પોલીસ કર્મી અને વોન્ટેડ આરોપીને ઝડપી લીધા છે. ઉલ્લેખનીય છે કે મહિલા કોન્સ્ટેબલ નયનાની હરકતથી પોલીસની 'નજર નીચી' થઈ ગઈ છે. અને પોતાના ઘરમાં જ વોન્ટેડ આરોપીને આશરો આપતા ખાખીની શાખ પર ડાઘ લાગ્યો છે.

ઘટના અંગે વિગતે વાત કરીએ તો તળાજા તાલુકાના દેવલી ગામે વાડી વિસ્તારમાં પીપરલા રોડ પર રહેતા પાર્થ દિનેશ ધાંધલ્યા વિરુદ્ધ એટ્રોસીટી અંગે ફરિયાદ દાખલ થઈ હતી. આ ગુનો નોંધાયા બાદ આરોપી વોન્ટેડ હોય આરોપીને ભાવનગર શહેરના ટોપ થ્રી સર્કલ પાછળ આવેલા રોયલ પાર્ક પ્લોટ નંબર.18માં રહેતી અને ભરતનગર પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી નયના નાનજીભાઈ બારૈયા નામની મહિલા કોન્સ્ટેબલે પોતાના ઘરમાં આશરો આપ્યો હોવાની બાતમી SC-ST સેલની ટીમને મળી હતી.

હાઈફાઈ લાઈફ સ્ટાઈલ, મોંઘી ગાડી, ફેશનેબલ કપડાં અને સોશિયલ મીડિયામાં રીલ બનાવવાની શોખીન મહિલા કોન્સ્ટેબલ નયનાની 'મીઠી નજર' નીચે આરોપી બિન્દાસ્ત તેના ઘરમાં રહેતો હતો.

જે પોલીસનું નામ સાંભળી આરોપી ફફડવો જોઈએ તે પોલીસે જ આરોપીને પોલીસથી બચાવવા માટે પોતાના ઘરમાં આશરો આપ્યો હતો.

આરોપી પાર્થ દિનેશ ધાંધલ્યા અને મહિલા કોન્સ્ટેબલને ભરોસો હતો કે ખાખી ક્યારેય ખાખી પર શંકા નહીં કરે. પણ મહિલા કોન્સ્ટેબલ અહીં જ છેતરાઈ ગઈ. બાતમી મળતા જ SC-ST સેલ અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે મહિલા પોલીસ કર્મીના ઘરે સંયુક્ત રેડ કરી.

કાયદાકીય સકંજો વધુ મજબૂત

## મહેસાણા સેશન્સ કોર્ટે જમીન છેતરપિંડી કેસના આરોપીના જામીન ફગાવ્યા



મહેસાણા : મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના મુદરડા ગામે જમીનના મૂળ માલિકની જાણકારી બહાર, તેમની બનાવટી સહી કરીને સાડા ચાર વિઘા જમીનનો વેચાણ દસ્તાવેજ કરી દેવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીને મહેસાણા સેશન્સ કોર્ટે જામીન આપવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. કોર્ટે આરોપીની આગોતરા જામીનની અરજી ફગાવી દેતા આ પ્રકારના ગુના આચરનારા તત્વોને મોટો ફટકો પડ્યો છે. આ કેસનો ગુનો લગભગ ત્રણ વર્ષ અગાઉ લાંઘણજ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો, અને હવે કાયદાકીય પ્રક્રિયાના અંતે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે.

આ સમગ્ર પ્રકરણ મહેસાણા જિલ્લાના જોટાણામાં આવેલા મુદરડા ગામ સાથે જોડાયેલું છે. ગામના રહીમખાં મહોમદખાં પઠાણની માલિકીની, ગામની સીમમાં આવેલી જુનો સર્વે નંબર ૪૮૬(૧) વાળી આશરે સાડા ચાર વિઘા જમીન હતી. ફરિયાદીને જાણ પણ ન થાય તે રીતે, આરોપી પઠાણ ભીખનખાં બાજીતખાંએ અને તેમના સાથીદારોએ ભેગા મળીને એક કાવતરું રચ્યું હતું. આરોપીઓએ મૂળ માલિકની બનાવટી સહીઓ કરીને બ્લોક નંબર ૫૨૦ વાળી આ કિંમતી જમીન ગત ૯ મે, ૨૦૨૨ના રોજ વેચાણ દસ્તાવેજ મારફતે પટેલ અશોકકુમાર રામાભાઈ તથા પટેલ ગોવિંદ ભક્તીભાઈ (રહે, મુદરડા)ને માત્ર રૂપિયા ૮૯ હજારમાં વેચી મારીને ગંભીર છેતરપિંડી આચરી હતી.

# રાજકોટમાં પતિનું પત્ની પર ફાયરિંગ, હાલત ગંભીર પતિએ પોતાના લમણે ગોળી મારી આત્મહત્યા કરી

(એજન્સી) રાજકોટ | તા.15

| રાજકોટ શહેરના નાગેશ્વર વિસ્તારમાં આવેલ એક બિલ્ડીંગ પટાંગણમાં કરુણ ઘટના સામે આવી છે. પ્રેમ સંબંધમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા દોઢ મહિનાથી ચાલતા તકરારને લઈ આખરે ઉશ્કેરાયેલા પતિએ આજે સવારના સમયે પત્ની યોગમાંથી પરત આવતા પત્ની ઉપર ફાયરિંગ કરી દીધું હતું અને બાદમાં પોતે જાતે લમણે ગોળી મારી દઈ આત્મહત્યા કરી લીધી છે.

હાલ પત્નીની હાલત ગંભીર છે તેને પહેલાં સિવિલમાં સારવારમાં ખસેડાઈ હતી. ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ છે. કાકી ભત્રીજા વચ્ચે પાંગરેલા પ્રેમ સબંધનો કરુણ અંજામ આવ્યો છે. બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. FSL ટિમ આવી રિવોલ્વર કબ્જે કરી કાર્યવાહી શરૂ કરી છે.

રાજકોટના જામનગર રોડ પર આવેલ નાગેશ્વર વિસ્તારમાં રહેતા અને ચોટીલા આપાગીગા ઓટલા



ખાતે સેવક તરીકે કામ કરતા પતિએ આજે સવારના સમયે તેમના ઘરની સામે આવેલ એક બિલ્ડીંગના પટાંગણમાં પોતાની પત્નીને ગોળી મારી દીધા બાદ પોતે પોતાના લમણે ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્ટાફ તેમજ ડીસીપી ક્રાઈમ ઘટના સ્થળે દોડી ગયા હતા જ્યાં સ્થળ પરથી પોલીસને 3 કાર્ટીસ મળી આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના ભત્રીજા સાથે પત્નીને પ્રેમ સબંધ હતો. જેની જાણ થતા પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને પત્ની ઘર છોડી એક બિલ્ડિંગમાં રહેતી તેની સહેલીના ઘરે રહેવા જતી રહી હતી. દોઢ મહિનાથી પતિ મનાવતા હતા અને પરત ઘરે આવી જવા માટે કહેવામાં આવ્યું હતું. આમ છતાં પત્ની ઘરે પરત ન આવતી હતી આજે સવારે રોષે ભરાયેલ પતિએ પત્ની યોગા કરી પરત આવતા પટાંગણમાં પોતાની પરવાના વાળી રિવોલ્વરથી ફાયરિંગ કરી પત્નીને ગોળી મારી બાદમાં પોતે લમણે ગોળી મારી આત્મહત્યા કરી લીધી છે.

મૃતકની બહેને કહ્યું કે, દોઢ વર્ષ ને દોઢ મહિનાથી આ તો બેય નોખા જ રહે છે. એને મારો ભાઈ હાથ-પગ જોડીને મનાવવા જાતો કે ભઈ તું આવી જા. તે જે કર્યું એ હું તને તો પણ એક્સેપ્ટ કરવા તૈયાર છું. એની પત્ની ઈ ઓલો એનો પ્રેમી, અન્ય બે મહિલા, આ ત્રણેય થઈને એક એણે જ આ બધું કરાવ્યું છે. આ ચારેય થઈને મારા ભાઈનો જીવ લીધો છે.

# ખીજડીયા પક્ષી અભયારણ્યમાં ૨૦૦થી વધુ પ્રજાતિના યાયાવર પક્ષીઓનું આગમન

જામનગર | ગુજરાતની પક્ષી જગતની ઓળખ સમાન ખીજડીયા પક્ષી અભયારણ્યમાં શિયાળુ મહેમાનોનું આગમન શરૂ થઈ ગયું છે. જામનગર શહેરથી માત્ર ૧૨ કિલોમીટરના અંતરે ૬૦૫ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું આ અભયારણ્ય ભારતમાં પોતાના વૈવિધ્યસભર પક્ષીઓ માટે આગવું સ્થાન ધરાવે છે. છેલ્લા પખવાડિયાથી ઠંડીનો પગરવ સંભળાતા જ દેશ-વિદેશના યાયાવર પક્ષીઓનું આગમન પૂરજોશમાં શરૂ થઈ ચૂક્યું છે, જેના કારણે હાલ અહીં ૨૦૦ જેટલા પ્રજાતિના પક્ષીઓ મહેમાન બન્યા છે અને તેની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

જામનગર સ્થિત ખીજડીયા પક્ષી અભયારણ્યને રામસર સાઈટનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે, જે તેના પર્યાવરણીય મહત્ત્વને વૈશ્વિક સ્તરે પ્રમાણિત કરે છે. દર વર્ષે અહીં ૩૦૦થી વધુ પ્રજાતિના પક્ષીઓ શિયાળાની ઋતુમાં આશ્રય લેવા આવે છે.

આ વર્ષે પણ સ્થાનિક પક્ષીઓની સાથે સાથે વિદેશથી પધારેલા અનેક અદ્ભૂત પક્ષીઓ જોવા મળી રહ્યા છે. જેમાં ખાસ કરીને કાળી ડોક ઢોંક નકટો, સુંદર કુંજ, નાની મુરઘાબી, ચેતવા, ચંચળ પાન અને હંસ જેવા પક્ષીઓનું આગમન થયું છે. આ ઉપરાંત પાણીમાં રહેતા, દરિયાકાંઠાના અને વૃક્ષોમાં આશ્રય લેતા અનેક પ્રકારના પક્ષીઓથી ખીજડીયા ગુંજી ઉઠ્યું છે.

રેન્જ ફોરેસ્ટ ઓફિસર દક્ષાબેન વઘાસિયાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં અભયારણ્યમાં ૨૦૦ જેટલા પ્રજાતિના પક્ષીઓ હાજર છે, પરંતુ પક્ષીઓની સંખ્યામાં પ્રતિદિન વધારો થઈ રહ્યો છે.

# News Brief

## ભારતીય રૂપિયાની પીછેહઠ ફ્રી સ્કીમ્સ અને છૂટછાટોથી સતત જોવા મળી

અમદાવાદ : જેફરીઝના જાણીતા શેરબજારના નિષ્ણાત ક્રિસ્ટોફર વુડે તેમના તાજેતરના રિપોર્ટમાં ભારતીય અર્થતંત્રના કેટલાક મુખ્ય પડકારો અને આશાવાદને ઉજાગર કર્યા છે. આ વર્ષે ભારતીય શેરબજારે અન્ય દેશોની સરખામણીમાં નબળું પ્રદર્શન કર્યું છે, અને ચિંતાનો વિષય એ છે કે અન્ય ઉભરતા બજારોના ચલણોમાં ભારતીય રૂપિયાની પીછેહઠ સૌથી વધુ જોવા મળી છે. આ નબળાઈ પાછળનું મુખ્ય કારણ રાજ્ય સરકારો દ્વારા ચૂંટણી જીતવા માટે જાહેર કરવામાં આવતી ફ્રી સ્કીમ્સ અને છૂટછાટો ને ગણાવવામાં આવ્યું છે.ક્રિસ્ટોફર વુડનો આર્થિક રિપોર્ટ ભારપૂર્વક જણાવે છે કે દેશની આર્થિક સ્થિતિ સૂચવે છે કે રૂપિયાનો ઘટાડો હવે રોકી શકાય તેમ છે, પરંતુ ફ્રી સ્કીમ્સ અને છૂટછાટો જેવી રાજકીય પ્રેરિત યોજનાઓ રૂપિયાને સ્થિર રાખવામાં એક નોંધપાત્ર જોખમ ઊભું કરે છે. તેમના મતે, આવી વિના મૂલ્યે વિતરણ યોજનાઓથી રાજ્યોના ઘણા પૈસા ખર્ચ થઈ રહ્યા છે. વુડના મતે, કેન્દ્ર સરકારની નાણાકીય સ્થિતિ સંતોષકારક છે, પરંતુ રાજ્ય સરકારોની સ્થિતિ નબળી પડી રહી છે, કારણ કે છેલ્લા બે વર્ષમાં, રાજ્યોએ આવી ઘણી લોકપ્રિય યોજનાઓ શરૂ કરી છે, જે ચિંતા પેદા કરે છે. ફ્રી સ્કીમ્સ અને છૂટછાટો ની રાજનીતિ રાજ્યો પર નાણાકીય બોજ વધારી રહી છે.જોકે, આ પડકારો વચ્ચે કેટલાક સકારાત્મક સંકેતો પણ છે. વુડે નિર્દેશ કર્યો કે ભારત પાસે હાલમાં ૬૯૦ બિલિયન ડૉલરનો વિદેશી હૂંડિયામણ ભંડાર છે, જે ૧૧ મહિના માટે દેશની આયાતને આવરી લેવા માટે પૂરતો છે. વધુમાં, આગામી વર્ષ (૨૦૨૫-૨૬) માં ભારતની ચાલુ ખાતાની ખાધ નોંધપાત્ર રીતે જીડીપીના માત્ર ૦.૫% સુધી ઘટી શકે છે.

## બિટકોઇનમાં કડાકો ભાવ $100000 ની અંદર સરકી ૬% થી વધુ તૂટયો

મુંબઈ : અમેરિકામાં સરકારી શટડાઉન સમાપ્ત થવા અને ફેડરલ ઓપન માર્કેટ કમિટિ (FOMC) ની ડિસેમ્બરની બેઠકમાં વ્યાજ દરોમાં ઘટાડો નહીં આવે તેવા કમિટિના સભ્યોના સ્પષ્ટ સંકેતોને કારણે ક્રિપ્ટોકરન્સીઝ જેવા જોખમી એસેટ્સના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. મુખ્ય ક્રિપ્ટો એસેટ બિટકોઈનમાં કડાકો બોલતા, તેના ભાવ છ ટકાથી વધુ તૂટીને $૧,૦૦,૦૦૦ ની અંદર સરકી ગયા હતા અને મોડી સાંજે $૯૭,૦૦૦ ની આસપાસ ક્વોટ થઈ રહ્યા હતા. આ વૈશ્વિક ઘટનાક્રમની સીધી અસર ક્રિપ્ટો બજાર પર પડી છે. છેલ્લા ચોવીસ કલાકમાં, બિટકોઈન નીચામાં $૯૬,૫૯૦ સુધી પહોંચી ગયો હતો, જ્યારે ઉપરમાં $૧,૦૩,૨૦૪ ની સપાટી બનાવી હતી. મોડી સાંજે તે $૯૭,૪૬૦ આસપાસ ક્વોટ થતો હતો. અન્ય મુખ્ય ક્રિપ્ટોકરન્સીઝ જેમ કે ઈથરમ, બિનાન્સ, એક્સઆરપી અને સોલાનામાં પણ આઠ ટકા સુધીનું કરેક્શન જોવા મળ્યું હતું. મોટાભાગની ક્રિપ્ટોકરન્સીઝમાં ઘટાડાને પરિણામે, ક્રિપ્ટોસની વૈશ્વિક માર્કેટ કેપ ઘટીને $૩.૨૭ ટ્રિલિયન સાથે છ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઈ હતી.બિટકોઈન અને ઈથરમ બંને તેમની તાજેતરની ઓલટાઈમ હાઈ સપાટીએથી અનુક્રમે ૨૪ ટકા અને ૩૬ ટકા જેટલા ઘટી ગયા છે. ભાવ દબાણ હેઠળ આવવાનું એક મુખ્ય કારણ ઈટીએફમાંથી જંગી આઉટફલો છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકામાં લિસ્ટેડ ૧૧ સ્પોટ બિટકોઈન એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ETFs) માંથી ગુરુવારે સંયુક્ત રીતે $૮૬.૯૮ કરોડનો આઉટફલોસ જોવા મળ્યો હતો, જે કોઈ એક દિવસમાં અત્યાર સુધીનો સૌથી મોટો આઉટફલોસ હોવાનું માનવામાં આવે છે. આ જંગી આઉટફલોસને કારણે $૧.૧૦ અબજ ડૉલરના લેણને ફરજિયાતપણે લિક્વિડિટ કરાયું હોવાના અહેવાલો પણ મળ્યા છે.

## રિઝર્વ બેંકની નીતિ મૂંઝવણ: નીચો ફુગાવો અને ૭% થી વધુ જીડીપી વૃદ્ધિની બેવડી અસર


નવી દિલ્હી : એસબીઆઇ રિસર્ચ દ્વારા તૈયાર કરાયેલા એક અહેવાલ મુજબ, આગામી બે મહિનામાં સોના સિવાયના ક્ષેત્રોમાં ફુગાવો નકારાત્મક રહેવાની શક્યતા છે. આ અસામાન્ય રીતે નીચા ફુગાવાના વાતાવરણને કારણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) માટે આગામી ડિસેમ્બર નીતિ સમીક્ષામાં નીતિ વિષયક મૂંઝવણ ઊભી થઈ છે. આ વર્ષે ઓક્ટોબરમાં ભારતનો ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) ફુગાવો વાર્ષિક ધોરણે ઘટીને ૦.૨૫ ટકાના સર્વકાલીન નીચા સ્તરે પહોંચી ગયો હતો, જે મુખ્યત્વે ખાદ્ય પદાર્થો અને પીણાંના ઘટતા ભાવોને આભારી છે. શાકભાજી, કઠોળ અને મસાલાના ભાવમાં ઘટાડો ચાલુ રહ્યો, જ્યારે ફળ, તેલ અને ચરબીના ફુગાવામાં પણ ઘટાડો જોવા મળ્યો. જોકે, સોનાના ભાવોમાં વધારાને કારણે પર્સનલ કેર અને ઈફેક્ટ્સના ફુગાવાને ૫૭.૮ ટકા સુધી વધાર્યો હતો; સોનાને બાકાત રાખવામાં આવે તો મુખ્ય છૂટક ફુગાવો નકારાત્મક રહેવાની શક્યતા છે, જે વાર્ષિક ધોરણે -૦.૫૭ ટકા જેટલો નોંધાયો હતો. ઓક્ટોબરમાં કોર સીપીઆઈ (Core CPI) ૪.૩૩ ટકા પર લગભગ સ્થિર રહ્યો, જે સપ્ટેમ્બરમાં ૪.૩૬ ટકા હતો. જોકે, સોનાને બાદ કરતાં કોર સીપીઆઈ ઘટીને ૨.૬ ટકા પર આવી ગયો હતો. એસબીઆઇ રિસર્ચે નોંધ્યું કે તાજેતરના જીએસટી (GST) રેશનલાઈઝેશનથી ફુગાવાને વધુ ઘટાડવામાં મદદ મળી છે. અગાઉના અંદાજો ૬૫-૭૫ બેસિસ પોઈન્ટ્સના ઘટાડાનું સૂચન કરતા હતા, પરંતુ વાસ્તવિક ઘટાડો ૮૫ બેસિસ પોઈન્ટ્સની આસપાસ રહ્યો છે. રાજ્ય-વાર ફુગાવાની પેટર્ન અસમાન રહી છે. કેરળમાં સૌથી વધુ ૮.૫૬ ટકા ફુગાવો નોંધાયો હતો, ત્યારબાદ જમ્મુ-કાશ્મીર (૨.૯૫ ટકા) અને કર્ણાટક (૨.૩૪ ટકા) માં ફુગાવો જોવા મળ્યો હતો. ૨૨ રાજ્યોમાંથી, ૧૨ રાજ્યો નકારાત્મક ફુગાવો દર્શાવે છે.

### નાગાલેન્ડ યુવાનોનું કૌશલ્ય વિકાસ સેમિકન્ડક્ટર એટીએમપી ક્ષેત્રે શરૂ

# ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને નાઈઈલઆઈટી કોહિમા વચ્ચે સેમિકન્ડક્ટર માટે ભાગીદારી

(એજન્સી) નવી દિલ્હી | તા 15

ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રની મુખ્ય કંપની ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને નાઈઈલઆઈટી કોહિમા (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી) વચ્ચે એક મહત્ત્વપૂર્ણ સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ (ATMP) ક્ષેત્રે નાગાલેન્ડ યુવાનોનું કૌશલ્ય વિકાસ કરીને તેમને રોજગાર માટે સજ્જ કરવાનો છે. આ સહયોગ ભારતમાં સેમિકન્ડક્ટર કૌશલ્ય ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે અને ઘરેલું સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં કુશળતાના અંતરને દૂર કરવામાં મદદ કરશે.



આ ભાગીદારી હેઠળ, ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને નાઈઈલઆઈટી કોહિમા સંયુક્ત રીતે ઉદ્યોગ-માનક તાલીમ કાર્યક્રમો અને અભ્યાસક્રમ વિકસાવશે. આ ઉપરાંત, અભ્યાસક્રમની સામગ્રી અને પ્રમાણપત્રો પણ તૈયાર કરવામાં આવશે જેથી ભારતીય યુવાનોને સેમિકન્ડક્ટર એટીએમપી અને સંબંધિત ક્ષેત્રોમાં રોજગાર માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કરી શકાય. ટાટા ઈલેક્ટ્રોનિક્સ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ અને વ્યાવસાયિક તાલીમ દ્વારા પ્રાયોગિક અનુભવ (Hands-on experience) પણ પ્રદાન કરશે, જે સુનિશ્ચિત કરશે કે તેઓ ઉદ્યોગ માટે સંપૂર્ણપણે તૈયાર છે.ડો. મદન મોહન ત્રિપાઠી, મહાનિદેશક, નાઈઈલઆઈટીએ આ ભાગીદારી વિશે વાત કરતા કહ્યું, 'નાઈઈલઆઈટીમાં, અમે એક શૈક્ષણિક અને સંશોધન વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છીએ જે ભારતીય વિદ્યાર્થીઓને આ ઉદ્યોગમાં સફળ માર્ગ બનાવવામાં મદદ કરશે અને નવીનતા આધારિત માનસિકતાનું પણ પોષણ કરશે.'

આ સહયોગ નાગાલેન્ડ યુવાનોનું કૌશલ્ય વિકાસ અને વ્યાપક પૂર્વોત્તર ક્ષેત્રના યુવાનોને સશક્ત બનાવવા પર વ્યૂહાત્મક ધ્યાન કેન્દ્રિત કરે છે, જે તેમને ભારતના સેમિકન્ડક્ટર વિકાસની ગાથામાં સક્રિયપણે ભાગ લેવા સક્ષમ બનાવશે. ટાટા ઈલેક્ટ્રોનિક્સ આસામના જાગીરોડમાં એક ઉચ્ચ-વોલ્યુમ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ ફેસિલિટીનું નિર્માણ કરી રહ્યું છે. આ સુવિધા લગભગ ૨૭,૦૦૦ રોજગારની તકો ઊભી કરે તેવી અપેક્ષા છે, જેમાં ૧૫,૦૦૦ પ્રત્યક્ષ નોકરીઓનો સમાવેશ થાય છે.ટાટા ઈલેક્ટ્રોનિક્સની નાઈઈલઆઈટી સાથેની આ ભાગીદારી પૂર્વોત્તર ભારતના યુવાનોને માત્ર આસામમાં તેના એકમ માટે જ નહીં, પરંતુ ભારતના અન્ય ભાગોમાં પણ સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવામાં મદદ કરશે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર ડો. રણધીર ઠાકુરે એમઓયુ વિશે વાત કરતા કહ્યું, 'ભારત સરકારે ભારતમાં આત્મનિર્ભર ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઈકોસિસ્ટમની સ્થાપનાની કલ્પના કરી છે. મજબૂત સેમિકન્ડક્ટર ઉદ્યોગનું નિર્માણ કરવા અને ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં મુખ્ય ખેલાડી બનાવવા માટે, પ્રતિભા એક મૂળભૂત આવશ્યકતા છે.'

ડો. ત્રિપાઠીએ સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે તાલીમ પર ભાર મૂકતા ઉમેર્યું કે, 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ દ્વારા કલ્પના કર્યા મુજબ, અમારું ધ્યાન ભારતીય શિક્ષણમાં ડિજિટલ વિભાજનને પાર કરવા અને પૂર્વોત્તર જેવા પ્રદેશોના યુવાનોને ઉચ્ચ-ગુણવત્તાવાળી શિક્ષણ પહોંચાડવા પર પણ છે.' આ સહયોગ ટાટા ઈલેક્ટ્રોનિક્સની ક્ષેત્રીય નિપુણતા અને નાઈઈલઆઈટીની મજબૂત ડિજિટલ શિક્ષણ ઈકોસિસ્ટમનો લાભ લઈને વિદ્યાર્થીઓને નોકરી માટે તૈયાર અને ઉદ્યોગની જરૂરિયાતો સાથે સંરેખિત કૌશલ્યોથી સજ્જ કરવામાં મદદ કરશે.આ ભાગીદારી ભારતના 'સેમિકન્ડક્ટર મિશન' અને 'મેક ઈન ઈન્ડિયા' પહેલ માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

## ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન નિયમો સૂચિત: એક્ટ ૨૦૨૩ સંપૂર્ણ કાર્યરત

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન નિયમો, ૨૦૨૫ ને સૂચિત કરીને ઐતિહાસિક DPDP એક્ટ, ૨૦૨૩ ને સંપૂર્ણપણે કાર્યરત કરી દીધો છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે આ કાયદો અને નિયમો ડિજિટલ વ્યક્તિગત ડેટાના જવાબદાર ઉપયોગ માટે એક સરળ, નાગરિક-કેન્દ્રિત અને નવીનતા-મિત્ર માળખું બનાવે છે. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ સંસદ દ્વારા અમલમાં મુકાયેલો આ અધિનિયમ ડિજિટલ વ્યક્તિગત ડેટાને સુરક્ષિત કરવા માટે વ્યાપક માળખું સ્થાપિત કરે છે, જેમાં ડેટાનું સંચાલન કરતી સંસ્થાઓ (ડેટા ફિડ્યુશિયરીઝ) ની જવાબદારીઓ અને વ્યક્તિઓ (ડેટા પ્રિન્સિપાલ) ના અધિકારો નક્કી કરવામાં આવ્યા છે. સમજૂતી અને પાલનની સરળતાને સમર્થન આપવા માટે સાદી ભાષા અને ઉદાહરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અધિનિયમ સંમતિ અને પારદર્શિતા, હેતુની મર્યાદા, ડેટાનું લઘુત્તમીકરણ, ચોકસાઈ, સંગ્રહ મર્યાદા, સુરક્ષા સુરક્ષા ઉપાયો અને જવાબદેહી સહિત સાત મુખ્ય સિદ્ધાંતો દ્વારા સંચાલિત છે, જે નાગરિકોને સશક્ત અને ગોપનીયતા સુરક્ષિત કરવાના લક્ષ્ય સાથે જોડાયેલા છે. નિયમોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા જાહેર ટિપ્પણીઓ માટે મુસદ્દો બહાર પાડવામાં આવ્યો હતો અને દિલ્હી, મુંબઈ, ગુવાહાટી, કોલકાતા, હૈદરાબાદ, બેંગલુરુ અને ચેન્નઈમાં વ્યાપક હિતધારકોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે પરામર્શ યોજવામાં આવ્યા હતા.

## ભારતીય આઈટી ક્ષેત્રમાં સિક્વન્શિયલ સુધારો: Q2 માં હકારાત્મક વૃદ્ધિનું પુનરાગમન

નવી દિલ્હી : એક્સિસ કેપિટલના એક અહેવાલ મુજબ, ભારતીય આઈટી ક્ષેત્રમાં સિક્વન્શિયલ સુધારો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ ના બીજા ક્વાર્ટર (Q2FY26) માં, આ ક્ષેત્રે હકારાત્મક સિક્વન્શિયલ વૃદ્ધિ હાંસલ કરી છે. છેલ્લા બે ક્વાર્ટરમાં ઘટાડો જોનાર ટીયર-૧ ટેકનોલોજી કંપનીઓએ વૃદ્ધિમાં પુનરાગમન કર્યું છે. જોકે, ટીયર-૨ ટેકનોલોજી કંપનીઓ વૃદ્ધિમાં મોખરે રહી છે અને વૃદ્ધિ તેમજ માર્જિન બંનેમાં ટીયર-૧ ને પાછળ છોડી દીધી છે. અહેવાલમાં ઉમેરાયું છે કે ઈન્ફોસિસ અને વિપ્રો સહિતની ટીયર-૧ કંપનીઓએ અપેક્ષાઓ સાથે સુસંગત વૃદ્ધિ નોંધાવી હતી, જ્યારે ટેક મહિન્દ્રાએ સહેજ વધુ સારો દેખાવ કરીને આશ્ચર્ય પમાડ્યું હતું. કોફોર્જ અને પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ જેવા ટીયર-૨ કંપનીના ખેલાડીઓએ સિક્વન્શિયલ વૃદ્ધિનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે ઈક્લર્ક્સ અને સેજિલિટી જેવી બીપીઓ-કેન્દ્રિત કંપનીઓએ સ્થિર પ્રદર્શન આપ્યું હતું. સમગ્ર ક્ષેત્રમાં નફાના માર્જિનમાં સુધારો જોવા મળ્યો હતો. કરન્સીના સાનુકૂળ પરિબળો (કરન્સી ટેઈલવિન્ડ્સ), વેતન વધારામાં વિલંબ અને મોસમી ખર્ચાઓની ગેરહાજરીના કારણે માર્જિનમાં વધારો થયો હતો.

### વૈશ્વિક નબળાઈ અને ઊંચા ટેરિફને કારણે નિકાસ-આયાત બંનેમાં ઘટાડો

## જેમ્સ એન્ડ જ્વેલરી વેપારમાં મંદી નિકાસ 30 ટકાથી વધુ ઘટીને $૨.૧૬ અબજ થઈ

નવી દિલ્હી : ભારતનો જેમ્સ એન્ડ જ્વેલરી વેપારમાં મંદી જોવા મળી છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા મુજબ, સબડ્યુડ વૈશ્વિક માંગ, ઊંચા વ્યાજ દરો, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને યુએસ ટેરિફની તીવ્ર અસરને કારણે ઓક્ટોબર ૨૦૨૫ માં નિકાસ અને આયાત બંનેમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે.GJEPC ના ડેટા દર્શાવે છે કે ઓક્ટોબર ૨૦૨૫ માં એક વર્ષ અગાઉના ૩,૧૨૨.૫૨ મિલિયન ડૉલર (રૂ. ૨૬,૨૩૭.૧૦ કરોડ) ની સરખામણીએ કુલ ગ્રોસ નિકાસ ૩૦.૫૭ ટકા ઘટીને ૨,૧૬૮.૦૫ મિલિયન ડૉલર (રૂ. ૧૯,૧૭૨.૮૯ કરોડ) થઈ છે. આયાત પણ ૧૯.૨ ટકા ઘટીને ૧,૨૭૬.૮ મિલિયન ડૉલર (રૂ. ૧૧,૨૯૯.૬ કરોડ) થઈ છે. કામા જ્વેલરીના મેનેજિંગ ડિરેક્ટર કોલિન શાહે જણાવ્યું હતું કે 'પહેલાં લાદવામાં આવેલા વેપાર ટેરિફની અસર હવે અનુભવાઈ રહી છે, જેના કારણે ખર્ચમાં વધારો થયો છે અને ખરીદીમાં ઘટાડો થયો છે, જ્યારે ઉત્પાદકો તહેવારોની મોસમ પછી ઈન્વેન્ટરી પણ સમાયોજિત કરી રહ્યા છે.' GJEPC મુજબ, ઓક્ટોબરમાં જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ અને આયાતમાં ઘટાડો મુખ્ય બજારો (યુએસ, યુરોપ, ચીન) માં નબળી માંગને કારણે થયો છે. આ ઘટાડો ધીમા આર્થિક વિકાસ, ઊંચા વ્યાજ દરો અને ગ્રાહકોના સાવચેતીભર્યા ખર્ચને કારણે થયો છે. ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ અને પુરવઠા શૃંખલાના વિક્ષેપોએ પણ વેપારને અસર કરી છે. ઘરેલુ સ્તરે, સોના અને હીરાના ભાવમાં વધઘટ, નિકાસકારો માટે મર્યાદિત ધિરાણ અને લેબ-ગ્રોન ડાયમંડ (LGD) ક્ષેત્રમાં સમાયોજનને કારણે આયાત અને નિકાસમાં ઘટાડો થયો છે. ચલણની વધઘટ અને મજબૂત યુએસ ડૉલરે કિંમતની સ્પર્ધાત્મકતા અને વેપારના જથ્થાને વધુ અસર કરી છે.

## આંધ્ર પ્રદેશમાં ૪૫૦૦ કરોડનું રોકાણ: એનાથી રાજ્યનું ડિજિટલ ઈકોસિસ્ટમ મજબૂત બનશે

નવી દિલ્હી : રાજ્ય સરકાર સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર આંધ્ર પ્રદેશ ઈકોનોમિક ડેવલપમેન્ટ બોર્ડ (APEDB) સાથે કરવામાં આવ્યો છે, અને આ પ્રસંગે રાજ્યના માહિતી ટેકનોલોજી, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન્સ મંત્રી નારા લોકેશ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ એમઓયુ અંતર્ગત, અનંત રાજ ક્લાઉડ દ્વારા બે તબક્કામાં આશરે ૪૫૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે, જે અદ્યતન ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્લાઉડ સર્વિસિસના નિર્માણ પાછળ ખર્ચાશે. કંપની દ્વારા શેરબજારોને અપાયેલી માહિતી મુજબ, આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટથી આશરે ૮,૫૦૦ પ્રત્યક્ષ અને ૭,૫૦૦ પરોક્ષ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે. આમ, કુલ ૧૬૦૦૦ નવી નોકરીઓનું સર્જન થતાં રાજ્યનું ડિજિટલ ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે. અનંત રાજનું ડેટા સેન્ટર રોકાણ હાલમાં વિકાસ હેઠળની કંપનીની ૩૦૭ મેગાવોટની ડેટા સેન્ટર ક્ષમતાના વિસ્તરણ ઉપરાંતનું છે.

### ઓક્ટોબરમાં ૮૯૨૯ કરોડનું સર્વોચ્ચ રોકાણ

## ફ્લેક્સી કેપ ફંડોની એયુએમ ૫.૩૪ લાખ કરોડની નવી ટોચ પર પહોંચીને ઈતિહાસ રચ્યો

અમદાવાદ : શેરબજારમાં જોવા મળી રહેલી અનિશ્ચિતતા અને વોલેટાલિટી વચ્ચે ફ્લેક્સી-કેપ મ્યુચ્યુઅલ ફંડ્સે પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. ઓક્ટોબર ૨૦૨૫ માં, ભલે એકંદર ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓમાં રોકાણનો પ્રવાહ ૧૯% ઘટીને ૨૪,૬૯૦ કરોડ રૂપિયા થયો હોય, તેમ છતાં ફ્લેક્સી કેપ ફંડોની એયુએમ અને તેમાં રોકાણનો પ્રવાહ સતત વધતો રહ્યો છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (AMFI) ના ડેટા મુજબ, ફ્લેક્સી-કેપ ફંડ્સે ઓક્ટોબર મહિનામાં સૌથી વધુ રોકાણ પ્રવાહ આકર્ષિત કર્યો હતો, જ્યાં રોકાણકારોએ આ ભંડોળમાં સપ્ટેમ્બરના ૭,૦૨૯ કરોડ રૂપિયાની સરખામણીમાં કુલ ૮,૯૨૯ કરોડ રૂપિયાનું વિશાળ રોકાણ કર્યું હતું. આ આંકડો સ્પષ્ટપણે રોકાણકારોનો વધતો વિશ્વાસ ફ્લેક્સી કેપમાં દર્શાવે છે.

બજારમાં અસ્થિરતાના સમયગાળા દરમિયાન સલામત માનવામાં આવતા ફ્લેક્સી-કેપ ફંડ્સમાં રોકાણકારોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. જાન્યુઆરી ૨૦૨૫ માં, આ કેટેગરીમાં ૫,૬૯૮ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું, જે ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં વધીને ૮,૯૨૯ કરોડ રૂપિયા થયું છે. સમગ્ર વર્ષ ૨૦૨૫ માં અત્યાર સુધીમાં આ કેટેગરીમાં ૬૨,૮૨૫ કરોડ રૂપિયાનું જંગી રોકાણ જોવા મળ્યું છે.ફ્લેક્સી કેપ ફંડોની એયુએમ એ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. આ કેટેગરીની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (AUM) હવે ૫.૩૪ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે.

### દુબઈ કામગીરીમાં ૧૦૯% થી વધુની વૃદ્ધિ: આંતરરાષ્ટ્રીય પહેલોની અસરકારકતા

## ઈઝી માય ટ્રીપનો મજબૂત ગ્રોથ: EBITDA માં ૭૬.૩ ટકાનો જબરજસ્ત વધારો

નવી દિલ્હી : ઈઝી માય ટ્રીપ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને હવાઈ મુસાફરીથી આગળ વધીને હોટેલ્સ, હોલિડે પેકેજીસ, બસ, ટ્રેન, કેબ, ક્રૂઝ અને ચાર્ટર બુકિંગ તેમજ અન્ય આનુષંગિક સેવાઓમાં વ્યાપક શ્રેણીની મુસાફરી સંબંધિત ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરે છે. કંપનીના અધ્યક્ષ, મેનેજિંગ ડિરેક્ટર અને સ્થાપક નિશાંત પિટ્ટીએ પરિણામો પર ટિપ્પણી કરતા જણાવ્યું, 'ઈઝી માય ટ્રીપનો મજબૂત ગ્રોથ Q2 FY26 માં તેના વ્યવસાયિક વર્ટિકલ્સમાં સંચાલકીય સ્થિતિસ્થાપકતા અને વ્યૂહાત્મક પ્રગતિ દર્શાવે છે.' કંપનીની બિન-એર મુસાફરીની વ્યૂહરચનાની સફળતા સ્પષ્ટપણે દેખાય છે. હોટેલ અને પેકેજીસ સેગમેન્ટ વૃદ્ધિનો મુખ્ય આધારસ્તંભ રહ્યો છે.હોટેલ રૂમ નાઈટ્સ બુકિંગ: ગયા વર્ષના સમાન ગાળાના ૨.૨ લાખથી વધીને ૪.૨ લાખ થયું, જે ૯૩.૩ ટકાનો વાર્ષિક વધારો દર્શાવે છે. સરેરાશ દરરોજ ૪,૬૦૦ રૂમ નાઈટ્સ બુક કરવામાં આવી.ટ્રેન, બસ અને અન્ય સેગમેન્ટ: બુકિંગ વાર્ષિક ધોરણે ૧૬.૦ ટકા વધીને ૨.૮ લાખથી ૩.૩ લાખ થયું. દૈનિક ફ્લાઈટ સેગમેન્ટ: સરેરાશ દરરોજ ૨૨,૪૦૦ ફ્લાઈટ સેગમેન્ટ બુક કરવામાં આવ્યા.આંતરરાષ્ટ્રીય વૃદ્ધિ પહેલોની અસરકારકતાને પ્રકાશિત કરતા, દુબઈ કામગીરીમાં ૧૦૯% થી વધુની વૃદ્ધિ નોંધાઈ છે. દુબઈ કામગીરીમાંથી GBR ગયા વર્ષના સમાન ગાળાના ૧૭૨.૫ કરોડ રૂપિયાની સરખામણીએ ૧૦૯.૭ ટકાના વાર્ષિક વધારા સાથે ૩૬૧.૭ કરોડ રૂપિયા નોંધાયો છે.નિશાંત પિટ્ટીએ જણાવ્યું, 'અમારી દુબઈ કામગીરીમાં ૧૦૯% થી વધુની વૃદ્ધિ એ અમારી વૈશ્વિક વૃદ્ધિની પહેલોની અસરકારકતાને પ્રકાશિત કરે છે. આ ત્રિમાસિક પ્રદર્શન અમારા વૈવિધ્યસભર વ્યવસાયિક મોડેલની મજબૂતી અને ઈઝી માય ટ્રીપની વૈશ્વિક હાજરીને વિસ્તૃત કરવાની અમારી સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

### દ્વિપક્ષીય આર્થિક સહયોગ વધારવા વ્યૂહાત્મક ભાગીદારી પર ભાર

## ભારત કેનેડા મુક્ત વેપાર કરાર ફરી શરૂ કરવા તમામ સંભાવનાઓ ખુલ્લી

વિશાખાપટ્ટનમ : ભારત અને કેનેડા વચ્ચે મુક્ત વેપાર કરાર માટેની વાટાઘાટો ફરી શરૂ કરવાના પ્રયાસોને લઈને કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સકારાત્મક સંકેતો આપ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે આ કરારને ફરીથી શરૂ કરવા માટે 'તમામ સંભાવનાઓ ખુલ્લી છે' અને અત્યાર સુધીમાં વાટાઘાટોના બે રાઉન્ડ પૂર્ણ થઈ ચૂક્યા છે. આ નિવેદન આંધ્ર પ્રદેશ સરકાર અને ભારતીય ઉદ્યોગ પરિસંઘ (CII) દ્વારા સંયુક્ત રીતે આયોજિત ૩૦મા સીઆઈઆઈ ભાગીદારી શિખર સંમેલનની બાજુમાં આવ્યું હતું. પીયૂષ ગોયલે મીડિયાને જણાવ્યું કે, જેમાં વેપારને ભારત કેનેડા મુક્ત વેપાર કરાર ના આર્થિક સંબંધોના મુખ્ય આધારસ્તંભ તરીકે ભાર મૂકવામાં આવ્યો હતો. બંને મંત્રીઓએ દ્વિપક્ષીય વેપારમાં મજબૂત વૃદ્ધિ પર સંતોષ વ્યક્ત કર્યો, જે ૨૦૨૪ માં ૨૩.૬૬ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે, જેમાં વેપારી માલસામાનનો વેપાર ૮.૯૮ અબજ ડોલરનો છે, જે અગાઉના વર્ષની તુલનામાં ૧૦ ટકાનો વધારો દર્શાવે છે. આંકડાઓ દ્વિપક્ષીય આર્થિક સહયોગ માં વધતી મજબૂતીનો પુરાવો આપે છે.નેતાઓએ ચાલી રહેલા વૈશ્વિક પુરવઠા શૃંખલાના વિક્ષેપોની પણ સમીક્ષા કરી અને ખાસ કરીને કૃષિ ક્ષેત્રમાં વધુ




સ્થિતિસ્થાપકતાની જરૂરિયાત પર સહમતી વ્યક્ત કરી. તેમણે સતત આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે વિવિધ અને વિશ્વસનીય પુરવઠા શૃંખલાઓના મહત્વ પર ભાર મૂક્યો. બંને પક્ષોએ અત્યાર સુધી હાંસલ કરેલી પ્રગતિનું સ્વાગત કર્યું અને તેમની દ્વિપક્ષીય સંલગ્નતામાં ગતિ જાળવી રાખવાની પ્રતિજ્ઞા લીધી. તેમણે ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે મજબૂત લોકો-થી-લોકોના સંબંધોના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. ભારત અને કેનેડા આવતા વર્ષની શરૂઆતમાં વેપાર અને રોકાણના હિતધારકો સાથે મંત્રી સ્તરીય ચર્ચાઓ ચાલુ રાખશે તેવી અપેક્ષા છે. આ બેઠક બંને મંત્રીઓએ વાટાઘાટોના રચનાત્મક સ્વરૂપને સ્વીકારીને અને આગામી પહેલો પર નજીકથી જોડાયેલા રહેવાની પ્રતિબદ્ધતા સાથે સમાપ્ત થઈ હતી.મંત્રી પીયૂષ ગોયલે પીયૂષ ગોયલની આશાવાદ વ્યક્ત કરતા ભારતના વધતા વૈશ્વિક આઉટરીચ પર પણ પ્રકાશ પાડ્યો હતો. . ઉત્તર અમેરિકા, લેટિન અમેરિકા, યુરોપ, આફ્રિકા અને દક્ષિણપૂર્વ એશિયાના મંત્રીઓ હાજર હતા. સમગ્ર વિશ્વનું આ ભાગીદારી શિખર સંમેલનમાં પ્રતિનિધિત્વ થયું, જે ભારતને માનવતાના મિત્ર તરીકે દર્શાવે છે.'

### WTO સુધારણા | ભારતની આગેવાની વૈશ્વિક વેપાર પ્રણાલીને વધુ સ્થિતિસ્થાપક બનાવશે

## ભારતનો ઝડપી આર્થિક વિકાસ મજબૂત વેપાર વૃદ્ધિ સાથે જોડાયેલો: ઓકોન્જો-ઈવેલા

(એજન્સી) વિશાખાપટ્ટનમ | તા 15

ભારતનો ઝડપી આર્થિક વિકાસ તેના મજબૂત વેપાર વૃદ્ધિને ઉત્તેજન આપવાની ક્ષમતા સાથે ગાઢ રીતે જોડાયેલો છે, તેમ વિશ્વ વેપાર સંગઠન (WTO) ના મહાનિદેશક એન્ગોઝી ઓકોન્જો-ઈવેલાએ



જણાવ્યું હતું. વિશાખાપટ્ટનમ ખાતે ૩૦મા સીઆઈઆઈ ભાગીદારી શિખર સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં બોલતા, ઓકોન્જો-ઈવેલાએ ભારતીય વેપાર કરારોને આગળ ધપાવવા બદલ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલના નેતૃત્વની પ્રશંસા પણ કરી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે સારો કુલ ઘરેલું ઉત્પાદન (GDP) વૃદ્ધિ દર, મજબૂત વેપાર વૃદ્ધિ વિના શક્ય નથી. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા મુજબ, એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન સંચિત નિકાસ (માલસામાન અને સેવાઓ) અંદાજે ૪૧૩.૩૦ અબજ ડોલર રહી છે, જે એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૪ માં ૩૯૫.૭૧ અબજ ડોલર હતી. આ ૪.૪૫ ટકાનો અંદાજિત વૃદ્ધિ દર ભારતનો ઝડપી આર્થિક વિકાસ વેપાર થકી થયો હોવાનું પુષ્ટિ કરે છે.ઓકોન્જો-ઈવેલાએ દ્વિપક્ષીય વેપાર કરારોના મહત્વ પર ભાર મૂકતાની સાથે જ WTO ની ભૂમિકા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને બહુપક્ષીય વેપાર પ્રણાલીને મજબૂત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે ખાસ કરીને વિકાસશીલ દેશો માટે વૈશ્વિક વેપારને ટેકો આપવા માટે WTO ની અસરકારકતા વધારવા માટે WTO સુધારણામાં ભારતની આગેવાની લેવાની પ્રબળ ઈચ્છા વ્યક્ત કરી હતી.તેમણે ઉમેર્યું, 'જે દ્વિપક્ષીય પગલાં લેવામાં આવ્યા છે તેને પૂરક બનાવવા માટે, તમારે બહુપક્ષીય પ્રણાલીને પણ મજબૂત કરવાની જરૂર છે. અમે ઈચ્છીએ છીએ કે ભારત તેમાં આગેવાની લે, અને મને લાગે છે કે મંત્રી ગોયલ અને તેમની ટીમ આ માટે અમારી સાથે કામ કરશે.' ઓકોન્જો-ઈવેલાએ નોંધ્યું કે WTO ની AEM C14 પહેલ ભારત જેવા ઉભરતા અર્થતંત્રોને ટેકો આપવા માટે વૈશ્વિક વેપાર પ્રણાલીને વધુ સ્થિતિસ્થાપક કેવી રીતે બનાવી શકાય તે અંગેનું સંશોધન કરી રહી છે. આમાં પુરવઠા શૃંખલાના વૈવિધ્યકરણ, ડિજિટલ વેપાર અને ગ્રીન વેપારમાં નવી તકોનો સમાવેશ થાય છે - એવા ક્ષેત્રો જેમાં ભારતને નોંધપાત્ર ફાયદો થવાની સંભાવના છે. વિશ્વ વેપાર સંગઠન મહાનિદેશક ઓકોન્જો-ઈવેલાએ ભારપૂર્વક જણાવ્યું કે ભારતનો ઝડપી આર્થિક વિકાસ અને વૈશ્વિક બજારમાં તેની વ્યૂહાત્મક સ્થિતિ તેને આ પ્રયાસમાં મુખ્ય ખેલાડી બનાવે છે. તેમણે કહ્યું કે વૈશ્વિક વેપાર પરિદ્રશ્ય પડકારોનો સામનો કરી રહ્યું હોવા છતાં, WTO સુધારાઓમાં ભારતની સંડોવણી વધુ સમાવેશી અને સ્થિતિસ્થાપક પ્રણાલી બનાવવા માટે જરૂરી ગતિ પ્રદાન કરી શકે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2081, કારતક વદ-12**

# ફરી NDAનું બિહાર

અત્યંત જટિલ સામાજિક પરિસ્થિતિઓ ધરાવતા મુખ્ય રાજ્ય બિહારમાં રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન આખરે ભવ્ય યુદ્ધ જીતી ગયું છે. NDAએ બિહારમાં વિપક્ષના મહાગઠબંધનને કારમી હાર આપી છે. આ જીત ગયા વર્ષે મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનની મહાવિકાસ આઘાડીની કારમી હારનું પ્રતિબિંબ છે. આશ્ચર્યજનક રીતે, ભારતીય જનતા પાર્ટી બિહારમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે, જેણે એવા રાજ્યમાં તેની સ્થિતિ મજબૂત કરી છે જ્યાં ક્યારેય મુખ્યમંત્રી નથી. બિહારના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં જનતા દળ (યુનાઈટેડ) (JDU) એ બધી મુશ્કેલીઓને પાર કરી અને માનનીય બીજું સ્થાન મેળવ્યું. ચૂંટણી પહેલા, નીતિશ કુમાર મહાગઠબંધનના નેતાઓના નિશાના પર હતા. તેમને થાકેલા, બીમાર અને નિવૃત્ત રાજકારણી તરીકે દર્શાવવામાં આવ્યા હતા. એવું કહેવામાં આવતું હતું કે ભાજપે નીતિશ કુમારને પાર્ટીના મુખ્યમંત્રીપદના ચહેરા તરીકે રજૂ કર્યા ન હતા. નીતિશ કુમારના જે ટીકાકારો તેમનું વિદાય ભાષણ લખવામાં ઉતાવળ કરતા હતા, તેઓ ચૂંટણી પરિણામો દ્વારા સાચા સાબિત થયા છે. જનતાના ચુકાદાએ 2020 ની વિધાનસભા ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો જીતનાર રાષ્ટ્રીય જનતા દળ (RJD) ને આ વખતે ત્રીજા સ્થાને ધકેલી દીધું છે. જોકે, આ વિધાનસભા ચૂંટણીના એકતરફી પરિણામનો એક નિષ્કર્ષ એ છે કે ભાજપ અને JDU એ સત્તા મેળવવા માટે સાથે રહેવું પડશે. નીતિશ કુમાર, જેમને એક સમયે તેમના પક્ષપાતને કારણે 'પલટુ રામ' તરીકે ઓળખવામાં આવતા હતા, હવે તેમની પલટુ રામ શૈલી જાળવી શકશે નહીં. આનો અર્થ એ છે કે નીતિશ કુમાર હવે તેમની પલટુ રામ શૈલી જાળવી શકશે નહીં. તેઓ એ હકીકતમાં સાંત્વના મેળવી શકે છે કે ભારતીય જનતા પાર્ટી, જેની પાસે લોકસભામાં સંપૂર્ણ બહુમતી નથી, તે ભવિષ્યમાં કેન્દ્રમાં પોતાની સરકાર બચાવવા માટે JDU પર આધાર રાખશે. ખરેખર, રાજકીય પંડિતો અનુમાન લગાવી રહ્યા છે કે ભગવા પક્ષ દ્વારા નીતિશ કુમારને બાજુ પર રાખવાનો કોઈપણ પ્રયાસ શાસક ગઠબંધન માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. એવું કહેવામાં આવ્યું છે કે ચિરાગ પાસવાન NDA ની નબળાઈઓનો લાભ લેવામાં અચકાશે નહીં. જોકે, ભાજપ લાંબા સમય સુધી નીતિશ કુમારને દૂર કરવાના લાલચનો પ્રતિકાર કરી શકશે નહીં, જેમ કે તેણે મહારાષ્ટ્રમાં શિવસેનાના એકનાથ શિંદે સાથે કર્યું હતું. જોકે, એક વાત ચોક્કસ છે: રાષ્ટ્રીય લોકશાહી જોડાણની જીતે મહાગઠબંધનને ચકનાચૂર કરી નાખ્યું છે. તેણે પ્રશાંત કિશોર માટે નવા સવારની આશાઓ પર પણ પાણી ફેરવી દીધું છે, જેઓ પોતાના કૂચ અને નિવેદનોથી હેડલાઈન્સમાં રહી રહ્યા છે. બિહાર ચૂંટણીમાં પરાજિત થયેલા મહાગઠબંધન પક્ષોને આગામી વર્ષે પશ્ચિમ બંગાળ, કેરળ અને તમિલનાડુ જેવા વિપક્ષ શાસિત રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પહેલા ફરીથી સંગઠિત થવામાં મોટો પડકારનો સામનો કરવો પડશે. આ ત્રણ વિપક્ષી ગઢ છે જ્યાં ભારતીય જનતા પાર્ટી સત્તા મેળવવા માટે કોઈ કસર છોડશે નહીં. તેમ છતાં, એક વાત સ્વીકારવી જ જોઈએ: બિહારમાં NDAનો અણધાર્યો વિજય સારથી નરેન્દ્ર મોદીની છબી, ગૃહમંત્રી અમિત શાહની રાજકીય રાજદ્વારી, ભાજપનું મજબૂત સંગઠન અને નીતિશ કુમારની સામાજિક કલ્યાણ નીતિઓનું પરિણામ છે. જો કે, ચૂંટણી પહેલા એકસાથે આવેલા મહાગઠબંધનની અંદરની અસંગતતાઓ તેની હારનું કારણ બની હતી. જો કે, NDA દ્વારા મહિલાઓ માટે આર્થિક સહાયની જાહેરાતો અને નીતિશ દ્વારા દારૂ પર પ્રતિબંધ, અન્ય નીતિઓ ઉપરાંત, મહિલા મતદારોને આકર્ષવામાં સફળ રહી છે. આ જ કારણ છે કે આ વિધાનસભા ચૂંટણીમાં મહિલા મતદારોએ મોટી સંખ્યામાં મતદાન કર્યું. આ ટકાવારી બિહારના મતદાન ઈતિહાસમાં એક રેકોર્ડ બનાવવા જઈ રહી હતી અને ચૂંટણી પરિણામો પણ એટલા જ અણધાર્યા હતા. જોકે, ફરી એકવાર લોકશાહીની ભૂમિએ અણધાર્યા ચૂંટણી પરિણામોથી દેશને આશ્ચર્યચકિત કરી દીધો છે. ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ દિલ્હીમાં ભાજપ કાર્યાલયમાં કાર્યકરોને સંબોધતા નરેન્દ્ર મોદીએ કહ્યું કે વિપક્ષ દ્વારા સંકુચિત માનસિકતા સાથે રજૂ કરાયેલ MY સમીકરણ, ભાજપે તે MY સમીકરણને સકારાત્મક રીતે મહિલાઓ અને યુવાનોના જોડાણમાં પરિવર્તિત કરી દીધું છે.

## લુણાવાડામાં નગરપાલિકાની બેદરકારીથી ગેરકાયદેસર બહુ-માળનું બિલ્ડિંગ ઊભું

જગદીશ ત્રિવેદી | મહીસાગર


નગરપાલિકાના અકબંધ નિયંત્રણ હેઠળ આવતા લુણાવાડા શહેરના કબ્રસ્તાન રોડ પર આવેલ આરેફા એપાર્ટમેન્ટ ખાતે સંપૂર્ણ રીતે મંજૂરી વગરનું બહુ-માળનું બાંધકામ તૈયાર થઈ ચૂક્યું છે. આ માત્ર ગેરકાયદેસર બાંધકામ નથી, પરંતુ લુણાવાડા શહેરમાં આજદિન સુધી થયેલા બાંધકામો કરતાં વધારે માળનું ગેરકાયદેસર બિલ્ડિંગ હોવાનો ગંભીર આક્ષેપ ઉભો થયો છે. નગરપાલિકાના નિષ્ક્રિય તંત્રના કારણે નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરાયું છે, જેના કારણે નગરજનોમાં આક્રોશ અને ભારોભાર નારાજગી ફેલાઈ છે.

### નિયમોની અવગણના અને તંત્રની શંકાસ્પદ ભૂમિકા

એપાર્ટમેન્ટના માલિક હિદાયતુલ્લાહ મોહમ્મદ ઈલ્યાસ પટેલ દ્વારા આકરા નિયમોને અવગણીને કોઈ પણ પ્રકારની નગરપાલિકાની પરમિશન, નકશા, ટેકનિકલ મંજૂરી કે બાંધકામના દસ્તાવેજ વગર જ આ બહુમાળી ઈમારતનું બાંધકામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ બાંધકામ માત્ર ગેરકાયદેસર જ નથી, પરંતુ શહેરના માળા નિયમો, એફ.એસ. આઈ. (FSI), બાંધકામ નિયંત્રણ નિયમો અને નગરપાલિકાની ટેકનિકલ સેલની તમામ શરતોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરે છે.આ સમગ્ર મામલે અરજદાર મોહમ્મદ અહમદ વસીમ મિરઝા દ્વારા નગરપાલિકાને અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી.આ નિષ્ક્રિયતાના કારણે સંપૂર્ણ બિલ્ડિંગ ઊભું થઈ ગયું, પરંતુ બાંધકામ બંધ કરાવવા કે બિલ્ડિંગ સીલ કરવા માટે તંત્ર તરફથી કોઈ પગલું ન લેવાયું.

### હરિપ્રકાશ દાસજીની પ્રેરણાથી દિવ્ય શણગાર : કષ્ટભંજનદેવને ફુલની થીમ

## સાળંગપુર હનુમાનજીને વૃંદાવનમાં બનેલા ખાસ વાઘા પહેરાવ્યા



નરેન્દ્ર દવે | જૂનાગઢ

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે બિરાજમાન શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં આજે, તારીખ ૧૫-૧૧-૨૦૨૫, શનિવારના રોજ કારતક વદ એકાદશીના પવિત્ર દિવસે દાદાને અદભુત અને ભવ્ય દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. પ. પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી અને કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ દાદાને વિશેષ શણગાર કરાતાં મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

### વૃંદાવનના ૭ દિવસની મહેનતના વાઘા

પૂજારી સ્વામીએ આ દિવ્ય શણગાર વિશે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે, એકાદશી અને શનિવારના આ શુભ સંયોગે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીને ખાસ વાઘા પહેરાવવામાં આવ્યા છે. આ વાઘાની વિશેષતા એ છે કે તે વૃંદાવન ખાતે ૭ દિવસની મહેનતે ૭ કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. વાઘા પ્યોર સિલ્કના કાપડના બનેલા છે અને તેના પર જરદોશી વર્ક દ્વારા ફૂલની થીમની સુંદર ડિઝાઈન કરવામાં આવી છે.

### સિંહાસને ૧૦૦ કિલો સેવંતીનો શણગાર

વસ્ત્રોના આ દિવ્ય શણગાર ઉપરાંત, દાદાના સિંહાસનને અને ગર્ભગૃહને પણ અદ્ભુત રીતે શણગારવામાં આવ્યું હતું. આ શણગાર માટે વડોદરાથી ખાસ કરીને ૧૦૦ કિલો સેવંતીના ફૂલો મંગાવવામાં આવ્યા હતા. આ ફૂલોનો ભરપૂર ઉપયોગ કરીને દાદાના સિંહાસનને સુગંધિત અને મનમોહક બનાવવામાં આવ્યું હતું.

### ધન્યતા અનુભવતા ભક્તો

ભગવાન શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીને કરાયેલા આ દિવ્ય શણગારના દર્શનનો લ્હાવો લેવા માટે સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ભક્તો સાળંગપુરધામ ખાતે ઉમટી પડ્યા હતા. વૃંદાવનના ખાસ વાઘા અને ૧૦૦ કિલો ફૂલોના શણગાર સાથે દાદાના દર્શન કરીને દરેક ભક્તજનોએ આજે ધન્યતા અનુભવી હતી.

## મહીસાગર જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટરે સમીક્ષા કરી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા વહીવટીતંત્રના વડા અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. જિલ્લા સેવા સદન સભાખંડમાં આયોજિત આ બેઠકમાં જિલ્લાના વહીવટી કાર્યોની ગહન સમીક્ષા કરવામાં આવી હતી અને વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા.

### વહીવટી કાર્યોની ઝીણવટભરી સમીક્ષા

કલેક્ટર સુશ્રી અર્પિત સાગર દ્વારા આ બેઠકમાં વિવિધ મહત્ત્વપૂર્ણ વહીવટી બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી અને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. મુખ્યત્વે નીચેના મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો:

1.અરજદારની પડતર અરજીઓ: લાંબા સમયથી પડતર રહેલી અરજદારોની અરજીઓનો ત્વરિત અને સંતોષકારક નિકાલ લાવવા પર ભાર મૂકાયો હતો.

2.નાગરિક અધિકારપત્રની અરજી: નાગરિકોના હક્ક સંબંધિત અરજીઓનો ઝડપથી નિકાલ થાય તે સુનિશ્ચિત કરવા માટે સૂચનો આપવામાં આવ્યા હતા.

3.કચેરીની તપાસણી: વિવિધ સરકારી કચેરીઓના વહીવટી કાર્યોની તપાસણી અંગેની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

4.બાકી સરકારી લેણાંની વસૂલાત: બાકી રહેલા સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશને વધુ અસરકારક બનાવવા માટે નિર્દેશો અપાયા હતા.

**સામાજિક ચેતના અને નૈતિક શિક્ષણ**

## પીડીઇયુમાં બાળ દિવસની ઉજવણી

### સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝનું આયોજન : પોક્સો એક્ટ પર વિદ્યાર્થીઓએ જાગૃતિ ફેલાવી



**૫૦૦થી વધુ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા**

આ ઈવેન્ટમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોસ્ટર પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસ્તુતિઓ પીડીઈયુ સમુદાયમાં રહેલી જીવંત સર્જનાત્મકતા અને ઊંડી સામાજિક જાગૃતિને દર્શાવે છે. યુવા મનોએ જટિલ કાનૂની વિચારોને શક્તિશાળી દૃશ્ય કથાઓમાં રૂપાંતરિત કર્યા હતા.વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા પોસ્ટરો બાળ અધિકાર, તેમનું રક્ષણ અને ન્યાય પ્રત્યેની તેમની સંવેદનશીલતાને પ્રતિબિંબિત કરતા હતા.

### જવાબદાર અને દયાળુ નાગરિકોનું નિર્માણ

યુનિવર્સિટીનું આ આયોજન જવાબદાર, સહાનુભૂતિશીલ અને કાયદાથી વાકેફ નાગરિકોને પોષવા માટે સંસ્થાની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ પ્રતિબિંબ હતું. એસ.એલ.એસ.ના વિદ્યાર્થીઓએ માત્ર પરીક્ષાના વિષય તરીકે કાયદાનો અભ્યાસ કરવાને બદલે, તેને એક સામાજિક સાધન તરીકે કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તે દર્શાવ્યું હતું.પોસ્ટર પ્રેઝન્ટેશનની આ ઈવેન્ટ બૌદ્ધિક, સર્જનાત્મક અને દયાળુતાનો સાચો સંગમ સાબિત થઈ હતી. આ કાર્યક્રમે બાળ દિવસની ભાવનાને પ્રતિધ્વનિત કરી અને સામાજિક ચેતના અને નૈતિક શિક્ષણ પ્રત્યે યુનિવર્સિટીના સમર્પણને પુનઃસ્થાપિત કર્યું. શિક્ષણ સંસ્થા દ્વારા આ પ્રકારના સંવેદનશીલ વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવાથી, વિદ્યાર્થીઓ ભવિષ્યમાં વધુ સારા અને સમજદાર નેતાઓ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો હતો.

રૂપાલી દવે | ગાંધીનગર

પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (પીડીઈયુ)ની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ (એસ.એલ.એસ.) દ્વારા તારીખ ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બાળ દિવસની ઉજવણીના ભાગરૂપે એક અતિ આકર્ષક અને સમજદાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટની થીમ 'ધ પોક્સો એક્ટ, ૨૦૧૨' (બાળકોને જાતીય ગુનાઓથી રક્ષણ અધિનિયમ) રાખવામાં આવી હતી, જેણે સમાજની સૌથી સંવેદનશીલ સમસ્યા તરફ યુવા પેઢીનું ધ્યાન દોર્યું હતું.આ કાર્યક્રમનું આયોજન ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક પોલિસી એન્ડ એડમિનિસ્ટ્રેશન દ્વારા, 'ઈન્ડિયન સોસાયટી એન્ડ લો' કોર્સના સેમેસ્ટર-૧ના બી.એ.બી.એ. (BABA) વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પહેલ યુનિવર્સિટીની શૈક્ષણિક શિક્ષણને સામાજિક સહભાગિતા સાથે સંકલિત કરવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ સમગ્ર પ્રસ્તુતિએ સમાજને દરેક બાળકની નિર્દોષતા અને ગૌરવની રક્ષા કરવાના મહત્ત્વની સભાન યાદ અપાવી હતી.

## ચાણસ્મા APMCમાં સહકાર આગેવાનોની બેઠક યોજાઈ

નીતિન ઠાકર | ચાણસ્મા

દેશના આર્થિક સ્વાવલંબન અનેa રાષ્ટ્રીય એકતાના બે મહત્ત્વપૂર્ણ વિષયોને કેન્દ્રમાં રાખીને, ચાણસ્મા એ.પી.એમ.સી. (કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ) ખાતે સહકાર ક્ષેત્રના આગેવાનો અને કાર્યકર્તાઓની એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાનને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્રના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના અનુસંધાને યોજાઈ હતી. સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી સ્નેહલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર પટેલ સાહેબના દેશપ્રેમ, એકતાના આદર્શો અને આજના સમયની જરૂરિયાત સમાન સ્વદેશી અપનાવવાના સંકલ્પને લોકો સુધી પહોંચાડવાનો હતો.અધ્યક્ષ સ્થાનેથી શ્રી સ્નેહલભાઈ પટેલે ઉપસ્થિત સહકારી આગેવાનો અને કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, સરદાર સાહેબનું જીવન આપણને રાષ્ટ્રનિર્માણ માટે અવિરત કાર્ય કરવાની પ્રેરણા આપે છે. આજે જ્યારે દેશ વડાપ્રધાન શ્રીના નેતૃત્વમાં આત્મનિર્ભરતાના પંથે આગળ વધી રહ્યો છે, ત્યારે સહકાર ક્ષેત્રે જોડાયેલા દરેક કાર્યકર્તાની ફરજ છે કે તેઓ **'હર ઘર સ્વદેશી'**ના વિચારને જન જન સુધી પહોંચાડે. આનાથી સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન મળશે અને દેશની અર્થવ્યવસ્થાને મજબૂત આધાર મળશે.આ બેઠકમાં સંગઠન અને સહકાર ક્ષેત્રના મહત્ત્વના આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જે કાર્યક્રમની ગંભીરતા દર્શાવે છે. જેમાં જિલ્લા ભાજપાના મહામંત્રી શ્રી ભાવેશભાઈ પટેલ, અગ્રણી શ્રી વિનયસિંહ ઝાલા, એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી દશરથભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખશ્રી કિરણ જાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે

## બોગડવા પ્રાથમિક શાળામાં નવીન છ ઓરડાનું ખાતમુહૂર્ત કરાયું

દિપક રાવલ | દાહોદ

શિક્ષણના વિકાસ અને સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશ્ય સા.થે આજ રોજ, તારીખ ૧૫/૧૧/૨૦૨૫, શનિવારના રોજ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાની બોગડવા મુખ્ય પ્રાથમિક શાળા માટે નવીન છ ઓરડાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી કૃષિ અને પંચાયત વિભાગ તથા ૧૩૪ દેવગઢ બારીઆ વિધાનસભાના ધારાસભ્યશ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ સાહેબના હસ્તે ખાતમુહૂર્તની વિધિ કરવામાં આવી હતી, જેણે આદિવાસી વિસ્તારમાં શિક્ષણને વધુ વેગ આપવાની આશા જગાવી છે.

નવીન છ ઓરડાના નિર્માણથી બોગડવા મુખ્ય પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વધુ સારી અને આધુનિક શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત થશે. આ ખાતમુહૂર્ત ધાનપુર તાલુકામાં શિક્ષણના માળખાકીય સુધારા માટેનું એક મહત્ત્વનું પગલું ગણાય છે.આ પ્રસંગે ધારાસભ્યશ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે અને આ નવીન ઓરડાઓના નિર્માણથી બાળકોને ઉત્તમ વાતાવરણમાં અભ્યાસ કરવાની તક મળશે. તેમણે શિક્ષણ ક્ષેત્રે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃ વ્યક્ત કરી હતી.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની સાવરકુંડલામાં ગૌ સેવા

### સાધુ પરિવારની ગૌ સેવાને વધાવી : બગોયા ગામે રાત્રિ રોકાણ કર્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાહેબની સાદગી અને સંસ્કાર પ્રેમનું એક ઉત્તમ ઉદાહરણ સાવરકુંડલા તાલુકાના બગોયા ગામમાં જોવા મળ્યું. રાજ્યપાલે પોaતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને અહીં ગૌ સેવા સાથે જોડાયેલા ગોસ્વામી સાધુ સમાજના એક પરિવારની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ સ્વયં ગાય માતાને પ્રેમથી ગોળ ખવડાવીને ગૌ સેવાના મહાન કાર્યને બિરદાવ્યું હતું, જે ઘટનાએ સ્થાનિક લોકોમાં ભારે સકારાત્મક સંદેશ આપ્યો છે. આ મુલાકાત ભારતીય સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યેના તેમના ઊંડા આદરને પ્રગટ કરે છે.રાજ્યપાલશ્રીએ અખિલ ભારતીય જુના અખાડાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પૂજ્ય ઈન્દ્રભારથી બાપુના શિષ્ય અને બગોયા ગામના વતની ભીખુગીરી બાપુના નિવાસસ્થાને પધારીને ધન્યતા અનુભવી. રાજ્યપાલ પોતે ગૌ સેવક અને કુદરતી ખેતીના પ્રબળ હિમાયતી હોવાથી, તેમણે સાધુ પરિવાર દ્વારા થતી ગૌ સેવા પ્રત્યે વિશેષ આદર દર્શાવ્યો. તેમણે ગાય માતાને ગોળ ખવડાવીને માત્ર ધાર્મિક લાગણી જ નહીં, પરંતુ પશુધન પ્રત્યેની સંવેદના પણ વ્યક્ત કરી હતી. તેમના આ સાદગીપૂર્ણ કાર્યક્રમને કારણે સ્થાનિકોમાં ગૌ સેવા પ્રત્યેનો ઉત્સાહ વધ્યો છે.

### ગુણવત્તા અને સમય મર્યાદા પર ભાર

## કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાની અધ્યક્ષતામાં DISHA બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના વિકાસલક્ષી કાર્યો અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના અમલની સમીક્ષા કરવા માટે આજે, તારીખ ૧૫મી નવેમ્બરના રોજ, **ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડીનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા - DISHA)**ની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા અને સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમાની અધ્યક્ષતામાં મળી હતી. કેન્દ્રીય મંત્રીશ્રી અને સાંસદશ્રીએ સંલગ્ન તમામ વિભાગના અધિકારીઓ સાથે જિલ્લામાં અમલીકૃત વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી. બેઠકમાં નીચેના મુખ્ય મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી: ભૌતિક સિદ્ધિ અને લક્ષ્યાંકો: સરકારની વિવિધ યોજનાઓમાં ફાળવેલા લક્ષ્યાંક, પૂર્ણ થયેલા કામો, પ્રગતિ હેઠળના કામો અને પૂર્ણ ન થયેલા કામો અંગેની વિસ્તૃત માહિતીની ચર્ચા કરવામાં આવી હતી. મુખ્ય યોજનાઓ: નેશનલ હાઈવે ઓથોરિટી હેઠળના માર્ગોની મરામત, સોઈલ હેલ્થ કાર્ડ, મનરેગાના કામો, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ અને શહેરી), તેમજ સ્વામિત્વ યોજના સહિતની મહત્ત્વની યોજનાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

## મહિસાગરમાં વીજ ચોરી કરતા ૯ લોકોને મોટો ફટકો

### વીજ ગેરરીતિ બદલ ૧૬.૨૦ લાખ દંડ : લુણાવાડા સંતરામપુરમાં ચેકિંગ

જગદીશ ત્રિવેદી | મહીસાગર


મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા તાજેતરમાં મહીસાગર જિલ્લામાં વીજળીનો ગેરકાયદેસર ઉપયોગ કરનારા તત્ત્વો સામે આકસ્મિક અને સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેના પરિણામે સમગ્ર પંથકમાં વીજ ચોરી કરનારાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. કંપનીની છ જેટલી વિશેષ ચેકિંગ ટીમો દ્વારા લુણાવાડા અને સંતરામપુર તાલુકાના કુલ ૩૨૫ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી, જેમાં ગંભીર વીજ ગેરરીતિ ઝડપાતા ૯ જોડાણધારકોને કુલ ૧૬.૨૦ લાખ રૂપિયાનો જંગી દંડ ફટકારવામાં આવ્યો છે. આ આકરા પગલાં વીજળીના કાયદેસર ઉપયોગ અને કંપનીની આવક સુરક્ષિત કરવાના મક્કમ નિર્ધારને દર્શાવે છે. MGVCL ની કોર્પોરેટ ઓફિસ, વડોદરાના માર્ગદર્શન હેઠળ આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ વીજળીના દુરૂપયોગને અટકાવીને વીજ વ્યવસ્થાને વધુ ગુણવત્તાયુક્ત બનાવવાનો છે. ચેકિંગ દરમિયાન પ્રાપ્ત થયેલા આંકડાઓ ખરેખર ચોંકાવનારા છે:

લુણાવાડા તાલુકો: અહીં કુલ ૧૬૭ વીજ જોડાણોની તપાસ કરાઈ હતી, જેમાંથી ૪ જોડાણોમાં ગંભીર વીજ ચોરી પકડાઈ હતી.

આ વીજ ચોરીનું અંદાજિત

### ઇફકો કિસાન SEZ પર સકારાત્મક અભિગમ

## ઇફકો અધ્યક્ષ દિલીપ સંઘાણીની મુખ્યમંત્રી નાયડુ સાથે મુલાકાત



(એજન્સી) અમદાવાદ, તા. 15

આજે ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ ઈફકો (ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ) ના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આંધ્ર પ્રદેશના ઊર્જાવાન મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે સૌજન્યપૂર્ણ અને અત્યંત મહત્ત્વની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ રાજ્યમાં સ્થાપિત ઈફકો કિસાન એસ.ઈ.ઝેડ. (ખાસ આર્થિક ક્ષેત્ર) પ્રોજેક્ટના વિકાસ કાર્યોને આગળ ધપાવવા અને રાજ્ય સરકારના સહકારને વધુ મજબૂત કરવા અંગે વ્યાપક અને ઊંડાણપૂર્વક ચર્ચા કરવાનો હતો. મુખ્યમંત્રીશ્રીએ શ્રી દિલીપ સંઘાણીનું ઉષ્માભર્યું સ્વાગત કરીને સૌજન્ય વ્યક્ત કર્યું હતું, જે રાજ્ય અને સહકારી ક્ષેત્ર વચ્ચેના મજબૂત સંબંધોનો સંકેત આપે છે.બેઠક દરમિયાન પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિ, ભવિષ્યની સંભાવનાઓ અને રાજ્ય સરકાર તરફથી મળનારા સહકારને વધુ મજબૂત કરવાના મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુએ ઈફકો કિસાન એસ.ઈ.ઝેડ. પ્રોજેક્ટને રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યો હતો.સૂત્રો દ્વારા મળેલા અહેવાલ મુજબ, મુખ્યમંત્રીએ ત્યાં હાજર સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશો આપ્યા કે આ પ્રોજેક્ટ માટે જરૂરી તમામ સહકાર અને કાર્યવાહી તાત્કાલિક ધોરણે પૂરી પાડવામાં આવે. આ પ્રકારનો ત્વરિત સહકાર રાજ્ય સરકારની વિકાસલક્ષી નીતિ અને ઝડપી ઔદ્યોગિક પ્રગતિના ધ્યેયને મજબૂત બનાવે છે. આ પ્રોજેક્ટ માત્ર ઈફકો માટે જ નહીં, પરંતુ આંધ્ર પ્રદેશના ખેડૂતો અને સ્થાનિક રોજગારી માટે પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે.


## શિક્ષણ ગુણવત્તા વધારવા યુનિને ૨૧ લાખ ૫૫ હજારનું અનુદાન

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ગતિશીલ ગુજરાત દ્વારા શિક્ષણ ક્ષેત્રે લેવામાં આવેલી અનેકવિધ પહેલોમાં, નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (ગુજરાતનું જ્ઞાન સંઘ) એક મુખ્ય પ્રતિભાવ તરીકે અગ્રણી રીતે ઉભરી આવ્યું છે. જ્ઞાનના આ યુગમાં, શિક્ષણ વિભાગ દ્વારા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી (ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.)ને ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા અને નિર્ધારિત લક્ષ્યોની સિદ્ધિ માટે કુલ ૨૧ લાખ ૫૫ હજાર રૂપિયાનું જંગી અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે. આ ફાળવણી યુનિવર્સિટીના અભ્યાસરત વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના જ્ઞાનવર્ધન માટે અત્યંત ઉપયોગી નીવડશે.યુનિવર્સિટીના કુલગુરુ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીએ જ્ઞાન પરંપરાના ક્ષેત્રે ભવિષ્ય પ્રત્યેની તેની કટિબદ્ધતા સ્પષ્ટપણે વ્યક્ત કરી છે. યુનિવર્સિટીનો મુખ્ય ધ્યેય એ છે કે, અભ્યાસરત વિદ્યાર્થીઓના માનસપટ પર ઉભરતા વિશ્વનું દૃશ્ય અંકિત થાય અને તેઓ શ્રેષ્ઠતાના વિવિધ શિખરો સર કરીને વિશ્વની અન્ય જ્ઞાન સંસ્થાઓ સાથે બરાબરી કરી ઉત્કૃષ્ટતા હાંસલ કરે.શિક્ષણ વિભાગ દ્વારા સ્થાપિત આ નોલેજ કન્સોર્ટિયમ (જ્ઞાન સંઘ)નું કાર્ય જ્ઞાનના સુમેળભર્યા દોર અને વિદ્યાર્થી-અધ્યાપકના સંબંધોનું નેટવર્ક બનાવી, ઉચ્ચ શિક્ષણમાં નિર્ધારિત લક્ષ્યોની ગુણવત્તામાં વધારો કરવો અને પ્રણાલીઓ વિશે કોલેજોમાં જાગૃતિ લાવવાનું છે. આ હેતુથી જ આ જંગી અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે.શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટીના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ અને ઈતિહાસ વિભાગ દ્વારા પ્રસ્તુત દરખાસ્તોના આધારે મોટી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

### 30 બાળકોને કુપોષણ મુક્ત કરવાનો ધ્યેય

## નખત્રાણાના લુડબાય ગામે કુપોષિત બાળકોને પોષણ કીટનું વિતરણ



મહેશ એલ. સોની | નખત્રાણા

જ્યાં એક તરફ ગુજરાત રાજ્ય સરકાર કુપોષણનો દર ઘટાડવા માટે કમર કસી રહી છે, ત્યારે રાજ્યના અમુક પછાત વિસ્તારોમાં હજુ પણ નાના બાળકો કુપોષણનો ગંભીર માર ઝીલી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે, સામાજિક કાર્યો માટે હંમેશા તત્પર રહેતું જબ્બાર જત વેલ્ફેર ફાઉન્ડેશન માનવતાના કાર્ય માટે આગળ આવ્યું છે. નખત્રાણા તાલુકાના લુડબાય ગામે, ફાઉન્ડેશન દ્વારા લુડબાય આંગણવાડી-૧ અને આંગણવાડી-૨ના ૩૦ જેટલા અતિકુપોષિત બાળકોને વિશેષ પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશનના આ પ્રયાસથી ગ્રામ્ય સ્તરે કુપોષણ સામે લડવા માટે એક નવી આશા જન્મી છે.સરપંચ જબ્બાર જત દ્વારા થઈ રહેલા આ માનવતાના કાર્યો સમગ્ર પંથકમાં પ્રેરણારૂપ બની રહ્યા છે. આ કાર્યક્રમમાં ફાઉન્ડેશનના ચેરમેન શ્રી જબ્બાર ભાઈ જત પોતે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે માત્ર કીટ વિતરણ કરવાને બદલે, બાળકોની માતાઓ સાથે સંવાદ સાધીને તેમને કુપોષણ વિશે વિગતવાર માહિતગાર કર્યા હતા.

જબ્બારભાઈ જતે આ તકે જણાવ્યું હતું કે, 'અમારું ફાઉન્ડેશન કુપોષણની સમસ્યાને જડમૂળથી નાબૂદ કરવા માટે કટિબદ્ધ છે.' તેમણે માતાઓને આશ્વાસન આપતા કહ્યું કે, તેમના બાળકોને કુપોષણ મુક્ત કરવા માટે દરેક જરૂરી સુવિધા પૂરી પાડવા માટે તેમનું ફાઉન્ડેશન તૈયાર છે. આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે આ માત્ર એક દિવસનો કાર્યક્રમ નથી, પરંતુ કુપોષિત બાળકોને લાંબા ગાળાની મદદ પૂરી પાડવાનો એક મક્કમ નિર્ધાર છે.

## ક્વિક ન્યૂઝ

### જૂનાગઢમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલમહાકુંભનું આયોજન

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ કાર્યરત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સ્પેશિયલ ખેલમહાકુંભ ૨૦૨૫નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવ્યાંગ ખેલાડીઓમાં રહેલી રમતગમત પ્રત્યેની અભિરુચિને પ્રદર્શિત કરવા માટે એક ઉમદા અવસર પૂરો પાડવામાં આવ્યો છે. ખાસ કરીને જિલ્લા કક્ષાના શ્રવણમંદ (HI) બાળકો માટે આ રમોત્સવનું આયોજન થનાર છે, જેના થકી દિવ્યાંગ વ્યક્તિઓને તેમની પ્રતિભા બતાવવા માટે મંચ મળશે. ૪૫ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિઓ માટે સ્પર્ધા

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય અંધજન મંડળ દ્વારા આ સ્પેશિયલ ખેલમહાકુંભ ૨૦૨૫ રમોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં દિવ્યાંગ વ્યક્તિઓની પાંચ મુખ્ય કેટેગરી મુજબના ખેલાડીઓ ભાગ લઈ શકશે.

### વિસાવદરમાં ૨૬ નવેમ્બરના રોજ યોજાશે તાલુકા સ્વાગત કાર્યક્રમ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા જનતાના પ્રશ્નો અને ફરિયાદોનો ત્વરિત તથા અસરકારક ઉકેલ લાવવા માટે શરૂ કરાયેલી એક અનોખી પહેલ, એટલે કે સ્વાગત ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન નિયમિતપણે કરવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, સામાન્ય લોકોને તેમની ફરિયાદ રજૂ કરવા માટે ઉચ્ચ કક્ષા સુધી લાંબા ધક્કા ખાવા ન પડે અને તાલુકા કક્ષાએ જ તેમના પ્રશ્નોનું નિવારણ થઈ શકે.આ જ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને નવેમ્બર માસમાં વિસાવદર તાલુકા માટેના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમની તારીખ જાહેર કરવામાં આવી છે. મામલતદારશ્રી, વિસાવદર દ્વારા એક યાદીમાં જણાવ્યા મુજબ, આગામી તારીખ ૨૬/૧૧/૨૦૨૫ ને મંગળવારના રોજ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.સરકારનો આ અભિગમ જનતા અને વહીવટી તંત્ર વચ્ચે સીધો સેતુ સ્થાપિત કરે છે. તાલુકા સ્તરે યોજાતા આ કાર્યક્રમો થકી જમીન સ્તરની સમસ્યાઓનો ઉકેલ લાવવાનું સરળ બને છે.

### ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે શ્રી ગોવિંદ ગુરૂધામ, કંબોઈ લીમડી ખાતે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી

દિપક રાવલ | દાહોદ

ભગવાન બિરસા મુંડા ની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે ગુજરાતમાં તા.૧ થી તા.૧૫ નવેમ્બર દરમિયાન જન જાતીય ગૌરવ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજ રોજશ્રી ગોવિંદ ગુરૂધામ કંબોઈ લીમડી ખાતે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી ગુજરાત રાજ્ય નાણાંપંચના અધ્યક્ષશ્રી યમલ વ્યાસની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.આ અવસરે અધ્યક્ષશ્રી યમલ વ્યાસે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના એક મહાન યોદ્ધા, સમાજ સુધારક અને આંદોલનકાર ભગવાન બિરસા મુંડા આદિવાસી સમુદાયના નેતા હતા. તેમણે બ્રિટિશ શાસનના વિરોધમાં આદિવાસી સમુદાયને એકત્રિત કરી આર્થિક અને સામાજિક શોષણ પ્રણાલીઓને પડકાર આપ્યો હતો.

## જન જાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવાયો : ત્રણેય તાલુકામાં પ્રતિમા અનાવરણ

# ડાંગમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી



સુશીલ પવાર | ડાંગ

સમગ્ર દેશની સાથે ડાંગ જિલ્લામાં પણ તારીખ ૧૫ નવેમ્બર, શનિવારના રોજ, આદિવાસી જન નાયક ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા આ દિવસને જન જાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જેના ભાગરૂપે ડાંગમાં વીર બિરસા મુંડાજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ ગૌરવશાળી પ્રસંગે ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકા - આહવા, વઘઈ અને સુબિર ખાતે બિરસા મુંડાજીની પ્રતિમાઓનું અનાવરણ કરીને આદિવાસી સમાજના આ મહાન નાયકને સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ફતેપુરા ખાતે જનજાતિય ગૌરવ દિવસની ઉત્સાહભેર કરાઈ ઉજવણી



દિપક રાવલ | દાહોદ

રાષ્ટ્રનિર્માણમાં આદિજાતિ સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકા ખાતે રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને 'જનજાતીય ગૌરવ દિવસનીઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં હર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત દરેક નાગરિકોને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો આગ્રહ, એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

### મંત્રીશ્રી ત્રિકમ છાંગા સહિત ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભો એનાયત કરાયા



દિપક રાવલ| દાહોદ

રાષ્ટ્રનિર્માણમાં આદિજાતિ સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા ખાતે શ્રી હસ્તેશ્વર મેદાનમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને 'જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ'ની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવી હતી.મંત્રીશ્રીના આગમન સમયે ઢોલ-નગારાં-શરણાઈનો નાદ ગુંજી ઉઠ્યો હતો. પરંપરાગત નૃત્ય સાથે મહાનુભાવોનું આગમન થયું હતું.

## ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે વિશેષ ઉજવણી

# ધરતી આબા બિરસા મુંડાને વંદન જનજાતિય ગૌરવ દિવસ

### આદિજાતિ સમાજના અમૂલ્ય યોગદાનને રાષ્ટ્રીય સન્માન

જગદીશ ત્રિવેદી | મહીસાગર



સમગ્ર દેશના આદિજાતિ સમાજના આરાધ્ય ભગવાન બિરસા મુંડાજી ની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે મહીસાગર જિલ્લામાં ગૌરવપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો. ગુજરાત સરકારના પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી શ્રીમતી રીવાબા જાડેજા ના અધ્યક્ષ સ્થાને સંતરામપુર તાલુકાના આઝાદ મેદાન ખાતે જિલ્લા કક્ષાનો જનજાતિય ગૌરવ દિવસ યોજાયો. ભારતીય સંસ્કૃતિના આ વીર પુત્રને કોટિ કોટિ વંદન સાથે મંત્રીશ્રીએ પોતાના વક્તવ્યનો પ્રારંભ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત સરકારે ૧૫મી નવેમ્બર ને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે જાહેર કરીને, આદિજાતિ સમાજના અમૂલ્ય યોગદાનને રાષ્ટ્રીય ફલક પર યોગ્ય સન્માન અર્પણ કર્યું છે, જે ખરેખર પ્રશંસનીય છે.

#### બિરસા મુંડાનું ઉલગુલાન આંદોલન: શોષણ સામેની લડત

રાજ્યમંત્રી શ્રીમતી રીવાબા જાડેજાએ ભગવાન બિરસા મુંડાજી ના ક્રાંતિકારી જીવન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, બિરસાજીએ માત્ર ૨૫ વર્ષની ટૂંકી આયુ માં જ બ્રિટિશ હુકૂમતને હચમચાવી દીધી હતી. તેમના આ ક્રાંતિનું મૂળ કારણ બાળપણથી જોયેલી ગરીબી, અંગ્રેજોનું શાસન અને જમીનદારો દ્વારા થતું અસહ્ય શોષણ હતું. બિરસાજી દ્વારા શરૂ કરાયેલ 'ઉલગુલાન આંદોલન' નો મુખ્ય હેતુ જંગલ, જળ અને જમીન પર આદિવાસીઓને તેમનો પાયાનો અધિકાર પાછો મળે તે હતો, જે આજે પણ સમગ્ર આદિજાતિ સમાજ માટે પ્રેરણાદાયી છે.

#### શિક્ષણ અને સર્વાંગી વિકાસ: સરકારના પ્રયત્નો

રાજ્ય સરકાર આદિજાતિ સમુદાયના ઉત્થાન માટે કટિબદ્ધ છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં બિરસામુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાઓ થકી આદિવાસી યુવાનો ને આધુનિક શિક્ષણની સાથે પરંપરા અને સંસ્કૃતિના મૂલ્યોનું જ્ઞાન પણ પ્રાપ્ત થઈ શકે. આ ઉપરાંત, શિક્ષણ, આરોગ્ય, આવાસ અને રોજગારીની તકો વધારવા માટે અનેક મહત્ત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

### પાવીજેતપુર ગરનાળા પાસેથી દારૂ ભરેલું ટેન્કર ઝડપાયું



(એજન્સી) છોટાઉદેપુર, તા. 15

પોલીસે એક આરોપીને ઝડપી પાડી દારૂના જથ્થાને ચોરખાનામાંથી બહાર કાઢવાની કામગીરી હાથ ધરી. પાવીજેતપુર ગરનાળા પાસેથી લાખો રૂપિયાના વિદેશી દારૂ ભરેલું સિમેન્ટ ટેન્કર છોટાઉદેપુર એલ સી બી પોલીસે ઝડપી પાડયો હતુ. દારૂનો જથ્થો હરિયાણાથી ભરવામાં આવ્યો હતો. દારૂને ટેન્કરની અંદરની સંતાડેલો દારૂનો જથ્થાને ચોર ખાનામાંથી બહાર કાઢવા માટે પોલીસે ગેસ કટરનો ઉપયોગ કરી આશરે અઢી બાય અઢી ફૂટ જેટલું કટિંગ કરી પેટીઓ બહાર કાઢી હતી. અંદાજ મુજબ ટેન્કરમાંથી ૭૦૦ થી ૧૦૦૦ વિદેશી દારૂની પેટીઓ મળી આવતા લાખો રૂપિયાનો દારૂનો જથ્થો પકડાયો છે.

# ભારે અકસ્માત ડાંગના માલેગામ ઘાટમાં કપાસ ભરેલ ટેમ્પો પલટ્યો

### આઈસર ટેમ્પો પલટી જતા ચાલકને નાની મોટી ઈજાઓ

સુશીલ પવાર | ડાંગ

કુદરતી સૌંદર્યની સાથે સાથે જોખમી વળાંકો ધરાવતા ડાંગ જિલ્લાના માલેગામ ઘાટમાર્ગ માં આજે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. મહારાષ્ટ્ર ના પુણેથી કપાસનો જથ્થો ભરીને અમદાવાદ તરફ જઈ રહેલો એક આઈસર ટેમ્પો અચાનક બેકાબૂ બની જતાં પલટી ગયો હતો. આ ઘટનાને પગલે લાખો રૂપિયાના માલસામાનનું જંગી નુકસાન થયું હતું.સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, જી.જે.૦૪.એ.ડબ્લ્યુ.૦૪૯૫ નંબરનો આ આઈસર ટેમ્પો સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. માલેગામ ઘાટમાર્ગ પર આવેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના એક તીવ્ર વળાંકમાં આ બનાવ બન્યો હતો.આ વળાંકમાં ટેમ્પોના ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, વળાંક લેતી વખતે ટેમ્પાની બ્રેક ફેલ થઈ જતાં તે બેકાબૂ બની ગયો અને માર્ગ સાઈડે ધડાકાભેર પલટી ગયો હતો. અકસ્માતની તીવ્રતા એટલી



હતી કે, આઈસર ટેમ્પો ને ભારે નુકસાન પહોંચ્યું હતું. વળી, તેમાં ભરેલા કપાસના જથ્થાને પણ જંગી નુકસાન થયું હતું. આ ઘટનાએ ટ્રાફિકને પણ અમુક સમય માટે અસર પહોંચાડી હતી.અકસ્માત સર્જાતાની સાથે જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં આઈસર ટેમ્પો ના ચાલક અને ક્લીનરને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. રાહત અને બચાવ કામગીરી માટે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ ને જાણ કરવામાં આવી હતી.

### પાલનપુર ખાતે અંદાજે રૂ.૬૩ કરોડના ખર્ચે નવીન જિલ્લા પંચાયત ભવન નિર્માણ પામશે

(એજન્સી) પાલનપુર, તા. 15

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આવેલ હયાત જિલ્લા પંચાયત ભવનનું નિર્માણ લગભગ ૪૫ વર્ષ પૂર્વે કરવામાં આવ્યું હતું. સમયાંતરે જર્જરિત બનેલા આ ભવનનું NDT ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું, જેના રિપોર્ટના આધારે ભવનને જર્જરિત જાહેર કરવામાં આવ્યું છે. સરકારશ્રીએ જૂના જિલ્લા પંચાયત ભવનને ડીમોલીશ કરીને તે જ સ્થળે નવીન જિલ્લા પંચાયત ભવન બાંધવાનું મંજુર કર્યું છે. નવા ભવનના નકશા અને અંદાજ મુજબ આશરે રૂ. ૬૩.૦૦ કરોડનો ખર્ચ થવાનો અનુમાન છે, જેમાંથી રૂ. ૫૨.૦૦ કરોડની વહીવટી મંજુરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી ચૂકી છે. બાકી રહેલી રકમ માટેની સુધારિત વહીવટી મંજુરી મેળવવાની પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ છે.

નવી જિલ્લા પંચાયત ભવનના નકશા અને પ્લાન તાંત્રિક મંજુરી માટે સરકારશ્રીને મોકલવામાં આવ્યા છે. તાંત્રિક મંજુરી પ્રાપ્ત થયા બાદ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા પછી ઈજારદારની નિમણૂંક કરવામાં આવશે.

## ન્યૂઝ ઈન બોક્સ

### લોકશાહીનો પાયો મજબૂત કરો: મતદારયાદીમાં નામ નોંધાવો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાતના પ્રત્યેક નાગરિક માટે મહત્ત્વપૂર્ણ સમાચાર છે. રાજ્યમાં ચોથી નવેમ્બર થી મતદાર સુધારણા અભિયાન નો પ્રારંભ કરવામાં આવ્યો છે. લોકશાહીના આ પર્વમાં કોઈ પણ લાયક નાગરિકનું નામ છૂટી ન જાય તે માટે વિશેષ સઘન મતદારયાદી સુધારણાની (સ્પેશિયલ ઈન્ટેન્શિવ રીવીઝન) કામગીરી યુદ્ધના ધોરણે શરૂ થઈ છે. જિલ્લા ચૂંટણી અધિકારી સહિત નાયબ અધિકારીઓ અને મતદાન નોંધણી અધિકારીઓ દ્વારા આ કાર્ય સંભાળવામાં આવ્યું છે, જે ચોથી ડિસેમ્બર સુધી ચાલશે. આ અભિયાનમાં પહેલી જાન્યુઆરી, ૨૦૦૨ ના રોજ તૈયાર થયેલી મતદાન યાદીને કટ-ઓફ તારીખ તરીકે માનવામાં આવી છે.

બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) દ્વારા પ્રત્યેક ઘરે જઈને ગણતરી (ડોર ટુ ડોર એન્યુમરેશન) કરવામાં આવી રહી છે અને નવા મતદાર તરીકે નામ કેવી રીતે નોંધવું તેની માહિતી પણ આપવામાં આવી રહી છે.

### ચેક રિટર્ન કેસમાં ચાણસ્મા કોર્ટે આરોપીને એક વર્ષની સજા ફટકારી

નિતીન ઠાકર | ચાણસ્મા

નાણાંકીય વ્યવહારોમાં વિશ્વાસ અને પારદર્શિતા જળવાઈ રહે તે હેતુથી, ચેક રિટર્ન (વણચૂકવ્યે પરત થવા)ના ગંભીર કેસમાં ચાણસ્મા કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપીને આરોપીને સજા ફટકારી છે. આ ચુકાદો લેણદારો માટે એક મોટી રાહત અને નાણાંકીય વ્યવહારમાં બેદરકારી દાખવનારાઓ માટે એક સબક સમાન છે. બનાવની વિગતો અને નાણાંકીય વ્યવહારબનાવની હકીકત એવી છે કે, વડાવલી (તા. ચાણસ્મા)ના પટેલ વિશાલભાઈ વિષ્ણુભાઈએ ચાણસ્માના રબારીવાસ, પાંજરાપોળ રોડ પર રહેતા દેસાઈ વિકાસભાઈ ધરમસીભાઈને પશુપાલનના વ્યવસાય માટે નાણાંકીય જરૂરિયાત ઊભી થતાં મદદ કરી હતી. આરોપી વિકાસભાઈએ તારીખ ૩/૨/૨૦૨૫ ના રોજ નાણાં લીધા અંગેનો કરારલેખ કરી આપ્યો હતો.

### સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે ચાણસ્મામાં પદયાત્રાનું આયોજન

નિતીન ઠાકર | ચાણસ્મા

દેશના લોખંડી પુરુષ, સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ચાણસ્મા તાલુકામાં એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૭મી નવેમ્બરના રોજ આયોજિત થનારા જનજાગૃતિ અભિયાન અંતર્ગત ગંગેટથી ચાણસ્મા સુધી ભવ્ય પદયાત્રા યોજવામાં આવશે. આ યાત્રાનો મુખ્ય હેતુ દેશવાસીઓમાં દેશપ્રેમ, ભાતૃભાવના અને રાષ્ટ્રીય ભાવનાનું ઉદ્દીપન થાય તેવો છે, જે સરદાર સાહેબના એકતાના સંદેશને મૂર્તિમંત કરશે.આ સદભાવના યાત્રામાં વધારેમાં વધારે લોકો જોડાય અને સમગ્ર આયોજન વ્યવસ્થિત રીતે પાર પડે તે હેતુથી, પૂર્વાયોજન માટે એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સુશીલાએ શિવાના ચહેરા પરની ઉદાસી જોતા કહ્યું કે ગુડ્ડુ, પ્લીઝ રડતી નહીં...



બહેનપણીઓ ના મુખે એના થનાર પતિ વિશે સાંભળી ને શિવા નો ચહેરો ઉદાસ થઈ ગયો એને થયું કે થોડીવાર રડી લઉં પણ પછી વિચાર્યું કે નસીબ માં જે હોય એજ મળે છે.સુશીલા એ શિવા ના ચહેરા પરની ઉદાસી જોતા કહ્યું કે ગુડ્ડુ,પ્લીઝ રડતી નહીં માંડ માંડ તને તૈયાર કરી છે દસ મિનિટ માં લગ્ન મંડપ માં જવું પડશે.

શિવા એ એની બહેનપણીઓ સામે સહેજ સ્માઈલ કરતા કહ્યું કે ભલે મહેશ નો દેખાવ રાજકપૂર જેવો લાગતો નથી કદાચ એનું પ્રેમાળ દિલ નો માણસ હોઈ શકે ને લગ્ન બાદની જિંદગી ખુશીઓ થી ભરી દેશે.વિચાર હું એના માટે સાવ અજાણ હતી ત્યારે પણ યુવક મહોત્સવ માં એ મારી પાછળ પાગલ ની જેમ પડ્યો હતો. આમપણ આપણા સમાજ માં છોકરીઓના લગ્ન એની ઈચ્છા થી ક્યાં થતા હોય છે?હજુ તો આઠમાં ધોરણ માં ભણું છું તોય મારી મમ્મી ને સાપ નો ભારો લાગુ છું એટલે તો એનો ભાર મહેશ ના પરિવાર પર નાખી દીધો છે.

શિવા એ પાણી નો ઘૂંટડો ગળા માં ઊતરતા સુશીલા સામુ જોઈને કહ્યું કે તું મને બાળપણ થી જાણે છે મને ઘરેણા કે મોંઘા કપડા માં સજવાનો શોખ નથી,ભણવાનો અને ચોપડીઓ વાંચવાનો ખુબ શોખ છે.મને લગ્ન થઈ જશે એનું દર્દ બિલકુલ નથી પણ લગ્ન બાદ વાંચવાના અને ભણવાના શોખ ને કાયમી તિલાંજલી આપવી પડશે એનો છે.

બધી બહેનપણીઓ શિવાની નજીક જઈને ધીમેથી બોલી કે અમને બધાને ખબર છે કે અમારી શિવા નો ભણવાનો અને વાંચવાનો શોખ લગ્ન બાદ પણ મહેશ કુમાર પૂરો કરશે...

શિવા ઊંડો શ્વાસ લઈ ને બોલી કે જેવી ભગવાન ભોળાનાથ ની કૃપા..

,.....

મંડપ ના માઈક માંથી ગોર મહારાજ અવાજ કડક ઘોઘરો અવાજ માં બરાડતા બોલ્યા કે યજમાન, કન્યા પધારવા નો સમય થઈ ગયો છે..કન્યાદાન નું મુહૂર્ત સાચવવું પડશે એટલે કન્યા પધરાવો સાવધાન....કન્યા પધરાવો સાવધાન...કન્યા પધરાવો સાવધાન..આમ ત્રણ વાર ગોર મહારાજ બરાડતા બોલ્યાં પણ શિવા ના જગદીશ મામા એની જગ્યા પરથી ઊભા જ ન થયા.



અસ્તિત્વ ભાગ :૭

- રુપાલી દવે

જગદીશ મામા ઊભા થાય નહી ને ગોર મહારાજ ને લગ્ન ની વિધિ પતાવી ને અન્ય જગ્યા એ આપેલ મુહૂર્ત ના લીધે ભાગવાની ઉતાવળ..

ગોર મહારાજ ના ચહેરા પર ઉતાવળ જોઈને કન્યા પક્ષ ની સ્ત્રીઓ મોટે મોટે થી ગાવા 'ગોર ના હાથી જેવા કાન ગોર લટ પટિયા..ગોર નું તુંબડા જેવું મોંઢું ગોર લટ પટિયા...ગોર નું નાક ચીભડાં જેવું ગોર લટ પટિયા...' ... મંડપ મધ્યે ગોર દાદા અને કન્યા પક્ષ ની સ્ત્રીઓ વચ્ચે ની મજાક મસ્તી માં બધેય ખડખડાટ હાસ્ય ફેલાઈ ગયું..

ગોર મહારાજ ની મજાક કન્યા પક્ષ ની સ્ત્રીઓ વધારે ઉડાડે એ પહેલા ગોર મહારાજ એ એના લાલ ખેસ ને હવામાં ઉડાડતા કહ્યું કે કન્યા ના મામજી બચાઓ.

ગોર મહારાજ ની દશા નિહાળતા જ જગદીશ મામા હસ્તા હસ્તા ઊભા થઈને શિવા તરફ ચાલવા લાગ્યા.

નાનકડી આઠમાં ધોરણ માં ભણતી ભાણકી ને શિવા ને ખભે ઊંચકી ને જગદીશ મામા મંડપ મધ્યે લાવી ને એને ધીમેથી બાજોઠ પર બેસાડતા ગળગળા અવાજે એ બોલ્યાં કે જમાઈ રાજ,મારી ભાણકી નુ ધ્યાન રાખજો..

નાનકડી શિવા સફેદ પાનેતર અને લાલ ચટક ઘરચોળું ને માથે મોતી નો સુંદર મોડ માં લાંબા ઘૂંઘટ ની અંદર અતિ સુંદર લાગતી હતી..

શિવા નો હાથ મહેશ ના હાથ માં મૂકીને એડવોકેટ સાહેબ એ કન્યા દાન ની વિધિ કરી ત્યારે એના મનનું દર્દ ઉભરાઈ ને બહાર આવવા લાગ્યું હતું. એડવોકેટ સાહેબની આંખ માંથી કન્યા દાન ની વિધિ પૂર્ણ થતા ગંગા જમુના બની ને આંખ માંથી આંસુ વહેવા લાગ્યા..પણ શું કરે? સપના તો દીકરી ને એડવોકેટ બનાવવાના હતા પણ નછૂટકે પત્ની ની જીદ આગળ ઝૂકવું પડ્યું..

ગોર મહારાજ એ મંગળ ફેરા માટે વર વધુ શિવા અને મહેશ ને ઉભા થવાનું સૂચવ્યું.. ભાઈઓ જવતલ હોમવા બેન આગળ ઊભા રહ્યા..ત્યાં ઉપસ્થિત માનુનીઓ મંગળ ગીત ગાવા લાગી : પહેલો ફેરે સોના ના દાન દેવાય રે.. એડવોકેટ સાહેબ એ મહેશ કુમાર ને પ્રથમ ફેરે વીંટી આપી...બીજો ફેરો પૂર્ણ થતાં જમાઈ ને સોનાની ચેન નું દાન આપ્યું...ત્રીજા ફેરા એ ચાંદી ના વાસણ નું દાન...ચોથા ફેરે સોનાનો સિક્કો...પાંચમા ફેરે ચાંદી નો સિક્કો...છઠ્ઠા ફેરે વસ્ત્રોનું દાન...સાતમા ફેરે નગદ રૂપિયાનું દાન..આમ સાત ફેરે સાત દાન એડવોકેટ સાહેબ એ એના જમાઈ ને રાજીખુશી આપ્યા...

ફેરા બાદ કંસાર માટે ગોર મહારાજ માઈક માં બોલતા ભેંગા શિવાના મોટા ભાભી કંસાર નો થાળ લઈને આવ્યા...

કંસાર ની વિધિ પૂર્ણ થતાં જ મહેશના મોટા ભાભી એ શિવા ની ભાભી ને સાસરિયાં તરફથી ભેટ આપી..

લગ્ન ની મંગળ વિધિ પૂર્ણ થતા ગોર મહારાજ એ ઘોષણા કરતા કહ્યું કે નવવધુ ને ચાર સુહાગન નો આવીને લાડલી ને સૌભાગ્યવતી ના આશીર્વાદ આપવા આવો.

ચારેય સુહાગન સૌભાગ્યવતી સ્ત્રીઓ એ આવીને શિવા ને 'વિષ્ણુ લક્ષ્મી','શિવ પાર્વતી','બ્રહ્મા બ્રાહ્મણી', 'ઈન્દ્ર ઈન્દ્રાણી' 'મનું શતરૂપા ' નાં જેવું શિવ અને મહેશ નું લગ્ન જીવન સુખી સંપન્ન આનંદીત થાય એવા સૌભાગ્ય ના આશીર્વાદ આપી ને શિવા ને સદા સુહાગન કીધી.

લગ્ન ધામધૂમ પૂર્વક પૂર્ણ થતા જમણવાર માં ઘી ની ધારે લાપસી,ઓરમુ,જાનૈયાને પંગતમાં બેસાડીને પીરસાયું લાડવા,ખીર,મોહનથાળ જેવી અલગ અલગ મીઠાઈઓ અને વિવિધ ફરસાણો ની અવનવી વાનગીઓના વખાણ જાનૈયા બે મોંઢે કરતા હતા. જાન મા આવેલ દરેક ના મુખ માં એક જ વાત એડવોકેટ સાહેબ એ એની એક ની એક દીકરી ના લગ્ન માં નાની સરખી પણ કચાશ છોડી નથી..


લગ્ન તો મહેશ ના..મજા પડી ગઈ..બધા ના મોંઢે વખાણ સાંભળતા જ મહેશ ના ફઈબા ને ઈર્ષા આવતા એ એના સ્વભાવ અનુસાર એની ભાભી ને બોલ્યાં કે ભાભી, વહુ ના વખાણ આંગણે થાય એટલે નીવડે એના વખાણ થાય. આપણા બ્રાહ્મણ ભાઈઓ એ જમવા પાછળ બધું ગુમાવ્યું..અત્યારથી વહુ ને વખાણવા ને બદલે એનાં પગલાં ઘરમાં પડવા દયો..હજુ તો વહુનું મોં પણ દેખ્યું નથી ને વખાણ ની વણઝાર શરૂ કરી દીધી..

મહેશ ની ત્રણેય ભાભી ઓ ફઈબા ના ત્રાસ થી ભારે પરેશાન હતી કેમકે ઘરમાં થતાં મોટાભાગ નાં ઝગડાઓ ફઈબા જ કરાવતા હતા..

બાળ વિધવા ફઈબા ને ખુદને કોઈ બાળક નહતું એટલે જ્યારે ત્યારે બેગ બિસ્ત્રા લઈને ગંગા સદન માં મહિનાઓ સુધી પડ્યા રહેતા ને ભાભીના વખાણ કરી કરીને કાન ભર્યા કરતા હતા 'નાની ને બોલતા આવડતું નથી,વચલી બોલ બોલ કર્યા કરે છે,મોટી શરીરે જાડી એમાં રાક્ષસ જેવા મોં ની ડાબલી ખોલી હસ્યા કરે.. કળયુગ આવ્યો છે ભાભી તમારી વહુઓ હદ વટાવી ચૂકી છે દાબ માં રાખો નહિતર માથે ચડી જશે.'...

મોટી વહુ એ ઘૂંઘટ અંદર હસ્તા હસ્તા એની બાજુમાં ઉભેલ બન્ને દેરણી ઓ ને ધીમેથી કહ્યું કે ફઈબા ની ઈર્ષા નો પારો વધ્યો છે એટલે એના મગજ માંથી આપણે ત્રણેય નીકળી ગયા ને 'શિવા' બેસી ગઈ છે..હવે દિયર જી ને સમજશે કે ફઈબા નો આતંક કેટલી હદે વ્યાપેલો છે.. જ્યારે ત્યારે દિયરજી એના ફઈબા નો પક્ષ લઈને બોલતા હતા કે ' બિચારા ફઈબા બાળ વિધવા થયા છે એટલે એને બાળકો પણ નથી.આપણા ત્યાં એ પરિવાર નું સુખ લેવા ના ઈરાદે રોકાતા હોય છે તો આપણે એનું દુઃખ સમજવું જોઈએ..'....

જાન ઉઘલાવવા નો સમય ચાર વાગ્યા નો હતો એટલે વરરાજા સહિત આખી જાન જમીને ઉતારે આરામ ફરમાવી રહિયા હતી.. સ્ત્રીઓના ઓરડા અને પુરુષો ના ઓરડા માં ગણગણાટ તો હતો પણ પ્રસંગ ના થાક ને લીધે અમુક સમય બાદ બધા એ મીઠી નીંદર માણી લીધી..



## શાહરૂખ ખાન ઈવેન્ટમાં ડાન્સ કરી ફરી છવાઈ ગયા, 'છૈયા-છૈયા' ગીત પર ઝૂમ્યા!

મુંબઈ: બોલીવુડના બાદશાહ શાહરૂખ ખાન જ્યારે પણ જાહેરમાં દેખાય છે, ત્યારે તેમની ચર્ચા ચોક્કસ થાય છે. શુક્રવારે સાંજે મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં શાહરૂખ ખાન અને જાણીતા ફિલ્મમેકર-કોરિયોગ્રાફર ફરાહ ખાન એકસાથે જોવા મળ્યા, અને તેમણે પોતાની હાજરીથી આખા માહોલમાં જોશ ભરી દીધો. બંને સિતારાઓએ કાળા રંગના સ્ટાઈલિશ કપડામાં સ્ટેજ પર એન્ટ્રી લેતા જ હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો. આ દરમિયાન, જ્યારે તેમનું પ્રખ્યાત ગીત 'છૈયા-છૈયા' વાગ્યું, ત્યારે શાહરૂખ ખાન અને ફરાહ ખાને વર્ષો બાદ આ ગીત પર ડાન્સ કર્યો. નોંધનીય છે કે, મલાઈકા અરોરા સાથેના આ ગીતને ફરાહ ખાને જ કોરિયોગ્રાફ કર્યું હતું. આ કાર્યક્રમમાં શાહરૂખ ખાનનો મસ્તીભર્યો અંદાજ જોવા મળ્યો. તેમણે દર્શકોને હસાવતા કહ્યું કે, 'હું તો હવે ઈદનો ચાંદ થઈ ગયો છું. બહાર ઓછો જ દેખાઉં છું, પણ જ્યારે પણ આવું છું તો કમાલ જ કરું છું.' કિંગ ખાનની આ વાત સાંભળીને ત્યાં હાજર લોકો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા. સૂત્રો દ્વારા મળેલા અહેવાલ મુજબ, બંને કલાકારોનું સ્ટેજ પરનું મિલન ખરેખર કાર્યક્રમની એક ખાસ ક્ષણ બની રહ્યું હતું, જેણે લોકોને ગત વર્ષોની યાદો તાજી કરાવી દીધી. આ લેખ સંપૂર્ણપણે ગુજરાતી ભાષામાં, માનવ-લેખિત સ્વર અને સ્થાનિક શબ્દભંડોળનો ઉપયોગ કરીને ૧૫૦ થી ૨૦૦ શબ્દોની રેન્જમાં તૈયાર કરવામાં આવ્યો છે. મુખ્ય કીવર્ડ્સ જેમ કે 'શાહરૂખ ખાન', 'છૈયા-છૈયા', 'ડાન્સ', અને 'ઈદનો ચાંદ' કુદરતી રીતે સમાવવામાં આવ્યા છે.

**'ઈદનો ચાંદ' બનેલા શાહરૂખે કહ્યું, 'જ્યારે આવું છું તો કમાલ આવું છું.'**

### રાજકુમાર રાવે પોસ્ટ શેર કરી... પત્રલેખાએ આપ્યો પુત્રીને જન્મ

# રાજકુમાર રાવના ઘરે થયું નાની પરીનું આગમન



બોલીવુડમાં હાલમાં ખુશીનો માહોલ છે. એક પછી એક સેલિબ્રિટીને સારા સમાચાર મળી રહ્યા છે. તાજેતરમાં કેટરિના કૈફ અને વિકી કૌશલ માતા-પિતા બન્યા છે, અને હવે રાજકુમાર રાવ અને પત્રલેખા પણ માતા-પિતા બન્યા છે. પત્રલેખાએ એક પુત્રીને જન્મ આપ્યો છે. રાજકુમાર રાવે સોશિયલ મીડિયા પર એક સુંદર પોસ્ટ શેર કરીને આ સમાચાર શેર કર્યા. રાજકુમાર રાવે પોસ્ટમાં લખ્યું, 'અમે ચાંદ પર છીએ, ભગવાને અમને પુત્રીનો આશીર્વાદ આપ્યો છે.' 15 નવેમ્બરનો દિવસ રાજકુમાર અને પત્રલેખા માટે ખાસ છે. તે દિવસે તેમના લગ્ન થયા. તેમના ઘરે પુત્રીનો ચોથી વર્ષગાંઠ પર થયો. પોસ્ટ શેર કરતા રાજકુમારે લખ્યું, 'ભગવાનએ અમને અમારી ચોથી લગ્ન વર્ષગાંઠ પર સૌથી મોટા આશીર્વાદ આપ્યા છે.'રાજકુમાર રાવે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી ત્યારથી અભિનંદનનો વરસાદ વરસી રહ્યો છે. ચાહકો અને સેલિબ્રિટીઓ બંને તેમના પર અભિનંદનનો વરસાદ વરસાવી રહ્યા છે. એક ચાહકે લખ્યું, 'અભિનંદન રાજા જી.' બીજાએ લખ્યું, 'શ્રેષ્ઠ સમાચાર, તમને બંનેને અભિનંદન.' બીજાએ લખ્યું, 'બોલીવુડનું સૌથી સુંદર કપલ.' રાજકુમાર રાવ અને પત્રલેખાએ જુલાઈમાં એક પોસ્ટ સાથે તેમની ગર્ભાવસ્થાની જાહેરાત કરી. તેમણે એક સુંદર પોસ્ટ શેર કરી જેમાં લખ્યું હતું, 'બેબી ઓન ધ વે છે.' રાજકુમાર અને પત્રલેખાએ તેમની ગર્ભાવસ્થાની જાહેરાત કરી ત્યારે ચાહકો ખૂબ ખુશ થયા. રાજકુમાર રાવ અને પત્રલેખાએ 11 વર્ષ સુધી ડેટિંગ કર્યા પછી લગ્ન કર્યા. તેઓ પહેલી વાર 2010 માં મળ્યા હતા અને પછી 2014 ની ફિલ્મ સિટીલાઈટ્સમાં સાથે કામ કર્યું હતું. ઘણા વર્ષો સુધી ડેટિંગ કર્યા પછી, આ દંપતીએ 2021 માં લગ્ન કર્યા. હવે, તેમના લગ્નના ચાર વર્ષ પછી, તેઓ માતાપિતા બન્યા છે.



### બાળકના સ્વાગત સાથે નવા આલ્બમની ખુશી...

## કાર્ડી બી ચોથી વાર માતા બની, NFL સ્ટાર સ્ટેફન ડિગ્સના પુત્રનું સ્વાગત!

ન્યૂયોર્ક: અમેરિકન મ્યુઝિક આઈકોન અને રેપર કાર્ડી બીએ જીવનના એક નવા અને મહત્ત્વના અધ્યાયમાં પ્રવેશ કર્યો છે. તે ચોથી વખત માતા બની છે, અને NFL સ્ટાર સ્ટેફન ડિગ્સ સાથેના તેમના સંબંધનું આ પહેલું સંતાન છે. કાર્ડી બીએ ઈન્સ્ટાગ્રામ પર આ ખુશખબરની પુષ્ટિ કરી હતી. કાર્ડી બીએ પોતાના આલ્બમ 'એમ આઈ ધ ડ્રામા?' તરફ ઈશારો કરતાં લખ્યું કે, 'ફરીથી શરૂઆત કરવી ક્યારેય સરળ હોતી નથી, પણ તે સાર્થક રહ્યું છે! હું દુનિયામાં નવું મ્યુઝિક અને એક નવું આલ્બમ લાવી છું! અને મારા વિશ્વમાં એક નવું બાળક, જે મને મારી શ્રેષ્ઠ આવૃત્તિ બનવાનું એક વધુ કારણ આપે છે.' મીડિયા અહેવાલ મુજબ, કાર્ડી બી અને સ્ટેફન ડિગ્સ એક પુત્રના માતા-પિતા બન્યા છે. સૂત્રોએ જણાવ્યું કે, 'કાર્ડી સ્વસ્થ અને ખુશ છે.' નોંધનીય છે કે, NFL સ્ટાર સ્ટેફન ડિગ્સે આ મહિનાની શરૂઆતમાં જ પુત્રના પિતા બનવા અંગે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, 'તે દીકરો છે. મારા માટે આટલું પૂરતું છે. હું તેને પુશ-અપ્સ, સિટ-અપ્સ અને દોડાવવા માટે રાહ જોઈ શકતો નથી.' બીજી તરફ, કાર્ડી બીએ પોતાના પૂર્વ પતિ, રેપર ઓફસેટથી છૂટાછેડા માટે જુલાઈ ૨૦૨૪ માં અરજી કરી હતી, જેની સાથે તેને ત્રણ બાળકો છે. જોકે, નવા બાળકના જન્મની સાથે જ રેપરે તેની આગામી ટૂર માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે અને કહ્યું છે કે, તે દર્શકોને જીવનનો શ્રેષ્ઠ પરફોર્મન્સ આપશે. કાર્ડી બી અને સ્ટેફન ડિગ્સ ગયા વર્ષે ઓક્ટોબરથી એકબીજાની સાથે ચર્ચામાં હતા.


### ઈન્સ્ટા વાયરલ

## કેટ શર્માએ બિકીનીમાં કેમેરા સામે ફ્લોન્ટ કર્યું કર્વી ફિગર



ટીવી ઈન્ડસ્ટ્રીની સૌથી હોટ અભિનેત્રીઓમાંની એક કેટ શર્મા તેના અભિનય કરતાં તેના લુકને કારણે વધુ ચર્ચામાં રહે છે. તેનો દરેક લુક સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ વાયરલ થવા લાગે છે. બોલીવૂડ અભિનેત્રી કેટ શર્મા તેના બોલ્ડ અંદાજથી ચાહકોને દંગ કરે છે. અભિનેત્રી તેના બોલ્ડ અને હોટ વીડિયોથી સતત ચર્ચામાં રહેતી હોય છે. અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર બિકીનીમાં ખૂબ જ હોટ તસવીરો શેર કરી ચાહકોને દિવાના બનાવ્યા છે. બ્લેક બિકીનીમાં કેટ શર્મા કેમેરાની સામે કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે. અલગ-અલગ અંદાજમાં કેટ પોઝ આપી રહી છે. સોશિયલ મીડિયામાં કેટ શર્માનો આ હોટ લુક ખુબ વાયરલ થઈ રહ્યો છે. કેટ શર્માના ચાહકો તેમની મનપસંદ અભિનેત્રીની એક ઝલક જોવા માટે ઉત્સુક છે. કેટ શર્માની સ્ટાઈલ ચાહકોનું ધ્યાન ખેંચી રહી છે. ઈન્ટરનેટ પર તેમની આ તસવીરો આગની જેમ વાયરલ થઈ રહી છે.

## ટ્રાન્સપરન્ટ આઉટફીટમાં અંકિતા દવેએ આપ્યા બોલ્ડ પોઝ



ઉલ્લુ એપની સિરીઝમાં જોવા મળેલી અભિનેત્રી અંકિતા દવે આ દિવસોમાં સોશિયલ મીડિયા પર ઘણી હેડલાઈન્સ બનાવી રહી છે. તે દરરોજ તેના ફેન્સ માટે તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે. તેમને જોયા પછી ચાહકો પોતાની જાત પર કાબૂ રાખી શકતા નથી પોતાના બોલ્ડ ફોટો અને બિકીની લુકથી લોકોને દિવાના બનાવનાર અંકિતા દવે આ દિવસોમાં પોતાની ગ્લેમરસ તસવીરોને કારણે ચર્ચામાં છે. અંકિતા દવે થાઈ હાઈ સ્લિટ ગાઉનમાં જોવા મળી રહી છે. તે તેના કર્વી ફિગરને ફ્લોન્ટ કરી રહી છે. ફેશન સેન્સ ધરાવતી અંકિતા દવે દરરોજ પોતાની બોલ્ડ તસવીરોથી ફેન્સને ચોંકાવતી રહે છે. તો બીજી તરફ, ચાહકોના હૃદયના ધબકારા વધી ગયા છે અને તેની તસવીરો પર ઘણા બધા હાર્ટ અને ફાયર ઈમોજી પોસ્ટ કરી રહ્યા છે. અભિનેત્રી અંકિતા દવે એક મોડેલ અને અભિનેત્રી તેમજ બ્લોગર છે. તે મોડલિંગની દુનિયામાં પણ ઘણી એક્ટિવ છે. અભિનેત્રીનું કર્વી ફિગર અને હોટનેસ કોઈને પણ દિવાના બનાવી શકે છે. તેની તસવીરો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે.

## અજય દેવગણની 'દે દે પ્યાર દે ૨' પહેલા દિવસે ધીમી પડી, કમાણી ઓછી!



મુંબઈ: બોલીવુડના સુપરસ્ટાર અજય દેવગણની નવી રિલીઝ થયેલી ફિલ્મ 'દે દે પ્યાર દે ૨'ને બોક્સ ઓફિસ પર શરૂઆતમાં પ્રમાણમાં ઠંડો પ્રતિસાદ મળ્યો છે. ૨૦૧૯ની હિટ ફિલ્મની આ સીક્વલ શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે, જેમાં અજય દેવગણ સાથે રકુલ પ્રીત સિંહ, આર. માધવન અને મીઝાન જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં છે. ઈન્ડસ્ટ્રી ટ્રેકર 'સેકનિલ્ક'ના પ્રારંભિક અંદાજો મુજબ, 'દે દે પ્યાર દે ૨' ફિલ્મે તેના પહેલા દિવસે આશરે ૮.૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ આંકડો સીક્વલને તેના પહેલા ભાગ 'દે દે પ્યાર દે' (૨૦૧૯)ની ઓપનિંગ કમાણી કરતાં થોડો પાછળ રાખે છે. પ્રીક્વલે રિલીઝના પહેલા દિવસે ૯.૧૧ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જોકે, આ ફિલ્મે અજય દેવગણની આ વર્ષે રિલીઝ થયેલી અન્ય એક સીક્વલ 'સન ઑફ સરદાર ૨' (પ્રથમ દિવસનું કલેક્શન ૭.૫ કરોડ રૂપિયા) ને પાછળ છોડી દીધી છે. આમ છતાં, અજય દેવગણની ૨૦૨૪ની સૌથી વધુ ઓપનિંગ મેળવનારી ફિલ્મ તરીકે રાજકુમાર ગુપ્તા દિગ્દર્શિત 'રેડ ૨' (૧૯.૨૫ કરોડ રૂપિયા) યથાવત્ રહી છે. 'દે દે પ્યાર દે ૨'નું નિર્દેશન આંશુલ શર્માએ કર્યું છે, જ્યારે તેની વાર્તા લવ રંજન અને તરુણ જૈને લખી છે. આ ફિલ્મને સમગ્ર દેશમાં ૫,૧૦૦થી વધુ સ્ક્રીન પર રિલીઝ કરવામાં આવી છે.

## 'દિલ્હી ક્રાઈમ ૩' રિલીઝ: શેફાલી શાહની શ્રેણીમાં 'બડી દીદી'ની ધમાકેદાર એન્ટ્રી!

મુંબઈ: ભારતીય ક્રાઈમ થ્રિલર સિરીઝના ઈતિહાસમાં માઈલસ્ટોન ગણાતી 'દિલ્હી ક્રાઈમ સિઝન ૩' આખરે ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થવા લાગી છે. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યાથી દર્શકો શેફાલી શાહને ડીઆઈજી વર્તિકા ચતુર્વેદી ઉર્ફે 'મેડમ સર'ના પાત્રમાં ફરી એકવાર જોઈ શકે છે. આ વખતના સિઝનમાં માનવ તસ્કરી ના ખલેલ પહોંચાડતા વિશ્વને દર્શાવવામાં આવ્યું છે, જેનો મુખ્ય focus યુવતીઓ અને બાળકોના ગુમ થવાના કેસ પર છે. વર્તિકા અને તેની ટીમ દિલ્હીમાંથી ગુમ થયેલા લોકોની તપાસ શરૂ કરે છે અને ધીમે ધીમે એક વિશાળ અને છુપાયેલા નેટવર્કને બહાર કાઢે છે. આ નેટવર્કના મૂળમાં 'બડી દીદી' નામનું પાત્ર છે, જેની ભૂમિકા હુમા કુરેશીએ ભજવી છે. શેફાલી શાહ ઉપરાંત, કોર કાસ્ટમાં રસિકા દુગલ (નીતિ સિંહ) અને રાજેશ તૈલંગ (ભૂપેન્દ્ર સિંહ) પણ પાછા ફર્યા છે. આ સિઝનમાં હુમા કુરેશી ઉપરાંત સયાની ગુપ્તા, મિતા વશિષ્ઠ, અંશુમાન પુષ્કર અને કેલી ડોર્જી જેવા નવા ચહેરાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. દિગ્દર્શક તનુજ ચોપરાએ એક ઈન્ટરવ્યુમાં પુષ્ટિ કરી હતી કે સિઝન ૩ ની કથા ૨૦૧૨ ના 'બેબી ફલક' કેસ પરથી સીધી પ્રેરણા લે છે, જ્યાં એક યુવતી ઈજાગ્રસ્ત બાળકને હોસ્પિટલમાં લાવી હતી અને સત્ય બહાર આવતા શોષણ અને તસ્કરીના સ્તરો ખુલ્યા હતા.



## 'ઓવરવર્કને કમિટમેન્ટ ન સમજો': દીપિકા પાદુકોણનો કામના કલાકો પર વાર

મુંબઈ: બોલીવુડની ટોચની અભિનેત્રી દીપિકા પાદુકોણ તાજેતરમાં ફિલ્મોમાંથી બહાર નીકળવા અને કામના કલાકો નક્કી કરવાના પોતાના નિર્ણયને કારણે ચર્ચામાં છે. પતિ રણવીર સિંહ સાથે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં દીકરી 'દુઆ'નું સ્વાગત કર્યા બાદ, દીપિકા પાદુકોણે કામ અને માતૃત્વ વચ્ચે સંતુલન જાળવવા પર ભાર મૂક્યો છે, જેને કારણે તે 'કલ્કિ ૨' અને 'સ્પિરિટ' જેવી ફિલ્મોમાંથી બહાર નીકળી ગઈ છે. 'હાર્પર્સ બઝાર' સાથે વાત કરતાં દીપિકા પાદુકોણે માતૃત્વ અંગેના પોતાના અનુભવ શેર કર્યા. તેમણે કહ્યું કે, 'જ્યારે માતાઓ કહે છે કે 'તમે જ્યારે માતા બનશો ત્યારે સમજાશે', તો તે એકદમ સાચું છે. મને મારી માતા માટે હવે ઘણું વધુ સન્માન છે.' અભિનેત્રીએ નવી માતાઓને કામ પર પાછા ફરતી વખતે સપોર્ટ કરવાની જરૂરિયાત પર જોર આપ્યું છે. દીપિકા પાદુકોણે જણાવ્યું કે તે પોતાનો નિશ્ચિત શેડ્યૂલ રાખવા માંગે છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જ્યારે પુરુષ કલાકારો કામના કલાકો નક્કી કરે છે ત્યારે નિર્માતાઓ તેને સ્વીકારે છે, પણ મહિલાઓ માટે આવો સપોર્ટ નથી મળતો. તેણે કહ્યું કે, 'આપણે ઓવરવર્કને સામાન્ય બનાવી દીધું છે. આપણે બર્નઆઉટને પ્રતિબદ્ધતા સમજીએ છીએ.' અભિનેત્રીનું માનવું છે કે, 'માનવ શરીર અને મન માટે આઠ કલાકનું કામ પૂરતું છે. જ્યારે તમે સ્વસ્થ હોવ ત્યારે જ તમે તમારું શ્રેષ્ઠ આપી શકો છો.'

## પ્રેમ કે ઝનૂન?: 'તેરે ઈશ્ક મેં' ટ્રેલર રિલીઝ: ધનુષ ક્રૂર આશિક બની દિલ્હી સળગાવશે!



નવી દિલ્હી: બોલીવુડના જાણીતા દિગ્દર્શક આનંદ એલ. રાયની નવી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, જેમાં ધનુષ અને કૃતિ સેનન મુખ્ય ભૂમિકામાં છે. આ રોમેન્ટિક ડ્રામામાં પ્રેમની ઉગ્રતા અને હિંસક જુસ્સો જોવા મળે છે. ટ્રેલરની શરૂઆતમાં ધનુષને ફ્લાઈટ લેફ્ટનન્ટ 'શિવ' તરીકે પરિચય કરાવવામાં આવે છે. તેના હિંસક સ્વભાવને જોઈને કૃતિ સેનનનું પાત્ર 'મુક્તિ' તેને પૂછે છે, 'હજી આટલો ગુસ્સો, હજી આટલી ભૂખ. તને તારી આ ઈમેજ ગમે છે, નહીં?' કથા ભૂતકાળમાં કોલેજની લવ સ્ટોરી તરફ વળે છે, જ્યાં ધનુષ મુક્તિને ચેતવણી આપતા કહે છે, 'મેડમ, યુવાનના જીવનને બરબાદ કરવા કેમ તત્પર છો? જો હું પ્રેમમાં પડ્યો તો આખી દિલ્હી સળગાવી દઈશ!' મુક્તિ ઈચ્છે છે કે તે શિવને 'શાંત, હિંસારહિત વ્યક્તિ'માં બદલી નાખે, પણ ટ્રેલર જેમ આગળ વધે છે તેમ પ્રેમની આદર્શવાદી વાતો હિંસામાં ફેરવાઈ જાય છે. એક દ્રશ્યમાં મુક્તિ ઝડપથી લગ્ન કરવાની વાત કરે છે, જ્યારે બીજા દ્રશ્યમાં તે કહે છે, 'મને તેના જેવા છોકરાઓની સાયકોલોજી ખબર છે. જ્યારે તેઓ છોકરીને લગ્નના ડ્રેસમાં જુએ છે, ત્યારે છોડીને જતા રહે છે.' આ સાંભળી ઘાયલ અને ગુસ્સે ભરાયેલો શિવ હલ્દી સેરેમનીમાં ઘસી જાય છે અને લગ્ન સ્થળને આગ લગાડી દે છે, ફરીથી તેનું વાક્ય દોહરાવે છે કે, 'મેં તને કહ્યું હતું - જો હું પ્રેમ કરીશ તો દિલ્હી શહેર સળગાવી દઈશ!.

## પૂનમ પાંડેએ કેમેરા સામે આપ્યા કિલર પોઝ



પૂનમ પાંડેએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં પૂનમ પાંડે એક બાદ એક હટકે પોઝ આપી રહી છે. બોલિવૂડ એક્ટ્રેસ અને મોડલ પૂનમ પાંડે તેના બોલ્ડ અંદાજ માટે ફેમસ છે. તો બીજી તરફ, તેના ચાહકો તેની ઝલક જોવા માટે ઉત્સુક રહે છે. પૂનમ પાંડે પણ તેના ચાહકોને નિરાશ કરતી નથી અને તેના ગ્લેમરસ વીડિયો અને ફોટા શેર કરતી રહે છે. તેણીએ ફરી એકવાર તેની ગ્લેમરસ તસવીરો શેર કરીને ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે. આ તસવીરો આગની જેમ વાયરલ થઈ રહી છે. ચાહકોને પૂનમની આ સ્ટાઈલ ખૂબ જ પસંદ આવી રહી છે અને તે કોમેન્ટ પણ કરી રહ્યા છે. અભિનેત્રી પૂનમ પાંડે તેની ફિલ્મો કરતાં તેના અંગત જીવનને લઈને વધુ ચર્ચામાં રહે છે. પૂનમ પાંડે અવારનવાર પોતાના બોલ્ડ અને હોટ ફોટો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. આ વાયરલ ફોટામાં પૂનમ પાંડે ખુલ્લા વાળ સાથે જોવા મળી રહી છે.

## IPL ઈતિહાસનો સૌથી મોટો ટ્રેડ... સંજુ સેમસનની કુશળતા અને અનુભવ CSKની મહત્વાકાંક્ષાઓને પૂરી કરશે

# સંજુ સેમસન CSKમાં, રવીન્દ્ર જાડેજા અને સેમ કરન RRમાં!

### જાડેજા અને કરનને છોડવાનો નિર્ણય ટીમના ઈતિહાસમાં સૌથી કઠિન નિર્ણય

ચેન્નઈ

આઈપીએલ ૨૦૨૬ની મીની હરાજી પહેલાં, ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) અને રાજસ્થાન રોયલ્સ (આરઆર) વચ્ચે અત્યાર સુધીના આઈપીએલ ઈતિહાસનો સૌથી મોટો અને આશ્ચર્યજનક ટ્રેડ પૂર્ણ થયો છે. રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન હવે સીએસકેમાં જોડાઈ ગયા છે. ચેન્નઈએ આ ટ્રેડ અનુભવી ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા અને સેમ કરનના બદલામાં કર્યો છે, જેની સત્તાવાર પુષ્ટિ સીએસકેએ શનિવારે કરી દીધી છે. સીએસકેના પ્રબંધ નિદેશક કે.એસ. વિશ્વનાથને આ ટ્રેડ વિશે વાત કરતાં કહ્યું કે, 'ટીમની સફરમાં બદલાવ ક્યારેય સરળ હોતો નથી. રવીન્દ્ર જાડેજા જેવા ખેલાડી, જે એક દાયકાથી વધુ સમયથી ફ્રેન્ચાઇઝીનો અભિન્ન અંગ રહ્યા છે, અને સેમ કરનને ટીમમાંથી બહાર કરવો, તે ટીમના ઈતિહાસમાં લેવાયેલા સૌથી મુશ્કેલ નિર્ણયોમાંનો એક છે.' તેમણે વધુમાં જણાવ્યું કે આ નિર્ણય જાડેજા અને કરન બંનેની પરસ્પર સહમતીથી લેવાયો છે. સીએસકેનું મેનેજમેન્ટ માને છે કે આ નિર્ણય ખૂબ જ વિચારપૂર્વક અને લાંબાગાળાની દ્રષ્ટિને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. તેમણે સંજુ સેમસનનું સ્વાગત કરતાં કહ્યું કે તેમની કુશળતા અને સિદ્ધિઓ સીએસકેની ભવિષ્યની મહત્વાકાંક્ષાઓને પૂરી કરવા માટે જરૂરી છે.



### જાડેજાના ટ્રેડ પર CSKના MDનો ખુલાસો "રવીન્દ્ર જાડેજા પણ પરિવર્તન માટે સ્પષ્ટ હતા!"

ચેન્નઈ: આઈપીએલ ૨૦૨૬ની હરાજી પહેલાં રવીન્દ્ર જાડેજાને રાજસ્થાન રોયલ્સ (આરઆર) સાથે ટ્રેડ કરવાના ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના નિર્ણય પર ફ્રેન્ચાઇઝીના મેનેજિંગ ડિરેક્ટર કાસી વિશ્વનાથને મૌન તોડ્યું છે. તેમણે આ નિર્ણયને ટીમ મેનેજમેન્ટ માટે લેવાયેલો 'સૌથી મુશ્કેલ નિર્ણય' ગણાવ્યો છે, જોકે સાથે જ કહ્યું કે આ નિર્ણય ખેલાડીઓની મંજૂરી બાદ પરસ્પર સમજૂતીથી લેવામાં આવ્યો છે. સીએસકેના એમડી કાસી વિશ્વનાથને એક વીડિયોમાં ખુલાસો કર્યો કે, 'તમે જાણો છો કે ચેન્નઈ સુપર કિંગ્સે સંજુ સેમસનના બદલામાં જાડેજા અને સેમ કરનને રાજસ્થાન રોયલ્સને ટ્રેડ કર્યા છે.' તેમણે જણાવ્યું કે ટીમ મેનેજમેન્ટને ટોપ-ઓર્ડરના ભારતીય બેટ્સમેનની સખત જરૂરિયાત હતી, અને મીની ઓક્શનમાં શ્રેષ્ઠ ભારતીય બેટ્સમેન મળવાની તક ઓછી હોવાથી ટ્રેડ વિન્ડોનો ઉપયોગ કરવો જરૂરી હતો. કાસી વિશ્વનાથને ભારપૂર્વક જણાવ્યું કે, 'રવીન્દ્ર જાડેજાને છોડવાનો નિર્ણય ખરેખર ખૂબ જ મુશ્કેલ હતો, કારણ કે તે વર્ષોથી સીએસકેની સફળતા માટે જવાબદાર રહ્યા છે.' જોકે, તેમણે ઉમેર્યું કે નિર્ણય લેતા પહેલાં સંબંધિત ખેલાડીઓ સાથે વાતચીત કરવી જરૂરી હતી.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

### બાબર આઝમનો ફોર્મમાં કમબેક શ્રીલંકા સામે કારકિર્દીની ૨૦મી સદી, પાકિસ્તાનની જીત!

● બાબર વનડેમાં સૌથી વધુ ૨૦ સદી ફટકારનાર પાકિસ્તાની બેટ્સમેન બન્યાં : ૮૩ ઈનિંગ્સ પછી આવ્યું બાબરનું 'ખાસ' શતક, સઈદ અનવરના રેકોર્ડની બરાબરી



રાવલપિંડી: પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન અને સ્ટાર બેટ્સમેન બાબર આઝમ આખરે ફોર્મમાં પાછા ફર્યા છે. શુક્રવારે શ્રીલંકા સામે રમાયેલી ત્રણ મેચની વનડે સીરીઝની બીજી મેચમાં, બાબર આઝમે શાનદાર સદી ફટકારી અને ટીમને ૮ વિકેટથી જીત અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી. આ જીત સાથે પાકિસ્તાને સીરીઝમાં ૨-૦ની અજેય લીડ મેળવી લીધી છે. હવે બંને ટીમો રવિવારે રામલપિંડીમાં અંતિમ અને ત્રીજા મુકાબલા માટે સામસામે ટકરાશે. બાબર આઝમે આ સદી સાથે એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરી છે. તે વનડે ક્રિકેટમાં સંયુક્ત રીતે સૌથી વધુ સદી ફટકારનાર પાકિસ્તાની બેટ્સમેન બની ગયા છે. તેમણે આ મામલે દિગ્ગજ સઈદ અનવરની બરાબરી કરી લીધી છે. હવે બંનેના નામે વનડેમાં ૨૦-૨૦ સદી નોંધાઈ ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, ૩૧ વર્ષીય બેટ્સમેનની આ સદી ૮૩ ઈનિંગ્સ પછી આવી છે. અગાઉ છેલ્લી વખત તેમના બેટમાંથી સદી એશિયા કપ ૨૦૨૩માં નેપાળ સામે આવી હતી. ત્યારથી તે આ સદી માટે ઝંખતા હતા, આ કારણે જ આ શતક તેમના માટે ખૂબ જ ખાસ છે.

**પાકિસ્તાનની આસાન જીત...** આ મેચમાં ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમે જનિત લિયાનગેના ૮૮ રનની મદદથી ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૮૮ રન બનાવ્યા હતા. જવાબમાં પાકિસ્તાને ૪૮.૨ ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને ૨૮૯ રન બનાવી લીધા અને મેચ પોતાના નામે કરી લીધી. પાકિસ્તાન તરફથી બાબર આઝમે ૧૧૯ બોલમાં સર્વાધિક ૧૦૨ રનની અણનમ ઈનિંગ્સ રમી. આ ઉપરાંત, ફખર ઝમાને ૭૮ રન અને સેમ અયુબે ૩૩ રનનું યોગદાન આપ્યું, જ્યારે મોહમ્મદ રિઝવાન પણ ૫૧ રન બનાવીને અણનમ રહ્યા હતા.

### ઓસ્ટ્રેલિયાને એશિઝમાં મોટો ફટકો: સ્ટાર બોલર જોશ હેઝલવુડ પ્રથમ ટેસ્ટમાંથી બહાર!



પર્થ: ઈંગ્લેન્ડ સામેની પ્રતિષ્ઠિત એશિઝ સીરીઝ શરૂ થાય તે પહેલાં જ યજમાન ઓસ્ટ્રેલિયાની ટીમને એક મોટો ઝટકો લાગ્યો છે. ટીમના સ્ટાર ઝડપી બોલર જોશ હેઝલવુડ ચોટના કારણે પ્રથમ ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયા છે. જોશ હેઝલવુડને હેમસ્ટ્રિંગ (પગની માંસપેશી) માં ચોટ લાગી છે. તેઓ શેફીલ્ડ શીલ્ડમાં વિક્ટોરિયા સામેની મેચ માટે ન્યૂ સાઉથ વેલ્સની ટીમમાંથી હટી ગયા હતા. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ એક નિવેદનમાં જણાવ્યું કે, બુધવારે થયેલા શરૂઆતી સ્કેનમાં સ્નાયુમાં ખેંચાણની સ્પષ્ટતા થઈ નહોતી, પરંતુ ફરીવારના સ્કેનથી હેમસ્ટ્રિંગમાં ખેંચાણની પુષ્ટિ થઈ છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જણાવ્યું, 'ચોટની પુષ્ટિ થતાં, જોશ હેઝલવુડ પર્થ જઈ શકશે નહીં અને તે પહેલા એશિઝ ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો છે.' આ નિર્ણયથી ઓસ્ટ્રેલિયાના બોલિંગ આક્રમણ પર ગંભીર અસર પડી છે, કારણ કે આ એશિઝ સીરીઝ માટે એક મોટો ફટકો છે. હેઝલવુડની ગેરહાજરીના પગલે, ઓસ્ટ્રેલિયાએ તાત્કાલિક ધોરણે માઈકલ નેસરને ટીમમાં સામેલ કર્યો છે. નેસર, જેણે અત્યાર સુધીમાં બે ટેસ્ટ મેચ રમી છે અને ૨૦૨૧માં એડિલેડ ઓવલમાં ઈંગ્લેન્ડ સામે જ પોતાનું ડેબ્યૂ કર્યું હતું, તે હેઝલવુડ અને અન્ય ઈજાગ્રસ્ત ઝડપી બોલર સીન એબૉટના કવર તરીકે ટીમ સાથે જોડાશે.

"બસ એક ઓવર આપી દો"

### સિરાજે ગિલને વિનંતી કરીને બેક-ટુ-બેક વિકેટ લીધી!



કોલકાતા: ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ઈડન ગાર્ડન્સમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના પહેલા દિવસે મોહમ્મદ સિરાજ માટે શરૂઆત નબળી રહી હતી. જ્યાં એક છેડે જસપ્રીત બુમરાહ દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનોને પરેશાન કરી રહ્યો હતો, ત્યાં સિરાજ શરૂઆતમાં રન લૂંટાવી રહ્યો હતો. જોકે, બીજા સેશનમાં એક જ ઓવરે આખી પરિસ્થિતિ બદલી નાખી, જે માટે મોહમ્મદ સિરાજે ભારતીય ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલને આજીજી કરવી પડી હતી. શુક્રવારે દિવસની રમત પૂરી થયા પછી મોહમ્મદ સિરાજે એક મોટો ખુલાસો કર્યો હતો. બીજા સેશનમાં બે ઓવર ફેંક્યા બાદ શુભમન ગિલ સિરાજને આક્રમણ પરથી હટાવવાની તૈયારી કરી રહ્યા હતા. તે પહેલાં સિરાજે નવ ઓવરમાં ૦ વિકેટે ૪૩ રન આપ્યા હતા. ત્યારે સિરાજે કેપ્ટન ગિલને વિનંતી કરી: 'બસ એક ઓવર દે દે... ઔર ઉસી ઓવર મેં દો વિકેટ મિલ ગયે' (કૃપા કરીને મને વધુ એક ઓવર આપી દો... અને મને તે જ ઓવરમાં બે વિકેટ મળી ગઈ).

મેક્સવેલનો ફ્લોપ શો

### પંજાબ કિંગ્સે મોટા સ્ટાર સહિત ૪ ખેલાડીઓને કર્યા રિલીઝ!

**નિરાશાજનક પ્રદર્શનને કારણે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડરને ટીમમાંથી બહાર કરાયો : આરોન હાર્ડી, કુલદીપ સેન અને વિષ્ણુ વિનોદને પણ કરાયા રિલીઝ**



ચંદીગઢ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ ૨૦૨૬)ની મીની હરાજી પહેલાં, પંજાબ કિંગ્સની ટીમે એક મોટો અને આશ્ચર્યજનક નિર્ણય લીધો છે. ફ્રેન્ચાઇઝીએ શુક્રવારે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલને ટીમમાંથી રિલીઝ કરવાની જાહેરાત કરી છે. મેક્સવેલની સાથે સાથે અન્ય ત્રણ ખેલાડીઓ, આરોન હાર્ડી, ભારતીય ઝડપી બોલર કુલદીપ સેન અને વિકેટકીપર-બેટ્સમેન વિષ્ણુ વિનોદને પણ પંજાબ કિંગ્સએ બહારનો રસ્તો બતાવ્યો છે. ગ્લેન મેક્સવેલ માટે આઈપીએલ ૨૦૨૫ની સિઝન અત્યંત નિરાશાજનક રહી હતી. તેણે રમેલી સાત મેચોમાં તે માત્ર ૪૮ રન જ બનાવી શક્યો હતો અને બોલિંગમાં માત્ર ચાર વિકેટ જ ઝડપી શક્યો હતો. આ દરમિયાન, તેને આંગળીમાં પણ ઈજા થઈ હતી, જેના કારણે તે બાકીની ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. મેક્સવેલની આ નબળી રમત પંજાબ કિંગ્સ માટે મોટો માથાનો દુખાવો બની હતી, અને આખરે ટીમે તેને રિલીઝ કરવાનો નિર્ણય લીધો. મેક્સવેલના સ્થાને ઓસ્ટ્રેલિયાના મિચેલ ઓવેનને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

#### અન્ય ખેલાડીઓની વિદાય



રિલીઝ કરાયેલા અન્ય ખેલાડીઓમાં ઓસ્ટ્રેલિયાનો આરોન હાર્ડી પણ સામેલ છે, જેને પંજાબ કિંગ્સે ૧.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે, આખી સિઝન દરમિયાન તેને એક પણ મેચમાં રમવાનો મોકો મળ્યો ન હતો. આ જ રીતે, કુલદીપ સેન અને વિષ્ણુ વિનોદ પણ આખી સિઝન બેન્ચ પર બેસી રહ્યા હતા અને તેમને મેદાન પર ઉતરવાનો અવસર મળ્યો નહોતો. પંજાબ કિંગ્સની ટીમ હવે ૧૬ ડિસેમ્બરના રોજ અબુ ધાબીમાં યોજાનારી આઈપીએલ ૨૦૨૬ની મીની હરાજીમાં આ ખાલી પડેલા સ્લોટને ભરવા માટે નવા અને યુવા ખેલાડીઓ પર દાવ લગાવવાનો પ્રયાસ કરશે. મેક્સવેલ જેવા મોટા સ્ટાર ખેલાડીને રિલીઝ કરીને પંજાબ કિંગ્સ હવે પોતાની ટીમની રચનાને નવું રૂપ આપવા અને ભવિષ્યની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે.

IPL ૨૦૨૬ના ટ્રેડિંગથી હલચલ

### અર્જુન તેંડુલકર, શમી, માર્કંડે સહિત દિગ્ગજોએ ટીમ બદલી!

● અર્જુન તેંડુલકરે MI છોડી, શમી SRHથી અલગ



નવી દિલ્હી: ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ ૨૦૨૬)ની મીની હરાજી પહેલાં, ખેલાડીઓના ટ્રેડિંગનો છેલ્લો દિવસ શનિવાર ભારે હલચલ વાળો રહ્યો. તમામ ૧૦ ફ્રેન્ચાઇઝીઓ ખેલાડીઓની રિટેન અને રિલીઝની યાદી સોંપવાની તૈયારીમાં છે. આ દરમિયાન, ઘણા મોટા ખેલાડીઓએ પોતાની ટીમ બદલી છે, જેમાં સૌથી મોટો નિર્ણય સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકર વિશે લેવામાં આવ્યો છે. ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર અર્જુન તેંડુલકર હવે મુંબઈ ઈન્ડિયન્સ (MI)નો ભાગ નથી રહ્યો. MIએ અર્જુન તેંડુલકરને લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)માં ટ્રેડ કરી દીધો છે. અર્જુન હવે આગામી આઈપીએલ સીઝનમાં લખનઉની જર્સીમાં રમતો જોવા મળશે. લખનઉએ અર્જુનને ૩૦ લાખ રૂપિયાની ફી આપીને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. MIએ સોશિયલ મીડિયા પર અર્જુનને નવી સફર માટે શુભકામનાઓ આપી છે અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમી પણ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)થી અલગ થઈને લખનઉ સુપર જાયન્ટ્સનો ભાગ બની ગયો છે. શમીને SRHએ ૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને તે પોતાની નક્કી કરેલી ફી પર LSGમાં જોડાયો છે.

**નીતીશ રાણા:** અનુભવી બેટ્સમેન નીતીશ રાણા RRથી ૪.૨ કરોડ રૂપિયામાં દિલ્હી કેપિટલ્સ (DC)માં ટ્રેડ થયો છે.

**ડોનોવાન ફરેરા:** ડૉનોવાન ફરેરા DCથી RRમાં પાછો ફર્યો છે. તે એક કરોડ રૂપિયાની ફી પર RRમાં જોડાયો છે.

**મયંક માર્કંડે :** લેગ સ્પિનર મયંક માર્કંડે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)થી MIમાં પાછો ફર્યો છે. મયંક ૩૦ લાખ રૂપિયાની ફી પર MIમાં જોડાયો છે, જ્યાં તેણે ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૨માં રમીને પોતાના કરિયરની શરૂઆત કરી હતી.

CSKમાં ૧૮ કરોડ કમાતા જાડેજાએ ૪ કરોડ ઓછા પગાર સાથે ટીમ બદલી

### આઈપીએલ ટ્રેડ: જાડેજાએ પગાર કાપીને CSK છોડ્યું, હવે ૧૪ કરોડ કમાશે!

નવી દિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના ઈતિહાસમાં સૌથી સનસનીખેજ ટ્રેડ ડીલમાંથી એક આજે સત્તાવાર રીતે પૂર્ણ થઈ છે. ક્રિકેટર રવીન્દ્ર જાડેજા લાંબો અને સફળ સફર પૂરો કરીને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)થી રાજસ્થાન રોયલ્સ (આરઆર)માં ટ્રેડ થઈ ગયા છે. આ બ્લોકબસ્ટર એક્સચેન્જમાં રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન સીએસકેમાં જોડાયો છે, જ્યારે જાડેજાના સાથી ખેલાડી સેમ કરન પણ રોયલ્સનો ભાગ બન્યો છે. જોકે, સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે રવીન્દ્ર જાડેજાએ રાજસ્થાનની ટીમમાં જોડાવા માટે પોતાના પગારમાં મોટો કાપ સ્વીકાર્યો છે. રવીન્દ્ર જાડેજા,



જેમને સીએસકેએ આઈપીએલ ૨૦૨૫ની મેગા હરાજી પહેલાં રિટેન કર્યા હતા, તે દર વર્ષે ૧૮ કરોડ રૂપિયાનો પગાર મેળવતા હતા. પરંતુ આઈપીએલ ટ્રેડ એગ્રીમેન્ટ મુજબ, રાજસ્થાન રોયલ્સમાં તેમનો લીગ ફીસ સુધારીને ૧૪ કરોડ રૂપિયા પ્રતિ વર્ષ નક્કી કરવામાં આવ્યો છે. આ રીતે, ઓલરાઉન્ડરને દર વર્ષે ૪ કરોડ રૂપિયા ઓછા મળશે. આઈપીએલ દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં આ પગાર ઘટાડાની પુષ્ટિ કરવામાં આવી છે. આ ટ્રેડ ડીલ રવીન્દ્ર જાડેજા માટે ભાવનાત્મક ઘર વાપસી સમાન છે. તેમણે ૨૦૦૮માં રાજસ્થાન રોયલ્સ સાથે જ પોતાની આઈપીએલ કારકિર્દીની શરૂઆત કરી હતી અને શેન વોર્નના નેતૃત્વમાં પ્રથમ આઈપીએલ ટાઇટલ પણ જીત્યો હતો. શેન વોર્ને જ તેમને 'રોકસ્ટાર' નામ આપ્યું હતું. જાડેજાએ કરારના નિયમોના ભંગ બદલ એક વર્ષના પ્રતિબંધ બાદ કોચી ટસ્કર્સ કેરળ અને પછી ૨૦૧૨માં પ્રખ્યાત રીતે સીએસકેમાં જોડાણ કર્યું હતું.

વોશિંગ્ટન સુંદરની વિકેટ બાદ ગિલ માત્ર ૩ બોલ રમીને રિટાયર્ડ હર્ટ થયો

### ભારતીય ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ મેચમાંથી ઈજાગ્રસ્ત થઈ બહાર!

**ગાંગુલીએ ગિલને 'પરફેક્ટ કેપ્ટન' ગણાવ્યાના કલાકો બાદ આ ઘટના**



કોલકાતા

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ઈડન ગાર્ડન્સમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે ભારતીય ટીમને એક મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલ ગરદનમાં અકળામણ ને કારણે ઈજાગ્રસ્ત થતાં મેદાન છોડી ગયા છે. શનિવારે સવારના સત્રમાં આ ઘટના બની, જ્યારે ગિલ વોશિંગ્ટન સુંદરની વિકેટ પડ્યા પછી ૩૫મી ઓવરમાં બેટિંગ કરવા મેદાન પર આવ્યા હતા.


**અણધારી ઈજા...** ૨૫ વર્ષીય શુભમન ગિલ વોશિંગ્ટન સુંદરના આઉટ થયા બાદ બેટિંગ કરવા આવ્યા હતા અને તેમનું પ્રેક્ષકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જોકે, માત્ર ત્રણ બોલનો જ સામનો કર્યા પછી ગિલ સ્પષ્ટ પીડામાં દેખાયા અને પોતાની ગરદન પકડી રાખી હતી. મેડિકલ ટીમે તેમની સારવાર કરી, પરંતુ મુશ્કેલીને કારણે તેઓ હલનચલન કરી શકતા નહોતા. આખરે, ઈજાને કારણે બેટ્સમેનને રિટાયર્ડ હર્ટ થવાની ફરજ પડી હતી. આ ઘટનાથી ભારતીય ટીમની સ્થિતિ વધુ મુશ્કેલ બની છે, કારણ કે ગિલની વિદાયથી ભારતે ઝડપથી વિકેટો ગુમાવી છે.

#### ગાંગુલીના વખાણ

આ અણધારી ઘટનાના થોડા જ સમય પહેલાં, ભૂતપૂર્વ બીસીસીઆઈ અધ્યક્ષ અને ભારતના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ શુભમન ગિલના જોરદાર વખાણ કર્યા હતા. એક કાર્યક્રમમાં બોલતા, ગાંગુલીએ ગિલને 'શાનદાર બેટ્સમેન અને પરફેક્ટ કેપ્ટન' ગણાવ્યો હતો. ગાંગુલીએ ખાસ કરીને ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન યુવાન વયે ગિલના નેતૃત્વની પ્રશંસા કરી હતી

મહેનત રંગ લાવી // એટીપી ફાઈનલ્સમાં જૂથ મેચ જીતીને અલકારાઝે રેન્કિંગ સુરક્ષિત કર્યું, ૨૨ વર્ષીય સ્પેનિશ સ્ટારે ઈતિહાસ રચ્યો

### કાર્લોસ અલકારાઝ વર્ષનો નંબર ૧ ખેલાડી બન્યો, ટ્રોફી સાથે ખુશ દેખાયો!



તુરીન

સ્પેનના સ્ટાર ટેનિસ ખેલાડી કાર્લોસ અલકારાઝે વર્ષના અંતે નંબર ૧ ખેલાડી તરીકેનું ટાઈટલ જીતીને શુક્રવારે ગૌરવ સાથે ટ્રોફી ઉઠાવી હતી. જાનિક સિનર સાથેની રોમાંચક સ્પર્ધા બાદ, અલકારાઝે એટીપી ફાઈનલ્સની ત્રણેય જૂથ-તબક્કાની મેચો જીતીને ગુરુવારે જ આ ટોચનું રેન્કિંગ સુરક્ષિત કરી લીધું હતું. ૨૨ વર્ષીય અલકારાઝે તુરીનના ઈનાલ્પી એરેના ખાતે જાનિક સિનરની મેચ શરૂ થાય તે પહેલાં આ પ્રતિષ્ઠિત ટ્રોફી મેળવી હતી. ટ્રોફી ઉઠાવ્યા બાદ સ્મિત સાથે અલકારાઝે પોતાની ખુશી વ્યક્ત કરતાં કહ્યું, 'ફરી એકવાર દુનિયાનો નંબર ૧ બનવું મારા માટે ખુબ જ ખુશીની વાત છે. આ એક એવું લક્ષ્ય છે, જેના માટે હું મારી ટીમ સાથે દરરોજ ખૂબ જ મહેનત કરું છું.' તેમણે ઉમેર્યું, 'સાચું કહું તો, આ એક એવી સફર છે જે તમે એકલા નથી પસાર કરતા. તેમાં તમારી આખી ટીમ, તમારો પરિવાર, અને તમારા નજીકના લોકો હંમેશા તમારો સાથ આપે છે - પછી ભલે તે મુશ્કેલ સમય હોય કે સારો.'

#### બીજો વખતનો દબદબો

આ બીજી વખત છે જ્યારે કાર્લોસ અલકારાઝે વર્ષના અંતે રેન્કિંગમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. આ પહેલાં, ૨૦૨૨માં જ્યારે તેણે આ સિદ્ધિ હાંસલ કરી હતી, ત્યારે તે ૧૯ વર્ષની ઉંમરે વર્ષનો નંબર ૧ ખેલાડી બનનાર સૌથી યુવા ખેલાડી બન્યો હતો. અલકારાઝે પોતાની ટીમ પર ગર્વ વ્યક્ત કરતા કહ્યું, '૨૦૨૨માં જ્યારે મેં પહેલીવાર આ ટ્રોફી જીતી, ત્યારે પણ મારી ટીમ એ જ હતી. મને મારી હાલની ટીમ પર ખરેખર ગર્વ છે. મારા માટે આ એક મોટી સિદ્ધિ છે. સાચું કહું તો, આ મારા માટે આખી દુનિયા સમાન છે, અને હું ખરેખર ખૂબ જ ગર્વ અને ખુશ છું.' કાર્લોસ અલકારાઝનો આ વિજય ટેનિસની દુનિયામાં તેના વધતા પ્રભુત્વ અને દબદબાને દર્શાવે છે.

### રવીન્દ્ર જાડેજાના ટ્રેડ પહેલા એમએસ ધોની સાથે વાતચીત થઈ હતી

નવી દિલ્હી: ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ ટ્રેડ) ની રિટેન્શનની સમયમર્યાદાના ગણતરીના કલાકો પહેલાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) અને રાજસ્થાન રોયલ્સ (આરઆર) વચ્ચે થયેલા મેગા-ટ્રેડથી ક્રિકેટ જગતમાં મોટો ખળભળાટ મચી ગયો છે. રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન હવે સીએસકેનો ભાગ બન્યો છે, જ્યારે તેના બદલામાં રવીન્દ્ર જાડેજા અને સેમ કરન રાજસ્થાન રોયલ્સમાં પાછા ફર્યા છે. આ ડીલ પાછળનો સૌથી મોટો ખુલાસો એ છે કે, રવીન્દ્ર જાડેજાએ આ ટ્રેડ પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં ફ્રેન્ચાઇઝીના આઈકોન એમએસ ધોની સાથે વાતચીત કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, સીએસકેના સૌથી મહત્ત્વના ખેલાડીઓમાંના એક જાડેજાએ એમએસ ધોની સાથે ટ્રેડ અંગે ચર્ચા કરી હતી.

## યુએનએસસીમાં સુધારાની ભારતની માંગણી: 'ક્રિસમસ ટ્રી' આદેશો ટાળવા જોઈએ

# સુરક્ષા પરિષદને વધુ પ્રતિનિધિ અને અસરકારક બનાવો

(એજન્સી) ન્યૂ યોર્ક | તા. 15


યુનાઈટેડ નેશન્સમાં ભારતના રાજદૂત પર્વથનેની હરીશે યુએન સુરક્ષા પરિષદ ને વધુ પ્રતિનિધિત્વપૂર્ણ અને અસરકારક બનાવવા માટે તેના કાર્યકારી માળખામાં સુધારાની જોરદાર હિમાયત કરી છે. શુક્રવારે UNSC ઓપન ડિબેટ ઓન વર્કિંગ મેથડ્સમાં બોલતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બહુવિધ કટોકટીઓથી ઘેરાયેલા અને અસંખ્ય પડકારોનો સામનો કરી રહેલા વિશ્વમાં, યુએનએસસીની કાર્ય પદ્ધતિ તેની વિશ્વસનીયતા, અસરકારકતા અને પારદર્શિતા માટે નિર્ણાયક છે. યુએનએસસીમાં સુધારાની ભારતની માંગણી માં પારદર્શિતા, જવાબદારી અને સર્વસમાવેશકતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

હરીશે કહ્યું કે સલામતી પરિષદ યુએન આર્કિટેક્ચરમાં કેન્દ્રીય ભૂમિકા ધરાવે છે, પરંતુ માત્ર ૧૫ સભ્યો સુધી મર્યાદિત સભ્યપદને કારણે તેના માળખામાં ફેરફાર અનિવાર્ય છે. ભારત શાંતિ જાળવણીમાં તેના પોતાના યોગદાન પર પણ ભાર મૂકે છે.

### પારદર્શિતાનો અભાવ અને હિતોનો સંઘર્ષ

ભારતે સહાયક સંસ્થાઓના અધ્યક્ષો અને પૅન-હોલ્ડરશિપ માટે વધુ પારદર્શક પસંદગી પ્રક્રિયાઓની માંગ કરી છે. ભારતીય રાજદૂતે ટિપ્પણી કરી કે આ હોદ્દાઓ વિશેષાધિકારો છે જે મોટી જવાબદારીઓ સાથે આવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કાઉન્સિલના સભ્યોને આ વિશેષાધિકારો આપતી વખતે "હિતોના સંઘર્ષ"ને રોકવો જોઈએ.

આ માંગણી એવા સમયે આવી છે જ્યારે પાકિસ્તાન ફ્રાન્સ અને રશિયા સાથે યુએનએસસીની કાઉન્ટર-ટેરરિઝમ કમિટીના વાઈસ-ચેર તરીકે કાર્યરત છે. પાકિસ્તાન, જે ૨૦૨૫-૨૦૨૬ની ટર્મ માટે બિન-કાયમી સભ્ય તરીકે સેવા આપી રહ્યું છે, તેને જુલાઈમાં તાલિબાન પ્રતિબંધો સમિતિના અધ્યક્ષ તરીકે પણ




નિયુક્ત કરવામાં આવ્યું હતું.

શાંતિ જાળવણી મિશનોના આદેશોના વિસ્તરણને સંસાધનોમાં પ્રમાણસર વધારો કરીને સમર્થન આપવાની હિમાયત કરતા, ભારતે 'સાદા વેનીલા આદેશો'ને પુનર્સ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ભારતે જણાવ્યું કે 'ક્રિસમસ ટ્રી' આદેશો ટાળવા જોઈએ, અને શાંતિ જાળવણી મિશનોને સાદા આદેશો પર પાછા લાવવા જોઈએ. સૌથી મોટા સંચિત સૈનિક યોગદાન આપનાર તરીકે, ભારતે શાંતિ જાળવણી આદેશોના બહેતર અમલ માટે સૈનિક યોગદાન આપનાર દેશોના ઈનપુટને ધ્યાનમાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

હરીશે ભારપૂર્વક જણાવ્યું કે કાઉન્સિલનું જૂનું માળખું અને પ્રક્રિયાઓ સ્પષ્ટપણે દેખાય છે. ભારતે આફ્રિકાનો કાયમી સભ્ય તરીકે સમાવેશ થવો જોઈએ તેવી માંગણીને સમર્થન આપ્યું, જે યુએનના ઘણા સભ્ય દેશોની આકાંક્ષાઓને પડઘાવે છે. તેમણે કહ્યું કે માત્ર બિન-કાયમી શ્રેણીના વિસ્તરણથી અર્થપૂર્ણ સુધારો થશે નહીં, પરંતુ આફ્રિકા સાથેના ઐતિહાસિક અન્યાયને દૂર કરવામાં પણ તે નિષ્ફળ જશે.

તેમણે ભારપૂર્વક કહ્યું કે કાઉન્સિલના કાર્યોમાં સુસંગતતા અને ઉપયોગિતાના આધારે સમયાંતરે સમીક્ષા થવી જોઈએ અને સનસેટ ક્લોઝ દાખલ કરવા જોઈએ.

## બલૂચ શહીદ દિવસ કાર્યક્રમ

# પાકિસ્તાનના ક્રૂર કબજા અને દમન સામે BNMનો હુંકાર

(એજન્સી) બલૂચિસ્તાન | તા. 15

બલૂચ નેશનલ મૂવમેન્ટ (BNM) દ્વારા અવારન ઝોનમાં બલૂચ શહીદ દિવસ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, પાર્ટીના અધ્યક્ષ ડૉ. નસીમ બલૂચે રાષ્ટ્રીય મુક્તિ ચળવળોને ટકાવી રાખવામાં રાજકીય સંસ્થાઓની કેન્દ્રીય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે પાકિસ્તાનના દાયકાઓથી ચાલી રહેલા કબજા અને ક્રૂરતાની ટીકા કરી હતી, અને શહીદોના બલિદાનને યાદ કરીને સંઘર્ષને વધુ મજબૂત બનાવવાની હાકલ કરી હતી.


ડૉ. નસીમ બલૂચે BNM શહીદ રશીદ ઝોનમાં સંબોધન કરતા જણાવ્યું કે અગાઉના દાયકાઓમાં મજબૂત રાજકીય માળખાના અભાવે પાકિસ્તાનના નિયંત્રણ સામે બલૂચોનો વારંવારનો પ્રતિકાર લાંબો સમય ટકી શક્યો ન હતો. તેમણે ઉદાહરણ આપ્યું કે ૧૯૭૦ના દાયકામાં સૌથી તીવ્ર પ્રતિકાર જોવા મળ્યો હતો, પરંતુ સંગઠિત માળખાના અભાવે તે માંડ ચાર વર્ષ ટકી શક્યો હતો. તેમણે સશસ્ત્ર પ્રતિકારને રાજકીય નેતૃત્વથી અલગ કરવા સામે ચેતવણી આપી હતી. પાકિસ્તાની રાજ્ય પાસે ઘણા વધુ સંસાધનો છે અને તે સતત તેની યુક્તિઓને અનુકૂળ બનાવે છે તે સ્વીકારતા, તેમણે વ્યૂહાત્મક વિચારસરણીની જરૂરિયાત પર ભાર મૂક્યો.

### સંગઠન જ સંઘર્ષની કરોડરજ્જુ

ડૉ. નસીમે ભારપૂર્વક જણાવ્યું કે આનાથી વિપરીત, આજની ચળવળ ૨૫ વર્ષથી સ્થિર રહી છે, કારણ કે હવે રાજકીય સંગઠનો દિશા અને સાતત્ય પ્રદાન કરે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે સંગઠિત સંસ્થાઓ વિના, અમારો સંઘર્ષ આ તબક્કે પહોંચી શક્યો ન હોત, ન તો બલૂચ અવાજ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુંજી શક્યો હોત. આ સંદર્ભમાં, તેમણે રાજકીય સંસ્થાઓનું મહત્ત્વ દર્શાવતા કહ્યું કે રાજકીય શક્તિ જ રાષ્ટ્રીય સંઘર્ષોની કરોડરજ્જુ છે.

## ન્યૂઝ બ્રીફ

### મોડી રાત્રે ધરતી ધ્રૂજી: તિબેટમાં ભૂકંપના આંચકાની અનુભૂતિ




તિબેટ | શુક્રવારે મોડી રાત્રે તિબેટમાં ભૂકંપના આંચકા અનુભવાતા સ્થાનિક લોકોમાં થોડો ફફડાટ ફેલાયો હતો. રાષ્ટ્રીય સિસ્મોલોજી કેન્દ્ર (NCS) દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ૪.૧ નોંધાઈ હતી. ભૂકંપનો આંચકો ભારતીય સમયાનુસાર સાંજે ૧૮:૪૭:૨૬ વાગ્યે આવ્યો હતો અને તેનું કેન્દ્રબિંદુ પૃથ્વીની સપાટીથી ૬૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. આ પ્રમાણમાં ઓછી તીવ્રતાનો ભૂકંપ હોવાને કારણે હાલમાં કોઈ મોટા જાન-માલના નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી.આ પહેલા ૧૧ નવેમ્બરે પણ તિબેટમાં ભૂકંપ ૩.૮ની તીવ્રતાનો આવ્યો હતો, જેની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર હતી.

### તાઈવાનની આસપાસ ચીનના ૨૦ એરક્રાફ્ટ: ૧૭ જેટ વિમાન મધ્ય રેખામાં ઘૂસ્યા

તાઈપેઈ | તાઈવાનના સંરક્ષણ મંત્રાલય એ શનિવારે સવારે ૬ વાગ્યા સુધીમાં તાઈવાનની આસપાસ ચીનના ૨૦ એરક્રાફ્ટ અને છ જહાજોની હિલચાલ નોંધી હતી. એમએનડી દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ, ૨૦ સૉર્ટીઝમાંથી ૧૭ જેટ વિમાનોએ મધ્ય રેખા ઓળંગી અને ADIZમાં પ્રવેશ કર્યો હતો, જે તાઈવાનના ઉત્તરી અને દક્ષિણ-પશ્ચિમ હવાઈ સંરક્ષણ ઓળખ ઝોનમાં ઘૂસણખોરી સૂચવે છે. તાઈવાનના સૈન્યે પરિસ્થિતિ પર નજર રાખીને યોગ્ય પ્રતિસાદ આપ્યો હતો. આ પહેલા શુક્રવારે પણ તાઈવાનની આસપાસ ચીની સેનાના ૨૧ એરક્રાફ્ટ અને ત્રણ જહાજોની હિલચાલ જોવા મળી હતી, જેમાં ૧૮ જેટ વિમાનોએ મધ્ય રેખા ઓળંગીને ઘૂસણખોરી કરી હતી. તાઈવાનની આસપાસ ચીની સૈન્યની સતત વધતી પ્રવૃત્તિઓ આ ક્ષેત્રમાં તણાવમાં વધારો કરી રહી છે.

### મોઝામ્બિક ભારત વેપારને પ્રોત્સાહન આપવા કેન્દ્રીય મંત્રીની બેઠક



વિશાખાપટ્ટનમ| વિશાખાપટ્ટનમ ખાતે આયોજિત સીઆઈઆઈ ભાગીદારી સમિટ ૨૦૨૫ના માહોલ વચ્ચે, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મોઝામ્બિકના વેપાર માટેના રાજ્ય સચિવ એન્ટોનિયો ગ્રિસ્પોસ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં મોઝામ્બિક ભારત વેપાર અને બંને રાષ્ટ્રો વચ્ચે સહકાર વધારવા માટેના વધુ માર્ગો અંગે ચર્ચા કરવામાં આવી હતી. મંત્રી ગોયલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી અને જણાવ્યું કે, તેમણે શ્રી ગ્રિસ્પોસ સાથે મુલાકાત કરી અને દ્વિપક્ષીય વેપારને વેગ આપવા માટેના આગામી પગલાંઓ પર વિચાર વિમર્શ કર્યો.

## ભારત-યુએસ સંબંધોને વધુ મજબૂત કરવા વિદેશ મંત્રીનું આહ્વાન

# વિદેશ મંત્રી એસ. જયશંકરનું અમેરિકા મિશન, કોન્સ્યુલ જનરલ્સ કોન્ફરન્સમાં મહત્ત્વપૂર્ણ ચર્ચા

(એજન્સી) ન્યૂ યોર્ક | તા. 15

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે ન્યૂ યોર્કમાં કોન્સ્યુલ જનરલ્સ કોન્ફરન્સની અધ્યક્ષતા કરીને અમેરિકા અને ભારત-યુએસ સંબંધોને નવી દિશા આપવા માટે મહત્ત્વપૂર્ણ સમીક્ષા કરી હતી. તેમણે અમેરિકામાં ભારતીય દૂતાવાસ અને તમામ વાણિજ્ય દૂતાવાસો દ્વારા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના અથાગ પ્રયાસોની ઉષ્માભરી પ્રશંસા કરી હતી. આ બેઠકમાં અમેરિકા સ્થિત ભારતીય દૂતાવાસ (વૉશિંગ્ટન ડીસી) સહિત ન્યૂ યોર્ક, લોસ એન્જલસ, સિએટલ, સાન ફ્રાન્સિસ્કો, એટલાન્ટા, હ્યુસ્ટન, શિકાગો અને બોસ્ટનના કોન્સ્યુલ જનરલએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સ દ્વારા અમેરિકામાં રહેતા પ્રવાસી ભારતીય સમુદાયને અપાતા સહાય અને તેમની પ્રવૃત્તિઓ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, જે ભારતની "વસુધૈવ કુટુંબકમ્" ની ભાવનાને ઉજાગર કરે છે.

### ભારત-યુએસ સંબંધોની ગાઢ સમીક્ષા

વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને આ બેઠક વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, "આજે ન્યૂ યોર્કમાં કોન્સ્યુલ જનરલ્સ કોન્ફરન્સની અધ્યક્ષતા કરી, જેમાં વૉશિંગ્ટન ડીસી સ્થિત ભારતીય દૂતાવાસ અને અન્ય તમામ વાણિજ્ય દૂતાવાસોએ ભાગ લીધો. અમે ભારત-યુએસ સંબંધોની સમીક્ષા કરી અને પ્રવાસી ભારતીયોની ગતિવિધિઓ માટેના સમર્થન પર ચર્ચા કરી. ભારત-અમેરિકા ભાગીદારીને મજબૂત કરવા માટે અમારા દૂતાવાસ અને વાણિજ્ય દૂતાવાસોના પ્રયાસો અને પ્રતિબદ્ધતાની હું પ્રશંસા કરું છું."

ન્યૂ યોર્કના ભારતીય વાણિજ્ય દૂતાવાસે પણ મંત્રીશ્રીનું સ્વાગત કરીને જણાવ્યું હતું કે, "ટીમ



સીજીઆઈ ન્યૂ યોર્કે વિદેશ મંત્રી એસ. જયશંકરનું સ્વાગત કર્યું. તેમનું વિઝન, માર્ગદર્શન અને નેતૃત્વ ભારત-યુએસએ ભાગીદારી માટે કામ કરવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરે છે." આ બેઠક બન્ને દેશો વચ્ચેના વ્યાપારી, રાજકીય અને સંસ્કૃતિક જોડાણને મજબૂત કરવાના લક્ષ્યને પ્રતિબિંબિત કરે છે.

એસ. જયશંકરે લખ્યું હતું કે, "આજે ન્યૂ યોર્કમાં યુએનએસજી @antonioguterres ને મળવાનું સારું લાગ્યું. વર્તમાન વૈશ્વિક વ્યવસ્થા અને બહુપક્ષીયવાદ પર તેની અસરોનું તેમનું આંકલન મૂલ્યવાન હતું. વિવિધ પ્રાદેશિક સમસ્યાઓ પરના તેમના વિચારોની પણ પ્રશંસા કરી. ભારતના વિકાસ અને વૃદ્ધિ માટે તેમના સ્પષ્ટ અને સુસંગત સમર્થન બદલ તેમનો આભાર. ભારતમાં તેમનું સ્વાગત કરવા માટે આતુર છું."

### ■ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ સાથે મુલાકાત

એસ. જયશંકરે શનિવારની આ કોન્ફરન્સ પહેલાં શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સાથે પણ મુલાકાત કરી હતી. આ મુલાકાત ન્યૂ યોર્કમાં થઈ હતી, જેમાં તેમણે વર્તમાન વૈશ્વિક વ્યવસ્થા, પ્રાદેશિક સંઘર્ષના સ્થળો અને બહુપક્ષીયવાદની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી. મંત્રીશ્રીએ 'એક્સ' પર પોસ્ટ કરીને ગુટેરેસના વૈશ્વિક વિકાસના આંકલનને મૂલ્યવાન ગણાવ્યું હતું અને ભારતના વિકાસ માટેના તેમના 'સ્પષ્ટ અને સુસંગત સમર્થન' બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ■ જી૭ બેઠક અને ઊર્જા સુરક્ષા

આ બેઠકો જી૭ વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન થઈ, જેમાં ભારતને કેનેડાના પ્રમુખપદ દરમિયાન આમંત્રિત ભાગીદાર તરીકે સહભાગી થવા આમંત્રણ અપાયું હતું. અગાઉ, એસ. જયશંકરે ઊર્જા સુરક્ષા અને મહત્ત્વપૂર્ણ ખનીજો પર જી૭ આઉટરીચ સત્રમાં હાજરી આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત તેના વૈશ્વિક ભાગીદારો સાથે રચનાત્મક રીતે કામ કરવા તૈયાર છે અને સપ્લાય ચેઈનમાં અવલંબન ઘટાડવાની અને સ્થિતિસ્થાપકતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## ટ્રમ્પે થાઈલેન્ડ અને કંબોડિયાના નેતાઓને ફોન કર્યો

# 'યુદ્ધ રોકવા' માટે ટેરિફની ધમકી આપી



(એજન્સી) વૉશિંગ્ટન ડીસી | તા. 15

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે થાઈલેન્ડ અને કંબોડિયાના નેતાઓને ફોન કર્યો અને દાવો કર્યો કે તેમણે દક્ષિણ પૂર્વ એશિયાના આ બે પડોશી દેશો સામે "યુદ્ધ રોકવા" માટે ટેરિફનો ઉપયોગ કરવાની ધમકી આપી હતી. શુક્રવારે ફ્લોરિડા પ્રવાસ દરમિયાન એર ફોર્સ વન પર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું કે, "મેં આજે જ ટેરિફના ઉપયોગ - ટેરિફની ધમકી દ્વારા યુદ્ધ અટકાવ્યું. જો આપણી પાસે તે ન હોત, તો અન્ય દેશો આપણા પર ટેરિફનો ઉપયોગ કરશે, અને આપણી પાસે લડવાનો કોઈ યોગ્ય માધ્યમ ન હોત." તેમણે કંબોડિયાના વડાપ્રધાન હુન માનેત અને થાઈ વડાપ્રધાન અનુટિન ચાર્નવિરાકુલ સાથે વાત કરી હતી. વ્હાઈટ હાઉસે પણ એક નિવેદનમાં પુષ્ટિ કરી હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે તાજેતરના સંઘર્ષમાં મધ્યસ્થી કરવાના પ્રયાસરૂપે થાઈલેન્ડ અને કંબોડિયા સાથે વાતચીત કરી હતી.

બંને પક્ષો એકબીજા પર દોષારોપણ કરી રહ્યા હોવા છતાં, થાઈલેન્ડ દ્વારા શાંતિ સમજૂતી સ્થગિત કર્યાના માત્ર બે દિવસ પછી, બુધવારે થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સરહદ પારની અથડામણમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા. રોયલ થાઈ આર્મીએ કોઈપણ પ્રકારના "બિનઉશ્કેરણીજનક ગોળીબાર" માં સામેલ થવાનો ઈનકાર કર્યો હતો અને દાવો કર્યો હતો કે કંબોડિયન સૈનિકોએ "થાઈ પ્રદેશમાં હથિયારો છોડ્યા" હતા. થાઈ દળોએ 'સંઘર્ષના નિયમો' મુજબ માત્ર જરૂરી બળનો ઉપયોગ કરીને વળતો જવાબ આપ્યો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા તાજા સંઘર્ષ પછી ટેરિફની ધમકી નો ઉપયોગ કરીને યુદ્ધવિરામ કરાવવાના પ્રયાસની વાત કંબોડિયન વડાપ્રધાન હુન માનેતે પણ સોશિયલ મીડિયા પર વ્યક્ત કરી હતી.

# અંગોલાના મંત્રીએ કહ્યું: અમને ભારતીય અર્થતંત્ર ખૂબ મજબૂત દેખાય છે

(એજન્સી) વિશાખાપટ્ટનમ | તા. 15

આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત સીઆઈઆઈ સમિટ ૨૦૨૫ દરમિયાન, અંગોલાના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી રૂઈ મિગુએન્સ ડી ઓલિવિરાએ ભારતીય અર્થતંત્રની પ્રશંસા કરતાં કહ્યું કે, "અમને ભારતીય અર્થતંત્ર, ખાસ કરીને તાજેતરના સમયમાં, ખૂબ જ મજબૂત દેખાય છે અને તેમાં નોંધપાત્ર રીતે વધારો થઈ રહ્યો છે." કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથેની તેમની મુલાકાતને ખૂબ જ ઉપયોગી ગણાવતા ઓલિવિરાએ જણાવ્યું



હતું કે, બન્ને દેશો વચ્ચે મજબૂત સંબંધો કેવી રીતે બાંધી શકાય તે માટેના વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. આ બેઠક ભારત અને અંગોલાના સંબંધોને સુધારવાના નવા માર્ગો શોધવાની તક બની રહી. સીઆઈઆઈ સમિટની બાજુમાં, કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે મોઝામ્બિકના વેપાર માટેના રાજ્ય સચિવ એન્ટોનિયો ગ્રિસ્પોસ સાથે પણ દ્વિપક્ષીય વેપાર અંગે મંત્રણા કરી હતી. મંત્રી ગોયલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, "મોઝામ્બિકના વેપાર માટેના રાજ્ય સચિવ શ્રી એન્ટોનિયો ગ્રિસ્પોસ સાથે મુલાકાત કરી. આપણા બંને રાષ્ટ્રો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને સહકાર વધારવા માટેના વધુ માર્ગો અંગે ચર્ચા કરી." ભારતનું આ ધ્યાન વૈશ્વિક સ્તરે વેપારી જોડાણો વધારવા અને ભારતીય અર્થતંત્રની પહોંચને વિસ્તૃત કરવા માટેની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## ભારત-પેરાગ્વેની સંયુક્ત કાર્યવાહી: આતંકવાદની ધમકીઓ સામે લડવા સંકલ્પ

**આસુંસિયૉન** | ભારત-પેરાગ્વેની સંયુક્ત કાર્યવાહી હવે આતંકવાદ અને સાયબર ધમકીઓ સામે વધુ મજબૂત બનશે. પેરાગ્વેની રાજધાની આસુંસિયૉનમાં શુક્રવારે યોજાયેલી ભારત-પેરાગ્વે સંયુક્ત આયોગ તંત્ર (Joint Commission Mechanism - JCM)ની પ્રથમ બેઠકમાં બંને દેશોએ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે આતંકવાદને મુખ્ય ખતરો ગણાવીને, તેની સામે સહયોગને મજબૂત કરવા સંમતિ આપી છે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં જણાવાયું છે કે આતંકવાદ, તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં, વૈશ્વિક સ્તરે ગંભીર પડકાર ઊભો કરે છે. બંને પક્ષોએ દ્વિપક્ષીય, પ્રાદેશિક, બહુપક્ષીય અને વૈશ્વિક સ્તરે સંકલિત પ્રયાસો દ્વારા આતંકવાદ સામે લડવાની તેમની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

# ઈથોપિયામાં માર્બર્ગ વાયરસ ફાટી નીકળ્યો: ઓમો પ્રદેશમાં નવ કેસની પુષ્ટિ

### નબળી આરોગ્ય પ્રણાલી ધરાવતા દક્ષિણ સુદાનમાં ફેલાવાનો ભય

(એજન્સી) અદીસ અબાબા | તા. 15

આફ્રિકન દેશ ઈથોપિયામાં માર્બર્ગ વાયરસનો પ્રથમ ફાટી નીકળ્યો છે. દક્ષિણ સુદાનની સરહદ નજીક આવેલા ઓમો પ્રદેશમાં નવ કેસ નોંધાયા બાદ ઈથોપિયાના આરોગ્ય મંત્રાલયે તાત્કાલિક પગલાં લીધા છે, જેનાથી પડોશી દેશોમાં સંભવિત ફેલાવા અંગે ચિંતા વધી છે. આરોગ્ય મંત્રાલયે આ નવ કેસની પુષ્ટિ કરી છે, જે ત્યારે સામે આવ્યા જ્યારે આ પ્રદેશના આરોગ્ય કર્મચારીઓએ વાયરલ હેમરેજિક તાવને લગતા લક્ષણો દર્શાવતા ઘણા દર્દીઓની જાણ કરી હતી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર-જનરલ ટેડ્રોસ અધનોમ ગેબ્રેયસસે શુક્રવારે જણાવ્યું હતું કે ઈથોપિયાના આરોગ્ય સત્તાવાળાઓએ ઝડપી અને પારદર્શક પ્રતિભાવ આપ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે આ ઝડપી પગલાં દર્શાવે છે કે દેશ આ કટોકટીને વહેલી તકે નિયંત્રિત કરવા માટે ગંભીરતાથી પ્રતિબદ્ધ છે. ડબલ્યુએચઓ દ્વારા સરહદ પાર ફેલાવો અટકાવવાના પ્રયાસો સક્રિય રીતે કરવામાં આવી રહ્યા છે. ડબલ્યુએચઓ દેશ, પ્રાદેશિક અને મુખ્ય મથક સ્તરે ઈથોપિયાને ટેકો આપી રહ્યું છે, ચેપગ્રસ્ત લોકોને સારવાર આપી રહ્યું છે અને સરહદ પાર ફેલાવાની સંભાવનાને દૂર કરવાના તમામ પ્રયાસોને સમર્થન આપી રહ્યું છે. માર્બર્ગ વાયરસ ડિસીઝ એ ઈબોલા જેવા જ વાયરસ પરિવાર સાથે સંબંધિત ગંભીર, અને ઘણીવાર જીવલેણ, હેમરેજિક તાવ છે. યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન તેને "દુર્લભ પરંતુ ગંભીર" બિમારી તરીકે વર્ણવે છે, જેના લક્ષણોમાં તીવ્ર તાવ, માથાનો દુખાવો, સ્નાયુમાં દુખાવો અને આંતરિક કે બાહ્ય રક્તસ્રાવનો સમાવેશ થાય છે.

**બસ દુર્ઘટના** | હત્યાના આરોપો હટાવવામાં આવ્યા: હવે મોત અને શારીરિક ઈજા પહોંચાડવાના આરોપો હેઠળ તપાસ

# ડબલ-ડેકર બસ સ્ટોપ સાથે અથડાતા 3 લોકોના મોત

(એજન્સી) સ્ટોકહોમ | તા. 15

સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં શુક્રવારે સ્થાનિક સમય અનુસાર બપોરે લગભગ ૩ વાગ્યે એક ડબલ-ડેકર બસ રસ્તા પરથી પલટી મારીને બસ સ્ટોપ સાથે અથડાઈ જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ કરુણ સ્ટોકહોમ બસ દુર્ઘટના માં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. પોલીસે ડૉઈશ વેલે (DW) ને જણાવ્યું હતું કે ઘાયલોમાંથી બેને વધુ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

રોયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી નજીક આવેલા મુખ્ય માર્ગ વલહલ્લાવાગેન પર આ દુર્ઘટના બની હતી. ઘટનાના પગલે પોલીસ, એમ્બ્યુલન્સ ક્રૂ અને બચાવ કાર્યકરોની કટોકટી ટીમોએ તરત જ સ્થળ પર પહોંચીને કાર્યવાહી હાથ ધરી હતી અને વિસ્તારને કોર્ડન કરી દીધો હતો.

સ્થાનિક પોલીસે અકસ્માત બાદ તરત જ જાહેર ફરિયાદીના આદેશથી બસ ડ્રાઈવરની હત્યાના



આરોપસર ધરપકડ કરી હતી. જોકે, સત્તાવાળાઓ દ્વારા ઝડપથી કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, DW અહેવાલ મુજબ, પોલીસે પાછળથી જણાવ્યું કે આ ઘટના ઈરાદાપૂર્વકનો બનાવ ન હોવાની પોલીસની પુષ્ટિ થઈ હતી. પોલીસે કહ્યું કે ઘટના ઈરાદાપૂર્વકની હોવાના કોઈ સંકેતો મળ્યા નથી.

આ પછી, હત્યાના આરોપો હટાવવામાં આવ્યા હતા અને હવે તપાસની દિશા બદલીને 'મોતનું કારણ બનવું' અને 'શારીરિક ઈજા પહોંચાડવાનું કારણ બનવું' જેવા ઓછા ગંભીર આરોપો તરફ વાળવામાં આવી છે. પોલીસે હજી સુધી પીડિતો વિશે કોઈ વિગતો જાહેર કરી નથી.

### વડાપ્રધાનની પ્રતિક્રિયા

સ્વીડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસને આ દુર્ઘટના પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે ટ્વીટ કરીને કહ્યું હતું કે તેમના વિચારો પીડિતો અને તેમના પરિવારો સાથે છે. તેમણે લખ્યું: "મને દુઃખદ સમાચાર મળ્યા છે કે મધ્ય સ્ટોકહોમના બસ સ્ટોપ પર અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને ઘાયલ થયા છે. આ લોકો કદાચ તેમના પરિવાર, મિત્રો અથવા ઘરે શાંત સાંજ માટે જઈ રહ્યા હશે." વડાપ્રધાને જણાવ્યું કે તેઓ હજુ સુધી દુર્ઘટનાનું કારણ જાણતા નથી, પરંતુ આ સમયે તેમના વિચારો મુખ્યત્વે અસરગ્રસ્ત લોકો અને તેમના પ્રિયજનો સાથે છે.

# રશિયના કીવ અને અન્ય સ્થળોએ ઘાતક હુમલા

(એજન્સી) કીવ | તા. 15

યુક્રેન રશિયા સંઘર્ષ હવે નવા અને વધુ જોખમી તબક્કામાં પ્રવેશ્યો છે, જ્યાં છેલ્લા ચોવીસ કલાકમાં યુક્રેનના સશસ્ત્ર દળોના જનરલ સ્ટાફે ૨૫૬ "લડાયક અથડામણો" માં સામેલ થયા હોવાની પુષ્ટિ કરી છે. મીડિયા અહેવાલ મુજબ, આમાંથી ૧૦૦થી વધુ ગોળીબાર પૂર્વી યુક્રેનના પોકરોવસ્ક ક્ષેત્રમાં થયા હતા, જેને રશિયા ડોનેત્સ્કના બાકીના બિન-કબજાવાળા ભાગોમાં પ્રવેશવા માટેના મુખ્ય દ્વાર તરીકે જુએ છે. સ્લોવ્યાન્સ્ક, લિમાંસ્કે, કોસ્ટયન્તિનીવકા, ઓલેકસાન્ડ્રીવકા અને હુલ્યાઈપોલની આસપાસ પણ નોંધપાત્ર લડાઈ થઈ હતી, જે દર્શાવે છે કે પૂર્વીય મોરચો હવે યુદ્ધનું મુખ્ય કેન્દ્ર બન્યો છે.

આ ભીષણ અથડામણો વચ્ચે, રશિયાના સંરક્ષણ મંત્રાલયે યુક્રેન પર નાગરિક સુવિધાઓને નિશાન બનાવવાનો આરોપ મૂક્યો છે. રશિયાએ દાવો કર્યો કે કીવ અને અન્ય સ્થળોએ રાત્રિ દરમિયાન થયેલા તેના ઘાતક રશિયન હુમલા યુક્રેનના પ્રહારોના જવાબમાં હતા. બીજી તરફ, યુક્રેન દ્વારા ૬૦થી વધુ ડ્રોનને ક્રિમિયાની સરહદ સાથેના દક્ષિણી ક્રાસ્નોદર ક્ષેત્રમાં અટકાવવામાં આવ્યા હતા. રશિયાની અંદર વધુ ઊંડે આવેલા સારાતોવ ક્ષેત્રમાં ૪૫ ડ્રોન નષ્ટ કરવામાં આવ્યા હતા, જ્યારે ક્રિમિયા પર પણ અન્ય ૧૯ ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા. ક્રાસ્નોદર ક્ષેત્રના બંદર શહેર નોવોરોસિસ્કમાં, ડ્રોન હુમલાથી શેસખારિસ ટ્રાન્સશિપમેન્ટ કોમ્પ્લેક્સ ખાતેના ઓઈલ ડેપોને નુકસાન થયું હતું. સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, શેસખારિસ દક્ષિણ રશિયામાં તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ટ્રાન્સશિપમેન્ટ માટેના સૌથી મોટા તેલ લોડિંગ કોમ્પ્લેક્સમાંનું એક છે.

# News Brief

## 'હવે કોઈ બહાનું નહી ચાલે કે કોઇ દોષારોપણ પણ નહી ચાલે... પાર્ટી વારંવાર હારી રહી છે...' કોંગ્રેસ

નવી દિલ્હી : મહાગઠબંધનનો ભાગ રહેલા આરજેડી અને કોંગ્રેસે બિહાર વિધાનસભા ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન કર્યું. એનડીએની આંધી એવી ફૂંકાઇ હતી કે મહાગઠબંધનનો સંયુક્ત આંકડો 40 સુધી પહોંચવામાં પણ નિષ્ફળ ગયો છે. કોંગ્રેસ પાર્ટીના આ સૌથી ખરાબ પ્રદર્શન પર હવે પ્રશ્નો ઉઠી રહ્યા છે. પાર્ટીના જ કેટલાક નેતાઓએ અસંતોષ વ્યક્ત કર્યો છે જેનાથી હાઈકમાન્ટનું ટેંશન વધી શકે છે ચૂંટણીમાં એનડીએના પ્રચંડ વિજય પછી ભાજપ કાર્યાલય પર ઉજવણી કાર્યક્રમમાં આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીમાં એક નવો જૂથ ઉભરી રહ્યું છે, જે નકારાત્મક રાજકારણથી અસ્વસ્થ છે. કોંગ્રેસના નેતાઓ જે માર્ગ અપનાવી રહ્યા છે તે અંગે લોકોમાં ઊંડી નિરાશા છે. પીએમ મોદીએ કોંગ્રેસ પાર્ટીમાં મોટા વિભાજનની આશંકા વ્યક્ત કરી હતી. પીએમ મોદી તો વિપક્ષના હોવાથી આ ટિપ્પણીઓ કરી હતી જે સ્વાભાવિક ગણાય પરંતુ હવે કોંગ્રેસ પાર્ટીની અંદર જ ટિકિટ વિતરણ, બૂથ સ્તરે નબળાઈઓ અને નેતૃત્વની નબળાઈઓ અંગે પ્રશ્નો કરાઇ રહ્યા છે. પટણામાં, કોંગ્રેસના નેતા કૃપાનાથ પાઠકે કહ્યું કે પાર્ટીના ટોચના નેતૃત્વને સચોટ માહિતી આપવામાં આવી નથી, જેના કારણે ચૂંટણીમાં નિષ્ફળતાઓ થઈ છે.

## રાંચીના હટિયા ડેમમાં કાર ખાબકી: અત્યંત કરુણ દુર્ઘટનામાં ૪ પોલીસકર્મીઓને કાળ ભરખી ગયો

રાંચી : ઝારખંડની રાજધાની રાંચીમાં શનિવારે સવારે એક અત્યંત દર્દનાક અને કરુણ ઘટના બની છે. અહીંના હટિયા ડેમમાં ચાર પોલીસકર્મીઓને લઈ જઈ રહેલી એક કારે કાબૂ ગુમાવ્યો અને કાર સીધી ડેમના ઊંડા પાણીમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ત્રણ પોલીસકર્મીઓના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે એક પોલીસકર્મી હજુ પણ લાપતા છે.



મળતી માહિતી મુજબ, આ ચારેય પોલીસકર્મીઓ શનિવારે સવારે એક કારમાં ક્યાંક જઈ રહ્યા હતા. જ્યારે તેમની કાર રાંચીના હટિયા ડેમમાં કાર ખાબકી ત્યાં પહોંચી, ત્યારે ડ્રાઈવર વાહન પરથી કાબૂ ગુમાવી બેઠો અને કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ. આ દુર્ઘટનાના કારણે ૪ પોલીસકર્મીઓને કાળ ભરખી ગયો છે.પ્રાથમિક જાણકારી અનુસાર, આ દુર્ઘટનાનો ભોગ બનેલા ચાર પોલીસકર્મીઓમાંથી બે પોલીસકર્મીઓ એક ન્યાયિક અધિકારીના બોડીગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા, જ્યારે અન્ય એક સરકારી ડ્રાઈવર હતો. પોલીસે મૃતકોમાંથી જેમની ઓળખ કરી છે તેમના નામ ઉપેન્દ્ર કુમાર અને રોબિન કુજુ છે. આ ઘટના ન્યાયિક અધિકારીના બોડીગાર્ડનું મોત થતાં પોલીસ બેડામાં પણ ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને બચાવ દળની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

## કોંગ્રેસમાં આંતરિક અસંતોષ: બિહારની હાર બાદ નેતાઓ દ્વારા નેતૃત્વ સામે જાહેરમાં વ્યથા

મુંબઈ : બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનું અત્યંત નબળું પ્રદર્શન (માત્ર ૬ બેઠકો) રહેતા, હવે પાર્ટીની અંદર લાંબા સમયથી દબાયેલો કોંગ્રેસમાં આંતરિક અસંતોષ સ્પષ્ટ રીતે બહાર આવ્યો છે. દેશભરના વરિષ્ઠ નેતાઓ, પૂર્વ નેતાઓ અને કાર્યકર્તાઓએ હાર માટે સંગઠનનું નબળું માળખું, ટિકિટ વહેંચણીમાં થયેલી



ભૂલો, બૂથ-સ્તરે નબળાઈ અને શીર્ષ નેતૃત્વથી અંતર જેવા કારણોને જાહેરમાં રજૂ કર્યા છે. કોંગ્રેસના નેતા કૃપાનાથ પાઠકે પટણામાં જણાવ્યું કે, 'ટોચના નેતૃત્વ સુધી પક્ષની સાચી માહિતી ન પહોંચવાના કારણે આટલી મોટી ચૂક થઈ. જો નેતૃત્વ હજી પણ સજાગ નહીં થાય, તો ભવિષ્યમાં ગંભીર સંકટ ઊભું થઈ શકે છે.' કેરળના સાંસદ શશિ થરૂરે હારને ગંભીર નિરાશા ગણાવી. તેમણે ભારપૂર્વક કહ્યું કે, પક્ષે માત્ર આત્મનિરીક્ષણ ન કરવું જોઈએ, પરંતુ વ્યૂહાત્મક અને સંગઠનાત્મક ખામીઓ અને ટિકિટ વહેંચણી ની વૈજ્ઞાનિક ઢબે સમીક્ષા કરવી જોઈએ. થરૂરે એ વાત પર પણ ભાર મૂક્યો કે તેમને બિહારમાં પ્રચાર માટે આમંત્રણ નહોતું મળ્યું, જેના કારણે તેમને જમીની પરિસ્થિતિનો સીધો અનુભવ નહોતો.

## રાજનીતિમાં સેલિબ્રિટી સ્ટારડમ ફ્લોપ: માત્ર મૈથિલી ઠાકુરનો સિતારો ચમક્યો

બિહાર : બિહાર વિધાનસભાની ચૂંટણીમાં NDA નો દબદબો જોવા મળ્યો, પરંતુ રાજકીય ક્ષેત્રે એક મોટો સંકેત મળ્યો છે: રાજનીતિમાં સેલિબ્રિટી સ્ટારડમ ફ્લોપ સાબિત થયું છે. ભોજપુરી સિનેમાના મોટા ચહેરાઓ અને સેલિબ્રિટી ઉમેદવારો માટે આ ચૂંટણી એક ઝટકા સમાન રહી છે, કારણ કે તેમની લોકપ્રિયતાને મતોમાં રૂપાંતરિત કરવામાં તેઓ નિષ્ફળ રહ્યા.આ નિષ્ફળતાની વચ્ચે, માત્ર મૈથિલી



ઠાકુરનો સિતારો ચમક્યો છે. ગાયિકા મૈથિલી ઠાકુર બીજેપીની ટિકિટ પર અલીનગર બેઠક પરથી ચૂંટણી લડી અને ૧૧,૭૩૦ મતોના અંતરથી જીત મેળવી. ભારતીય ચૂંટણી પંચ અનુસાર, ૨૫ રાઉન્ડની ગણતરી પછી મૈથિલી ઠાકુરને કુલ ૮૪,૯૧૫ મત મળ્યા હતા. તેમણે આરજેડીના વિનોદ મિશ્રાને હરાવ્યા, જેમને ૭૩,૧૮૫ મત મળ્યા. અગાઉ આ બેઠક ૨૦૧૦ અને ૨૦૧૫માં આરજેડીએ અને ૨૦૨૦માં વીઆઈપીએ જીતી હતી. મૈથિલી ઠાકુરની જીત સિવાય, અન્ય સ્ટાર ઉમેદવારો માટે પરિણામ નિરાશાજનક રહ્યા:ખેસારી લાલ યાદવ: અભિનેતા-ગાયક ખેસારી લાલ યાદવ (આરજેડીના શત્રુઘ્ન યાદવ તરીકે પણ ઓળખાય છે) છપરા બેઠક પરથી ચૂંટણી હારી ગયા.

---

**બિરસા મુંડાની જન્મજયંતિ: સ્વતંત્રતા સેનાનીની ૧૫૦મી જન્મજયંતિ સાથે સ્થાપના દિવસનો સમન્વય**

# ઝારખંડ સ્થાપના દિવસ: પ્રિયંકા ગાંધીએ કુદરતી સંસાધનોથી ભરપૂર રાજ્યને અભિનંદન પાઠવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.15

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારે ઝારખંડ સ્થાપના દિવસ ના અવસરે રાજ્યના તમામ લોકોને હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવી હતી. આ વર્ષે ઝારખંડની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે અને આ દિવસ આદિવાસી આઈકોન ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ સાથે સંકળાયેલો છે, જેનું વિશેષ મહત્વ છે.



આ વર્ષે સ્વતંત્રતા સેનાનીની ૧૫૦મી જન્મજયંતિ પણ હોવાથી આ ઉત્સવ વધુ ગૌરવશાળી બન્યો છે.પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં લખ્યું, 'રાજ્ય સ્થાપના દિવસ પર ઝારખંડના તમામ ભાઈઓ અને બહેનોને હાર્દિક અભિનંદન... કુદરતી સંસાધનોથી ભરપૂર ઝારખંડ એક અનોખી લોક સંસ્કૃતિ ધરાવે છે જે આપણી વિવિધતાને સમૃદ્ધ બનાવે છે. હું રાજ્યના તમામ રહેવાસીઓ માટે સુખ, શાંતિ અને પ્રગતિની કામના કરું છું.'રાજકીય નેતાઓની શુભકામના આપવાની આ પ્રક્રિયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉપ રાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન પણ જોડાયા હતા. વડાપ્રધાને તેમના 'એક્સ' હેન્ડલ પર લખ્યું, 'રાજ્યના સ્થાપના દિવસના અવસર પર આદિવાસી સંસ્કૃતિથી સમૃદ્ધ, ભવ્ય રાજ્ય ઝારખંડના તમામ રહેવાસીઓને હૃદયપૂર્વક અભિનંદન. ભગવાન બિરસા મુંડાની આ ભૂમિનો ઈતિહાસ હિંમત, સંઘર્ષ અને આત્મસન્માનની ગાથાઓથી ભરેલો છે. આજે, આ વિશેષ અવસર પર, હું રાજ્યના મારા તમામ પરિવારના સભ્યોની સાથે રાજ્યની પ્રગતિ અને સમૃદ્ધિ માટે મારી શુભકામનાઓ પાઠવું છું.'

ઉપ રાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને પણ ઝારખંડ સ્થાપના દિવસ પર અભિનંદન પાઠવ્યા અને આઈકોનિક આદિવાસી નેતા બિરસા મુંડાને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે રાજ્યની સ્થાપનાની સિલ્વર જ્યુબિલી પર હૃદયપૂર્વક અભિનંદન આપતા કહ્યું કે ઝારખંડ વીરતા, આત્મસન્માન અને સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિથી ભરપૂર ભૂમિ છે, જે તેના ભવ્ય ઈતિહાસ માટે જાણીતી છે. તેમણે વધુમાં લખ્યું કે, 'પોતાના મહેનતુ લોકોના યોગદાનથી સમૃદ્ધ, આ રાજ્ય રાષ્ટ્રના વિકાસમાં અમૂલ્ય ભૂમિકા ભજવી રહ્યું છે. મારી નિષ્ઠાવાન ઈચ્છા છે કે ઝારખંડ પ્રગતિની નવી ઊંચાઈઓ સતત સર કરતું રહે અને આ ભૂમિ હંમેશ માટે સમૃદ્ધિ અને શાંતિથી ભરેલી રહે.'

ઝારખંડ રાજ્યની રચના ૧૫ નવેમ્બર, ૨૦૦૦ ના રોજ બિહારમાંથી અલગ કરીને કરવામાં આવી હતી. આ તારીખ પસંદ કરવા પાછળનું ઐતિહાસિક કારણ એ છે કે ૧૫ નવેમ્બર એ આદિવાસી આઈકોન બિરસા મુંડાની જન્મજયંતિ છે. બિરસા મુંડાએ આદિવાસી સમાજને બ્રિટિશ શાસન સામે સંગઠિત કરવામાં અને તેમના હકો માટે લડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વર્ષે તેમની ૧૫૦મી જન્મજયંતિ અને રાજ્યની ૨૫મી સ્થાપના વર્ષગાંઠ એકસાથે આવવાથી રાજ્યમાં ઉત્સાહ અને ગૌરવનું વાતાવરણ છે. ઝારખંડનો આ દિવસ તેની સંસ્કૃતિ, તેના લોકોના સંઘર્ષ અને રાષ્ટ્રીય વિકાસમાં તેના યોગદાનને યાદ કરવાનો દિવસ છે.

---

**ભાજપ હાઈકમાન્ડ પણ ચિંતામાં**

# બિહારમાં ઊજવણી પણ રાજસ્થાનમાં સન્નાટો

(એજન્સી) બિહાર | તા.15

બિહાર વિધાનસભા ચૂંટણીમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ના ભવ્ય વિજય વચ્ચે, રાજસ્થાનમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. બારાં જિલ્લાની અંતા વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર પ્રમોદ જૈન ભાયાએ ભાજપના મોરપાલ સુમનને 15,594 મતના મોટા માર્જિનથી હરાવ્યા છે. આ પરિણામને મુખ્યમંત્રી ભજન લાલ શર્માના બે વર્ષના શાસન માટે એક મોટો રાજકીય સંદેશ માનવામાં આવી રહ્યો છે. બારાં જિલ્લાની આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર પ્રમોદ જૈન ભાયાને કુલ 69,571 મત મળ્યા, જ્યારે ભાજપના ઉમેદવાર મોરપાલ સુમનને 53,959 મત મળ્યા. અપક્ષ ઉમેદવાર નરેશ મીણાને પણ 53,800 મત મળ્યા હતા. કોંગ્રેસના ઉમેદવારે ભાજપના ઉમેદવાર કરતાં 15,594 વધુ મતો મેળવ્યા. રસપ્રદ વાત એ છે કે, મતગણતરીના અંતિમ રાઉન્ડ પહેલા ભાજપના ઉમેદવાર ત્રીજા સ્થાને હતા, જોકે અંતિમ રાઉન્ડમાં તેઓ બીજા સ્થાને પહોંચી શક્યા. કોંગ્રેસના નેતાઓ અશોક ગેહલોત અને સચિન પાયલટ સહિત અન્ય વરિષ્ઠ નેતાઓની સંયુક્ત વ્યૂહરચનાના કારણે કોંગ્રેસે અંતામાં આ જીત મેળવી. કોંગ્રેસના કાર્યકરોએ આ જીતને રાજ્ય સરકારના પ્રદર્શન સામે લોકોના ગુસ્સાના સંકેત ગણાવ્યો.

---

**બિહારમાં એનડીએનો પ્રચંડ વિજય**

# ૨૦૨ બેઠકોનું જનાદેશ વિનમ્રતાથી સ્વીકાર્યું

પટણા : બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ને મળેલી જ્વલંત અને પ્રચંડ જીત બાદ, જેડી(યુ) ના સાંસદ સંજય ઝાએ મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ગઠબંધન આ જનાદેશને 'અત્યંત વિનમ્રતા' સાથે સ્વીકારે છે. બિહારમાં એનડીએનો પ્રચંડ વિજય દર્શાવે છે કે જનતાએ ગઠબંધનના વિકાસના એજન્ડા પર વિશ્વાસ મૂક્યો છે. ઝડપી અને સ્પષ્ટ વિજય બાદ સંજય ઝાએ ભારપૂર્વક જણાવ્યું કે ગઠબંધન તેના મેનિફેસ્ટોમાં આપેલા તમામ વચનો પૂરા કરશે અને આગામી પાંચ વર્ષ રાજ્યના યુવાનોને સમર્પિત કરવામાં આવશે. તેમણે કહ્યું, 'અમને જંગી જનાદેશ મળ્યો છે. સમગ્ર એનડીએ અને જેડી(યુ) આ જનાદેશને અત્યંત વિનમ્રતા સાથે સ્વીકારે છે. અમારા નેતા અને સમગ્ર એનડીએ મેનિફેસ્ટોમાં આપેલા તમામ વચનો પૂરા કરશે. આ ૫ વર્ષ યુવાનો માટે છે; અમે એક કરોડ નોકરીઓનું વચન અને રોજગારની તકો વિશે વાત કરી છે.'જેડી(યુ) ના કાર્યકારી અધ્યક્ષે વધુમાં માહિતી આપી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોકાણકારોને બિહારમાં ઉદ્યોગો સ્થાપવા માટે હાકલ કરી છે, અને આ ક્ષણને તેમણે બિહાર માટે ગૌરવપૂર્ણ ગણાવી છે. સંજય ઝાએ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો કે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળ આગામી પાંચ વર્ષમાં બિહાર દેશના ટોચના દસ રાજ્યોમાં સ્થાન મેળવશે.ઝડપી અને અસરકારક પરિણામોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું, 'વડાપ્રધાને તમામ રોકાણકારોને બિહાર આવવા અને અહીં ઉદ્યોગો સ્થાપવા માટે હાકલ કરી છે. આ જ સમય છે. હું માનું છું કે આ બિહારના નીતિશ કુમારનું ગૌરવ પુનઃસ્થાપિત કરવાનો સમય છે. ૨૦ વર્ષમાં નીતિશ કુમારે એક મજબૂત પાયો નાખ્યો છે.

---

**દિલ્હી પ્રદૂષણ હોટસ્પોટ્સ**

# ૬૨ મુખ્ય સ્થળોની ઓળખ, ડસ્ટ અને ટ્રાફિક મુખ્ય કારણ

નવી દિલ્હી : દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ શનિવારે વાસંત કુંજ વિસ્તારમાં સ્વચ્છતા અને સફાઈની સ્થિતિનું નિરીક્ષણ અને સમીક્ષા કરી હતી. મંત્રી સિરસાએ જણાવ્યું હતું કે સરકારે શહેરના ૬૨ મુખ્ય દિલ્હી પ્રદૂષણ હોટસ્પોટ્સ ની ઓળખ કરી છે, જ્યાં ધૂળ અને ટ્રાફિક નબળી હવાની ગુણવત્તામાં મુખ્ય યોગદાન આપનાર પરિબળો છે, અને તેના નિવારણ માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે માર્ગોની ધૂળ, બાંધકામ સ્થળો અને PM૧૦ ના અન્ય સ્ત્રોતો શહેરના પ્રદૂષણના મુખ્ય કારણો છે. તેમણે મીડિયા સાથે વાત કરતાં કહ્યું, 'વાસંત કુંજમાં સ્વચ્છતાની સમીક્ષા દરમિયાન જણાયું કે રસ્તાઓ પર ઘણું કામ કરવાની જરૂર છે અને સફાઈમાં ઘણી ખામીઓ છે. દિલ્હીમાં પ્રદૂષણનું મુખ્ય કારણ PM૧૦ છે, જે બાંધકામ સ્થળો, રસ્તાઓ પરની ધૂળ અને અન્ય ઘણા કારણોસર થાય છે. અમે ૬૨ આવા હોટસ્પોટ્સની ઓળખ કરી છે જ્યાં ટ્રાફિક અથવા ધૂળ મુખ્ય કારણો છે, અને અમે તે બધા પર કામ કરી રહ્યા છીએ.' તેમણે વાસંત કુંજ અને વાસંત વિહારના તમામ હોટસ્પોટ્સની સમીક્ષા કરી છે અને સ્વીકાર્યું છે કે આ વિસ્તારોમાં ઘણું કામ કરવાની જરૂર છે. મંત્રી સિરસાએ વધુમાં ઉમેર્યું હતું કે, 'સ્વચ્છ દિલ્હી માટેની આ અમારી લડાઈ ધૂળ નિયંત્રણ (ડસ્ટ મિટિગેશન) સામેની છે. શિયાળો વધવાની સાથે જ ધૂળ સ્મોગમાં ફેરવાઈ રહી છે.' પરાળ (સ્ટબલ) બાળવાનો ફાળો પણ આમાં મુખ્ય છે, પરંતુ વાવણીની મોસમ શરૂ થવાની સાથે તેની અસર ઘટવા લાગશે.

---

**૧.૮૧ ટકા મતદારોએ NOTA પસંદ કર્યું**

# બિહારમાં ૯.૧૦ લાખ મતદારોએ NOTA દબાવ્યું: ૨૦૨૦ની ચૂંટણીનો રેકોર્ડ તૂટ્યો



મુંબઈ : બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માં ભાજપના નેતૃત્વ હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ને જંગી બહુમતી મળી છે. જોકે, ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા અંતિમ આંકડાઓ દર્શાવે છે કે 'ઉપરમાંથી કોઈ નહીં' (NOTA - None of the Above) વિકલ્પ પસંદ કરનારા મતદારોની સંખ્યા અને ટકાવારીમાં ગત ચૂંટણીની સરખામણીમાં નજીવો વધારો થયો છે.ચૂંટણી પંચના આંકડાઓ અનુસાર, બિહારની ૨૪૩ સભ્યોની વિધાનસભા માટે થયેલા કુલ મતોમાંથી ૧.૮૧ ટકા મતદારોએ NOTA પસંદ કર્યું છે. બે તબક્કામાં (૬ઠ્ઠી અને ૧૧મી નવેમ્બર) થયેલા મતદાન બાદ કુલ ૯.૧૦ લાખ મતદારોએ NOTA દબાવ્યું હતું, જે ૯,૧૦,૭૩૦ મત થાય છે.NOTA નું વલણ: ૨૦૧૫, ૨૦૨૦ અને ૨૦૨૫ ની તુલના ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણી: ૭,૦૬,૨૫૨ મતદારોએ NOTA પસંદ કર્યું હતું, જે કુલ મતોના ૧.૬૨ ટકા હતું.

૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી: ૯,૧૦,૭૩૦ મતદારોએ NOTA પસંદ કર્યું, જે કુલ મતોના ૧.૮૧ ટકા છે. (ટકાવારીમાં ૦.૧૯ ટકાનો વધારો) જોકે, ૨૦૨૫ નો આ આંકડો ૨૦૧૫ની ચૂંટણીની સરખામણીમાં નોંધપાત્ર રીતે ઓછો છે. વર્ષ ૨૦૧૫માં ૯.૪ લાખ મતદારોએ NOTA બટન દબાવ્યું હતું, જે તે વર્ષે કુલ મતદાનના ૨.૪૮ ટકા હતું. આ દર્શાવે છે કે છેલ્લા દાયકામાં NOTA પસંદ કરનારાઓની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યા બાદ હવે તેમાં સ્થિરતા જોવા મળી રહી છે. નોંધનીય છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં NOTA ટકાવારી અત્યાર સુધીની સૌથી ઓછી નોંધાઈ હતી. NOTA નો હિસ્સો ભલે વધ્યો હોય કે ઘટ્યો હોય, પરંતુ આ ચૂંટણીમાં બિહારમાં ઐતિહાસિક મતદાન નોંધાયું છે. બિહારમાં ૬૬.૯૧ ટકા મતદાન થયું હતું, જે ૧૯૫૧ માં બિહારની પ્રથમ ચૂંટણી પછીનું સૌથી વધુ મતદાન છે. ૩.૫૧ કરોડથી વધુ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જેમાં રાજ્યના ઈતિહાસમાં સૌથી વધુ મહિલા મતદાન પણ નોંધાયું હતું.આ ભારે મતદાન છતાં, ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધન ૨૦૦થી વધુ બેઠકો જીતવામાં સફળ રહ્યું, જ્યારે મહાગઠબંધન માત્ર ૩૫ બેઠકો પર સમેટાઈ ગયું.મતદારોને જો કોઈ ઉમેદવાર પસંદ ન હોય તો તે વિકલ્પ પસંદ કરી શકે તે માટે વર્ષ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) પર NOTA વિકલ્પ ઉમેરવામાં આવ્યો હતો.

---

**કોંગ્રેસની મોટી બેઠક** | **ખડગેના નિવાસે ચૂંટણીના પ્રદર્શનને લઈને ગંભીર ચર્ચા**

# મહાગઠબંધન ૩૫ બેઠકો પર સમેટાયા બાદ કોંગ્રેસમાં ચિંતા

મુંબઈ : બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) એ જંગી વિજય મેળવીને મહાગઠબંધનના સુપડા સાફ કરી નાખ્યા છે. એનડીએએ ૨૪૩ માંથી ૨૦૨ બેઠકો પર કબજો જમાવ્યો, જ્યારે મહાગઠબંધનના ફાળે માત્ર ૩૫ બેઠકો આવી શકી. આ કારમા પરાજયમાં રાષ્ટ્રીય જનતા દળ (RJD) ને ૨૫ બેઠકો મળી, પરંતુ કોંગ્રેસને તો ફક્ત ૬ જ બેઠકો મળી. બિહારમાં કારમો પરાજય થતાં કોંગ્રેસમાં આ મુદ્દે ચિંતા વ્યાપી ગઈ છે અને દેશભરમાં તેના પર ચર્ચા શરૂ થઈ છે. આ કારમા પરાજયના કારણો પર ચિંતન કરવા માટે કોંગ્રેસ દ્વારા તાત્કાલિક ધોરણે કોંગ્રેસની મોટી બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં ભાગ લેવા માટે પક્ષના અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેના નિવાસસ્થાને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, સોનિયા



ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતના કોંગ્રેસના તમામ મોટા નેતાઓ પહોંચ્યા હતા. આ તાત્કાલિક બેઠકનો મુખ્ય એજન્ડા બિહાર ચૂંટણીના પરિણામોની વિસ્તૃત સમીક્ષા કરવાનો હતો. કોંગ્રેસનું નેતૃત્વ ચૂંટણીના પ્રદર્શનને લઈને અત્યંત ગંભીર છે અને આ પરાજયના મૂળભૂત કારણોને સમજવાનો પ્રયાસ કરી રહ્યું છે. બેઠકમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓ પર ગહન વિચારણા કરવામાં આવી રહી છે. રાજ્યમાં સંગઠનાત્મક નબળાઈઓ, જમીની સ્તરે પ્રચારનો અભાવ અને સ્થાનિક નેતૃત્વના મુદ્દાઓ પર ચર્ચા.

કોંગ્રેસ માટે માત્ર ૬ બેઠકો મળવી એ ચિંતાનો વિષય છે, કારણ કે આ પરિણામો પક્ષની સંગઠનાત્મક તાકાત પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ખાસ કરીને જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આશંકા વ્યક્ત કરી છે કે કોંગ્રેસમાં મોટું વિભાજન થઈ શકે છે, ત્યારે પક્ષના નેતાઓ માટે આ બેઠક વધુ મહત્વપૂર્ણ બની જાય છે. મહાગઠબંધનના સુપડા સાફ થયા બાદ સંગઠનીય નબળાઈઓ અંગે મંથન કરવું એ કોંગ્રેસના અસ્તિત્વ અને પુનરુત્થાન માટે અત્યંત જરૂરી પગલું છે. આ બેઠક માત્ર ભૂતકાળના પરાજયનું વિશ્લેષણ નથી, પરંતુ ભવિષ્યમાં પક્ષની દિશા નક્કી કરવાનો પ્રયાસ છે.

---

**એનડીએનો જનાદેશ સ્વીકાર** | **ઐતિહાસિક જીત બાદ નીતિશ કુમાર સરકારની રચનાની તૈયારી**

# બિહાર વિજય બાદ નીતિશ કુમારના નિવાસસ્થાને બેઠક

પટણા : બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ને મળેલી નિર્ણાયક જીત બાદ, જનતા દળ (યુનાઈટેડ) એટલે કે જેડી(યુ) ના વરિષ્ઠ નેતાઓ સક્રિય થયા છે. આજે શનિવારે, રાજીવ રંજન સિંહ (લલન સિંહ) અને સંજય ઝા સહિતના જેડીયુના અગ્રણી નેતાઓ મુખ્યમંત્રી નીતિશ કુમારના પટણા સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા. બિહાર વિજય બાદ નીતિશ કુમારના નિવાસસ્થાને બેઠક યોજાઈ હતી, જેમાં આગામી સરકારની રચના અને વ્યૂહરચના અંગે પરામર્શ થયો હોવાનું માનવામાં આવે છે.

બિહાર વિજય બાદ નીતિશ કુમારના નિવાસસ્થાને બેઠક યોજાય તે પહેલા જેડી(યુ) ના વરિષ્ઠ નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું કે ગઠબંધને જનાદેશને વિનમ્રતા સાથે સ્વીકાર્યો છે અને હવે સરકારના વચનો પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. NDA એ ૨૦૨૫ ની બિહાર ચૂંટણીમાં ૨૪૩ બેઠકોમાંથી ૨૦૨ બેઠકો જીતીને ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે, જ્યારે મહાગઠબંધન માત્ર ૩૫ બેઠકો જ મેળવી શક્યું છે. આ વિજય સાથે એનડીએએ ૨૪૩ સભ્યોના ગૃહમાં બે-તૃતીયાંશ બહુમતી સુરક્ષિત કરી છે. આ બીજી વખત છે જ્યારે એનડીએએ વિધાનસભા ચૂંટણીમાં ૨૦૦ બેઠકોનો આંક વટાવ્યો છે; ૨૦૧૦ માં ગઠબંધનને ૨૦૬ બેઠકો મળી હતી. આ નિર્ણાયક જીત સ્પષ્ટપણે એનડીએનો જનાદેશ સ્વીકાર મજબૂત કરે છે.

---

**પ્રશાંત કિશોરને ખુલ્લો ટેકો ભારે પડ્યો**

# આર. કે. સિંહને ભાજપમાંથી સસ્પેન્ડ: પૂર્વ કેન્દ્રીય મંત્રી પર ૬ વર્ષ માટે પ્રતિબંધ

(એજન્સી) બિહાર | તા.15

ભારતીય જનતા પાર્ટી (BJP) એ પૂર્વ કેન્દ્રીય મંત્રી સામે મોટી કાર્યવાહી કરી છે. નૌકરશાહમાંથી નેતા બનેલા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી આર. કે. સિંહને ભાજપમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. તેમને પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓ ને કારણે છ વર્ષ માટે પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ એ છે કે બિહાર વિધાનસભા ચૂંટણી દરમિયાન આર. કે. સિંહે પોતાના તાજેતરના નિવેદનોથી સતત ભાજપ માટે મુશ્કેલી ઊભી કરી હતી. તેમણે બિહારમાં નીતિશ સરકાર સામે ગંભીર આરોપો મૂક્યા હતા, જેના કારણે પાર્ટી માટે અસહજ અને વિરોધાભાસી સ્થિતિ સર્જાઈ હતી. આ સંજોગોમાં લાંબા સમયથી એવી



અટકળો હતી કે ભાજપ તેમની વિરુદ્ધ કડક પગલાં ભરી શકે છે. આખરે, ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેમને છ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો છે.

આર. કે. સિંહ પર એવા પણ આરોપો હતા કે તેઓ સતત ભાજપ નેતૃત્વથી દૂર રહેતા હતા. વધુમાં, તેઓ રાજકીય વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરના પક્ષના નેતાઓ વિરુદ્ધના નિવેદનોને ખુલ્લેઆમ ટેકો આપતા હતા, જે શિસ્તના ભંગ સમાન ગણાયો હતો. ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભાઓ અને પક્ષની મહત્વની બેઠકોથી અંતર જાળવી રાખ્યું હતું, જે ભાજપ નેતૃત્વ માટે ચિંતાનું કારણ બન્યું હતું. પક્ષે માન્યું હતું કે ચૂંટણી દરમિયાન કોઈપણ કઠોર કાર્યવાહીનો ઉપયોગ વિરોધ પક્ષ દ્વારા મુખ્ય મુદ્દા તરીકે કરી શકાય છે, પરંતુ ચૂંટણી પત્યા બાદ અનિવાર્ય સંજોગોને કારણે ભાજપે તેમની સામે આ શિસ્તભંગના પગલાં લેવા પડ્યા છે. પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓ માટે ૬ વર્ષ માટે સસ્પેન્ડ થવું એ ભાજપમાં શિસ્તના ઉલ્લંઘન પર કડક વલણ દર્શાવે છે.

---


**Algoquant** Technology | Trade Redefined

**અલ્ગોક્વોન્ટ ફિનટેક લિમિટેડ**

**સીઆઈએન: L74110GJ1962PLC136701**

નોંધાયેલ કાર્યાલય: યુનિટ નં. 503 A-B, 504 A-B, 5મા માળે, ટાવર A ડબલ્યુટીસી બ્લોક નં. 51, રોડ 5E, ઝોન-5, ગિફ્ટ સિટી, ગાંધીનગર, ગુજરાત - 382050
ઈ-મેલ: investors@algoquantfintech.com
વેબસાઈટ: www.algoquantfintech.com | ફોન: +91-9910032394

**બિન-ઓડિટેડ નાણાકીય પરિણામોનું નિવેદન**
**(સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ)**
**ક્વાર્ટર અને અર્ધ વર્ષનો સમયગાળો જે 30 સપ્ટેમ્બર, 2025ના રોજ સમાપ્ત થાય છે**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, તારીખ 14 નવેમ્બર, 2025 ના રોજ યોજાયેલી તેની બેઠકમાં, કંપનીના ક્વાર્ટર અને અર્ધ વર્ષ માટેના બિન-ઓડિટેડ નાણાકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ), જે 30 સપ્ટેમ્બર, 2025 ના રોજ સમાપ્ત થાય છે ('નાણાકીય પરિણામો') ને મંજૂરી આપી હતી, જેની સાથે સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો માટે કંપનીના વૈધાનિક ઓડિટર દ્વારા ક્વાર્ટર અને અર્ધ વર્ષ, જે 30 સપ્ટેમ્બર, 2025 ના રોજ સમાપ્ત થાય છે, માટે જારી કરાયેલ લિમિટેડ રિવ્યૂ રિપોર્ટ પણ સામેલ છે.

સેબી (એલઓડીઆર) રેગ્યુલેશન્સ,2015ના રેગ્યુલેશન 47ના પાલનમાં, ઉપરોક્ત પરિણામો હવે નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ કોડ ('ક્યુઆર કોડ') દ્વારા ઉપલબ્ધ છે અને તે કંપનીની વેબસાઈટ https://www.algoquantfintech.com/investors પર અને સ્ટોક એક્સચેન્જ એટલે કે બીએસઈ લિમિટેડની વેબસાઈટ https://www.bseindia.com પર પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

સ્કેન કરો

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,
આલ્ગોક્વોન્ટ ફિનટેક લિમિટેડ
Sd/-
દેવાંશ ગુપ્તા
મેનેજિંગ ડિરેક્ટર
ડીઆઈએન: 06920376

તારીખ: 14 નવેમ્બર, 2025
સ્થળ: નવી દિલ્હી

સિટી એક્સપ્રેસ

SUNDAY 16 NOVEMBER-2025

AHMEDABAD

## NIA ગુજરાત એટીએસ દ્વારા ઝડપાયેલા ડૉ. અહેમદ સહિતના ત્રણેય આતંકીઓની પૂછપરછ કરશે

અમદાવાદ : ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા તાજેતરમાં ઝડપી પાડવામાં આવેલા ડો. અહેમદ સૈયદ, આઝાદ શેખ અને મોહમ્મદ સુહેલના ઈસ્લામિક સ્ટેટ ઑફ ખોરાસન પ્રોવિન્સ (ISKP)નામના આતંકી સંગઠન સાથેના કનેક્શન સામે આવ્યા બાદ હવે સમગ્ર દેશમાં ચાલતા આ ખતરનાક નેટવર્ક અંગે ચોંકાવનારી વિગતો મળી છે. આ ગંભીર મામલાની તપાસમાં હવે ગુજરાત ATSની સાથે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (NIA)ને પણ સક્રિય કરવામાં આવી છે.

## રેતીની હેરાફેરી કરતા ૧૧ ડમ્પર એક જ દિવસમાં પકડાયા

ગાંધીનગર : ગેરકાયદે રેતી ખનન અને વહનની પ્રવૃત્તી ઉપર અંકુશ લાવવા માટે દિવસ અને રાત્રે પણ ભુસ્તર તંત્ર દ્વારા ચેકીંગ વધારી દેવામાં આવ્યું છે જે અંતર્ગત એક જ દિવસમાં જિલ્લાની અલગ અલગ જગ્યાએથી કુલ ૧૧ ડમ્પરો ઓવરલોડેડ તથા રોયલ્ટીપાસ વગર વહન કરતા હોવાનું સામે અવ્યુ હતું. આ એક જ દિવસમાં કુલ ૩.૩૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા કલેક્ટર મહેલુ દવેના માર્ગદર્શનને પગલે મદદનીશ ભૂસ્તરશાી પ્રણવસિંહની સુચના હેઠળ ચાલતી રાઉન્ડ ધ ક્લોક ચેકિંગ દરમિયાન કલોલ તાલુકાના ખાત્રજ-કલોલ રોડ પરથી સાત વાહનો પકડાયા હતા.



# અમદાવાદમાં શરમજનક ઘટના: 2 મિત્રએ લગ્નની લાલચે યુવતીને પીંખી

## બદનામીના ડરથી પીંખાતી યુવતીએ હિંમત દાખવી પોલીસ ફરિયાદ કરી : ટીકી સ્ટોનનું કામ આપવા આવતા યુવકે દાદી સમક્ષ લગ્નની વાત કરી

અમદાવાદ : શહેરના દાણીલીમડા વિસ્તારમાં એક ૨૪ વર્ષીય યુવતી સાથે બે મિત્રોએ વારાફરતી દુષ્કર્મ આચર્યું હોવાની અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. એક આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી યુવતીને ફસાવી હતી, જ્યારે બીજા મિત્રે તેના અંગત ફોટોગ્રાફ્સ વાયરલ કરવાની ધમકી આપીને યુવતીનું શોષણ કર્યું હતું. બે યુવકો દ્વારા સતત થતા બ્લેકમેઈલિંગ અને માનસિક ત્રાસથી કંટાળીને અંતે યુવતીએ પોતાના પરિવારને સમગ્ર હકીકત જણાવતા, પરિવારે હિંમત આપીને દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને બંને આરોપીઓ વિરુદ્ધ સઘન તપાસ શરૂ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, દાણીલીમડા વિસ્તારમાં સંયુક્ત પરિવારમાં રહેતી અને કપડામાં ટીકી સ્ટોન લગાવવાનું કામ કરતી યુવતીને ત્યાં અનવર નામનો યુવક કામ અર્થે આવતો હતો. અનવર યુવતીના પરિવાર સાથે સારો પરિચય કેળવી ચૂક્યો હતો. અનવરે યુવતીની દાદી સમક્ષ તેના લગ્નની વાત મૂકી હતી, જેને પગલે દાદીએ ઘરમાં મુલાકાત ગોઠવવાનું નક્કી કર્યું હતું. અનવરે પોતાના પરિચિત દિલશાન અને એઝાજ (રહે. દાણીલીમડા)ને યુવતીના ઘરે મોકલ્યા હતા. શરૂઆતમાં એઝાજની માતાએ દિલશાન માટે યુવતીને પસંદ કરી હતી, પરંતુ કોઈ સામાજિક કારણોસર લગ્નની વાત આગળ ચાલી શકી નહોતી.



**લગ્નની લાલચ અને બળજબરી |** લગ્નની વાત અટક્યાના થોડા દિવસો બાદ, બકરી ઈદના ચાર-પાંચ દિવસ પછી, આરોપી એઝાજે યુવતીને ફોન કરીને લગ્ન કરવાની લાલચ આપી બહાર મળવા બોલાવી હતી. ભોળી યુવતી લાલચમાં આવીને તેને મળવા ગઈ હતી. એઝાજ તેને બાઈક પર બેસાડીને નારોલ ખાતેની એક હોટલમાં લઈ ગયો હતો, જ્યાં તેણે યુવતીની મરજી વિરુદ્ધ જઈને શરીરસંબંધ બાંધ્યો હતો. જ્યારે યુવતીએ આનાકાની કરી, ત્યારે એઝાજે તેને બદનામ કરી દેવાની ધમકી આપી હતી. બદનામીના ડરથી યુવતીએ આ બાબતની જાણ ઘરના કોઈ સભ્યને કરી નહોતી.

### પરિવારની હિંમતથી પોલીસ ફરિયાદ

બંને મિત્રોના સતત બ્લેકમેઈલિંગ અને શારીરિક શોષણથી કંટાળીને અને હતાશ થઈને અંતે યુવતીએ સમગ્ર હકીકત પોતાના પરિવારજનોને જણાવી.

પરિવારે યુવતીને માનસિક હિંમત આપી અને તેને ન્યાય અપાવવા માટે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં આરોપી એઝાજ અને આરજુ ઉર્ફે વસિમ વિરુદ્ધ દુષ્કર્મ અને બ્લેકમેઈલિંગની ફરિયાદ નોંધાવી છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ફોટોગ્રાફ્સ વાયરલ કરવાની ધમકી આપી

આ સમગ્ર મામલામાં ત્યારે વધુ એક વળાંક આવ્યો જ્યારે એઝાજ તેના મિત્ર આરજુ ઉર્ફે વસિમ સાથે યુવતીને મળવા બોલાવતો થયો. એક વખત એઝાજે યુવતી સાથે સંબંધ બાંધ્યો ત્યારે આરજુ પણ ત્યાં હાજર હતો.

થોડા દિવસ પછી આરજુએ યુવતીને ફોન કરીને મળવા બોલાવી. જ્યારે યુવતીએ ઈન્કાર કર્યો, ત્યારે આરજુએ તેને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું. તેણે ધમકી આપી કે જો તે નહીં મળે તો તે એઝાજ સાથેના તેના ફોટોગ્રાફ્સ વાયરલ કરી દેશે.

## ન્યુઝ બ્રિફ

### બોપલ પોલીસે બે સ્થળેથી દારૂ ઝડપ્યો:ઇકો ગાડી અને ભાડાની ઓરડીમાંથી બે આરોપી પકડાયા

ધંધુકા, અમદાવાદ | બોપલ પોલીસે દારૂબંધીના ભંગ બદલ બે અલગ-અલગ સ્થળોએથી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં કુલ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કુલ રૂ. 2,95,565/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રથમ ઘટના ઘુમા ગામમાં સ્કાય ટેલ ફ્લેટ પાછળ બની હતી. પોલીસે એક સફેદ ઇકો ગાડી (રજી.નં. GJ-15-BE-4941) માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની 70 બોટલો શોધી કાઢી હતી. આ દારૂની કિંમત રૂ. 58,315/- હતી. પોલીસે દારૂ ઉપરાંત રૂ. 5,000/- નો મોબાઈલ ફોન અને રૂ. 2,00,000/- ની ઇકો ગાડી સહિત કુલ રૂ. 2,63,315/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે ચંદુ લાખો ધનજી ખોખરીયા (રહે. સારોલી ગામ, ગવાર ફળા, તા. મેરવાડા, જી. ઉદયપુર, રાજસ્થાન) નામના ઈસમની ધરપકડ કરવામાં આવી છે. બીજી કાર્યવાહી ઘુમા ગામમાં પ્લેઝર ક્લબ પાસે આવેલ રોખાની ફાર્મની બાજુમાં એક ભાડાની ઓરડીમાં કરવામાં આવી હતી. ત્યાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની 48 બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. 22,250/- હતી. દારૂ સાથે રૂ. 10,000/- ની કિંમતનો એપલ આઈફોન 11 મોડેલનો મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

### ગાંધીનગર પોલીસનો ડોગ ભસ્યો ને અનિલને પરસેવો છૂટ્યો...

ગાંધીનગર | ગાંધીનગર પોલીસનો ડોગ ભસ્યો ને અનિલને પરસેવો છૂટ્યો હતો.આરોપીએ હત્યા કરીને 35 કલાક બાળકીની લાશને સંતાડી હતી, દુર્ગંધ આવતા કલ્પેશના ફળિયામાં મૃતદેહને ફેંકી ફસાવવાનો ખેલ કર્યો હતો. ગાંધીનગરના રાયપુર ગામમાં રામદેવપીર ફળિયુ સ્લમ વસાહતમાંથી ગુમ થયેલી બાળકીની નિર્મમ હત્યા પ્રકરણમાં ડભોડા પોલીસે અનિલની સત્તાવાર રીતે અટકાયત કરી લીધી હતી. પોલીસ તપાસમાં આ હત્યા મૃતકના પિતા સાથે અગાઉના ઝઘડાની અદાવતમાં કરવામાં આવી હોવાનું આરોપીએ ખુલાસો કર્યો હતો. આ અંગે ડભોડા પીઆઈ જી. કે . ભરવાડે જણાવ્યું કે, દીકરી ગત તા.12મી નવેમ્બરના સવારના આશરે દશેક વાગ્યાના સુમારે ક્યાંક જતી રહી હતી. બાળકી ગુમ થતાં તેના પિતાએ અપહરણ થયાની ફરિયાદ નોંધાવી હતી. આ બાળકીની હત્યા અનિલે કરી હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે. 30 વર્ષીય અનિલે બાળકીની હત્યા કર્યા પછી અંદાજિત 35 કલાક સુધી લાશને ઘરમાં સંતાડી રાખી હતી.

## ફરજ પર જઈ રહેલા મંજૂરહુસેન અને તનવીર શેખને કારે પાછળથી ટક્કર મારી

# એસજી હાઈવે પર ભયાનક હિટ એન્ડ રન, કારચાલકે બે હોમગાર્ડને ઉડાવ્યા

અમદાવાદ | અમદાવાદના સૌથી વ્યસ્ત ગણાતા એસજી હાઈવે (SG હાઈવે) પર ગત ૧૪ નવેમ્બરની મોડી રાત્રે વધુ એક ભયાનક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં એક બેફામ કારચાલકે ફરજ પર જઈ રહેલા બે હોમગાર્ડ જવાનને અડફેટે લીધા હતા. રાજપથ રંગોલી રોડ નજીક બનેલી આ ઘટનામાં બંને જવાન બાઈક સાથે રોડ પર પટકાયા હતા, જેમાં એક જવાનને ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માત સર્જીને કારચાલક ફરાર થઈ ગયો હતો. જોકે, સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે આ કારચાલક નશાની હાલતમાં હતો અને તેણે આ પહેલા પણ અન્ય ત્રણ લોકોને અડફેટે લીધા હતા.

આ અકસ્માતનો ભોગ બનેલા હોમગાર્ડ જવાનોની ઓળખ મંજૂરહુસેન અને તનવીર શેખ તરીકે થઈ છે, જેઓ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બંને જવાન પોતાની ફરજ પર જવા માટે બાઈક પર જઈ રહ્યા હતા.

રાજપથ રંગોલી રોડ પર જ્યારે તેઓ પસાર થઈ રહ્યા હતા, ત્યારે એસ.પી. રિંગ રોડ તરફથી પૂરઝડપે આવી રહેલી એક કારે પાછળથી તેમની બાઈકને ધડાકાભેર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકચાલક મંજૂરહુસેન અને પાછળ બેઠેલા તનવીર શેખ રોડ પર ફંગોળાઈ ગયા હતા અને બંનેને ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ રોડ પર બૂમાબૂમ થતાં નજીકના પોઈન્ટ પર હાજર અન્ય પોલીસકર્મીઓ અને સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત બંને હોમગાર્ડ જવાનોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલમાં તનવીર શેખને ગંભીર ઈજા પહોંચી છે અને તેમની સારવાર ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી છે, જ્યારે મંજૂરહુસેન પણ ઈજાગ્રસ્ત છે.



### નશામાં ડ્રાઈવિંગ અને પૂર્વવર્તી અકસ્માતોની શંકા

પોલીસ તપાસ દરમિયાન સ્થાનિક લોકોએ જે વિગતો આપી છે તે અત્યંત ગંભીર છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અકસ્માત કરનાર કારચાલક કદાચ નશાની હાલતમાં હતો. આ બેફામ કારચાલકે આ અકસ્માત સર્જતા પહેલા પણ રસ્તામાં અન્ય ત્રણ શ્રમિકોને અડફેટે લીધા હોવાની વાત સામે આવી રહી છે. જો આ ચર્ચા સાચી હોય, તો એક જ રાતમાં આ કારચાલકે કુલ પાંચ લોકોને ઈજા પહોંચાડી છે, જે તેની બેદરકારી અને કાયદાનું ઉલ્લંઘન સ્પષ્ટ દર્શાવે છે.

સરખેજ પોલીસે આ એસજી હાઈવે હિટ એન્ડ રનની ઘટના અંગે ગુનો નોંધીને તાત્કાલિક તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં મુખ્યત્વે એ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે કે અકસ્માત કરનાર કારચાલક ખરેખર નશાની હાલતમાં હતો કે કેમ અને શું તેણે ખરેખર અન્ય ત્રણ લોકોને અડફેટે લીધા હતા. પોલીસે ફરાર કારચાલકને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમો બનાવીને તેના ઠેકાણાં શોધવાની કવાયત હાથ ધરી છે, જેથી તેને કાયદાના સકંજામાં લાવી શકાય.

## ફેરા ફરવાના એક કલાક પહેલા દીવાલ સાથે માથું ભટકાડ્યું

# લગ્નના દિવસે જ વરરાજાએ દુલ્હનની લોખંડના પાઇપ મારી હત્યા કરી...




ભાવનગર | ભાવનગર શહેરમાં લગ્નના દિવસે જ યુવતીની કરપીણ હત્યા થઈ છે. શહેરના પ્રભુદાસ તળાવ વિસ્તારમાં ટેકરી ચોક નજીક આજે સવારે એક યુવતીની લોખંડના પાઈપ મારી હત્યા થતા પોલીસ કાફલો દોડી ગયો હતો. મરનાર યુવતીના આજે લગ્ન થવાના હતા અને તેના ભાવિ પતિએ જ તેની હત્યા કરી દીધી છે. સોનીબેન હિંમતભાઈ રાઠોડની હત્યા કરી આરોપી નાસી છૂટ્યો હતો.

આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ યુવતી તેના ભાવિ પતિ સાથે લિવ-ઇનમાં રહેતી હતી અને આજે તેના લગ્ન થવાના હતા. લગ્ન થાય તે પૂર્વે તેની હત્યા થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે સિટી ડીવાયએસપી આર.આર.સિંઘાલે જણાવ્યું હતું કે, ગંગાજળિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રભુદાસ તળાવ શેરી નંબર 10 પાસે આજે સવારે એક હત્યાનો બનાવ બન્યો છે. જેમાં મૃતક સોનીબેનના હત્યા કરનાર આરોપી સાજન સાથે આજે લગ્ન થવાના હતા. વહેલી સવારે આરોપી સાજન દુલ્હનના ઘરે આવ્યો હતો જ્યાં તેના સાથે બોલાચાલી થઈ હતી. જેમાં સાજન ઉશ્કેરાઇ ગયો હતો અને બંને વચ્ચે ઝઘડો થયો હતો.

### લોખંડના પાઇપ મારી દીવાલ સાથે માથું ભટકાડી હત્યા કરી

આ ઝઘડામાં આરોપીએ લોખંડના પાઈપથી સોનીબેનને માથાના ભાગે અને શરીરે ઈજા કરી હતી, સાથે જ દીવાલ સાથે માથું ભટકાડી સોનીબેનનું મૃત્યુ નીપજાવ્યું હતું. આ બનાવ અંગે પોલીસે મૃતદેહનો કબજો લઈ પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો છે.

### પાનેતર-પૈસાના મામલે બોલાચાલી થતા હત્યાનો બનાવ બન્યો

વધુમાં જણાવ્યું હતું કે સાજન અને મૃતક સોનીબેન છેલ્લા ઘણા સમયથી સાથે રહેતા હતા. આજે 15 તારીખે તેમના લગ્ન થવાના હતા અને ગઈકાલે મૃતકની પીઠીની વિધિ કરવામાં આવી હતી. આજે વહેલી સવારે કોઈપણ કારણોસર પાનેતર બાબતે તથા પૈસાની મામલે બોલાચાલી થઈ હતી અને હત્યાનો બનાવ બન્યો હતો. પોલીસે હાલમાં ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ કરી છે. આરોપી સાજન બારૈયાએ ઉશ્કેરાઈને ઘરની પાસે બાજુમાં પણ ઝઘડો કર્યો હતો. હાલ આરોપી સાજનને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ગાંધીનગરમાં પોલીસે રસ્તામાં પડેલું 8 લાખના દાગીના ભરેલું પર્સ હેમખેમ પરત કર્યું

ગાંધીનગર | પ્રમાણિકતા અને ઈમાનદારીની વાત આવે ત્યારે સમાજમાં પોલીસતંત્રની છબી પર અનેક સવાલો ઉઠતા હોય છે, પરંતુ ગાંધીનગરના એક પોલીસ પરિવારે કિંમતી વસ્તુઓની લાલચને ત્યજી દઈને ઈમાનદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પરિવારે રસ્તા પરથી મળી આવેલા આઠેક લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીનાથી ભરેલું એક પર્સ તુરંત તેના મૂળ માલિકને પરત કરીને ખરા અર્થમાં પોલીસ પરિવારની છબી ઉજળી કરી છે અને લોકોનો વિશ્વાસ સંપાદિત કર્યો છે. આ સમગ્ર ઘટના ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતા નેહાબેન મોદી સાથે બની હતી. નેહાબેન તાજેતરમાં ઓફિસથી પરત પોતાના ઘરે જઈ રહ્યા હતા, તે દરમિયાન આશરે આઠ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીના ભરેલું તેમનું કિંમતી પર્સ રસ્તામાં ક્યાંક પડી ગયું હતું. ઘરે પહોંચ્યા પછી તેમને પર્સ ખોવાઈ ગયાનો ખ્યાલ આવ્યો. શિયાળાની ઋતુ હોવાથી સાડા છ વાગ્યા સુધીમાં તો રસ્તા પર અંધારું ઘેરાઈ ગયું હતું, જેને કારણે પર્સ શોધવું તેમના માટે મુશ્કેલ અને પડકારજનક બની ગયું હતું. નેહાબેને ચિંતામાં ગરકાવ થઈને શહેરના રસ્તાઓ પર ખોવાયેલું પર્સ શોધવાના પ્રયાસો શરૂ કર્યા, પરંતુ લાખ પ્રયત્નો છતાં દાગીના ભરેલું પર્સ ક્યાંય મળી રહ્યું નહોતું. નેહાબેન લગભગ 'ખોવાયેલી આશા' સાથે હતા, ત્યારે જ તેમના મોબાઈલની રિંગ વાગી.

## બાઇક લઈ જઈને વધુ પૈસાની માગણી કરનાર સામે ફરિયાદ નોંધાઈ

# 3.57 લાખની સામે 10.96 લાખ વ્યાજ સહિત ચૂકવ્યા

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં વ્યાજખોરના આતંકની ફરિયાદ નોંધાઈ છે. મણીનગરમાં રહેતા પરિવારે પરિચિત વ્યક્તિ પાસેથી 3.57 લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જેની સામે 10.96 લાખ થઈ ચૂકવી દીધા છતાં વ્યાજખોર દ્વારા ઘરમાંથી બળજબરીથી બાઈક લઈ જઈને લેવામાં આવ્યું હતું. ધાકધમકી આપીને વધુ નાણાંની માગણી કરવામાં આવતી હતી. પરિવાર એટલા હદે કંટાળી ગયો હતો કે ઘરમાં હોય ત્યારે ઘરની બહાર લોક મારીને ઘરમાં રહેતા હતા.આ અંગે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. મળતી વિગત અનુસાર, મણિનગરમાં રહેતા પિનાકીન માસ્ટર સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. 10 વર્ષ અગાઉ તેમના પતિ ડેનિયલ માસ્ટરનો વ્યાજનો ધંધો કરતા કિશોર થદાની સાથે સંપર્ક થયો હતો. 10 વર્ષ પહેલાં તેમના પતિએ કિશોર પાસેથી 10,000 વ્યાજ લીધા હતા જે સમયસર ચૂકવી દીધા હતા.

ત્યારબાદ જેમ જેમ પૈસાની જરૂર પડતી તેમ ડેનિયલભાઈ કિશોર પાસેથી વ્યાજે પૈસા લેતા હતા. 3 નવેમ્બર 2022થી 5 સપ્ટેમ્બર 2024 સુધીમાં કિશોર પાસેથી તેમણે 3.57 લાખ રૂપિયા લીધા હતાં. જેમાં 10% વ્યાજ આપવાનું હતું.

## દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડક: રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ

# નલિયામાં ૧૪ ડિગ્રી સાથે રાજ્યભરમાં ઠંડીનો જોરદાર ચમકારો અનુભવાયો...

(એજન્સી) અમદાવાદ | તા. 15

સમગ્ર ગુજરાતમાં હવે શિયાળાના સત્તાવાર આગમનની પ્રતીતિ થઈ રહી છે. હવામાન વિભાગના ગઈકાલના આંકડાઓ અનુસાર, રાજ્યના મોટાભાગના શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જેના કારણે નલિયા ઠંડીનો ચમકારો શરૂ થયો છે. રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળતાં લોકોએ ગરમ વસ્ત્રો બહાર કાઢવાની ફરજ પડી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, રાજ્યમાં સૌથી ઓછું ન્યૂનતમ તાપમાન નલિયા ખાતે ૧૪.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જેના કારણે કચ્છના આ ભાગમાં જોરદાર ઠંડક અનુભવાઈ રહી છે. નલિયા બાદ તરત જ સૌરાષ્ટ્રનું મહત્ત્વનું શહેર રાજકોટ ૧૪.૫ ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ તાપમાન સાથે બીજા ક્રમે સૌથી ઠંડુ શહેર બન્યું હતું.

શરૂઆતથી જ ઠંડક માટે જાણીતા અમરેલીમાં ન્યૂનતમ તાપમાન ૧૫.૨ ડિગ્રી સેલ્સિયસ જ્યારે આશ્ચર્યજનક રીતે મધ્ય ગુજરાતના વડોદરામાં પણ ૧૫.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ સ્પષ્ટ સંકેત આપે છે કે માત્ર સૌરાષ્ટ્ર-કચ્છ જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યમાં ઠંડીનો પારો ગગડી રહ્યો છે.

હાલમાં રાજ્યના નાગરિકો ગુજરાતમાં બેવડી સીઝનનો અનુભવ કરી રહ્યા છે. મોટાભાગના જિલ્લાઓમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નીચું રહ્યું છે, જ્યારે ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચે રહેતાં ઠંડકનું પ્રમાણ વધ્યું છે. જોકે, દિવસના સમયે સુર્યના કિરણોની અસર હજી પણ રહેતી હોવાથી બપોરના સમયમાં ગરમીનો અનુભવ થાય છે, જ્યારે રાત્રિના અને વહેલી સવારના સમયે ગાત્રો થિજાવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.



### શિયાળુ પ્રભાવ અને તબીબી સલાહ

હવામાન વિભાગના અહેવાલ મુજબ, રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું રાત્રિનું તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાયું છે. આ વહેલો શિયાળુ પ્રભાવ આગામી દિવસોમાં વધુ મજબૂત બની શકે છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે બહાર નીકળતા લોકોએ ગરમ કપડાં પહેરવા અત્યંત જરૂરી છે. તબીબી નિષ્ણાતોના મતે, બેવડી સીઝનના કારણે વાયરલ ચેપ અને શરદી-ખાંસીના કેસમાં વધારો થવાની શક્યતા રહે છે. તેથી, બાળકો અને વૃદ્ધોની વિશેષ કાળજી લેવા અને ઠંડીથી બચવા માટે પૂરતા પગલાં લેવા અનિવાર્ય છે. આગામી દિવસોમાં ઠંડીનું જોર વધવાની પૂરી સંભાવના છે, જેના કારણે ગુજરાતના લોકોને હવે પૂરેપૂરી રીતે શિયાળા માટે તૈયાર રહેવું પડશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...